# ઈસ્લામના બીજા ખલીફા
## અમીરુલ મો'મિનીન
# હઝરત ઉમર
# ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ


:: સંપાદક ::

**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

*(ખલીફા તાજુશ્શરીઅહ, તંત્રી : બરકાતે ખ્વાજા માસિક)*



**પ્રકાશક**

**અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા**

GRWB/059/Bharuch/02 C/o. ફય્ઝાને રઝા મંઝિલ,
મુ.પો. **દયાદરા**, તા. જિ. : ભરૂચ,
પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૧૦૪૧૧,
૨૮૦૦૧૧, ૨૮૦૧૯૨, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧
Web. :www.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com

પ્રકાશન નં. : ૧૯૧ આવૃત્તિ–૧ પ્રત : ૪૫૦૦
૬–રજબુલ મુરજ્જબ હિ.સ. ૧૪૩૩ મે–૨૦૧૨

**નૂરાની આર્ટ–દયાદરા**
**મો. ૯૪૨૭૪૬૪૪૧૧**

**કિંમત રૂા. ૨૫/–**


## અનુક્રમણિકા


| | |
|---|---|
| ✻ પ્રકાશકના બે બોલ.......... | 03 |
| ✻ નામ તથા વંશવેલો | 07 |
| ✻ આપના ઈસ્લામ સ્વીકારનો બનાવ | 08 |
| ✻ ફારૂક઼નો લક઼બ | 12 |
| ✻ ઈસ્લામ સ્વીકારની જાહેરાત ! | 12 |
| ✻ હઝરત ઉમરની હિજરત | 15 |
| ✻ ફારૂકે આ'ઝમની ફઝીલત હદીષોની રોશનીમાં | 16 |
| ✻ આપની રાય જેમ કુર્આની આયતોનું ઉતરાણ ! | 20 |
| ✻ હઝરત ઉમરની ખિલાફત | 24 |
| ✻ શીઆ (રાફઝી)ઓનો વાંધો અને તેનો જવાબ | 27 |
| ✻ હઝરત ઉમર رضی اللہ عنہની કરામતો | 30 |
| ✻ હઝરત ઉમર અને બાદશાહ જબલાનો બનાવ | 35 |
| ✻ એક ગલતફહમીનું નિવારણ | 41 |
| ✻ ગવર્નરો સાથે થતી શરતો | 42 |
| ✻ અમલદારો પર કડકાઈ | 43 |
| ✻ પ્રજાની દેખરેખ તથા સેવા | 46 |
| ✻ રાતોમાં ફેરીઓ ફરી પ્રજાની હાલતનું નિરીક્ષણ | 51 |
| ✻ છે કોઈ પ્રજાની આવી ફિકરવાળો હાકિમ ? | 53 |
| ✻ બયતુલમાલથી વઝીફો | 56 |
| ✻ વસીલો બનાવવો સહાબાની સુન્નત છે | 57 |
| ✻ ઝોહદો કનાઅત (થોડામાં રાજી રહેવું) | 58 |
| ✻ તવાઝોઅ : આજિઝી–નમ્રતા | 60 |
| ✻ ન્યાય તથા સમાનતા | 63 |
| ✻ ખૌફે ખુદા | 65 |
| ✻ આપની અજોડ સાદગી તથા ઉદારતા | 66 |
| ✻ આપણને ઈજ્જત કેવળ ઈસ્લામ પર ચાલવાથી જ મળશે ! | 69 |
| ✻ વર્તમાન સત્તાધારીઓ કાંઈ બોધ લેશે ?! | 70 |
| ✻ પ્રજા સાથે હઝરત ઉમર رضی اللہ عنہનો વ્યવહાર | 77 |
| ✻ ગૈર મુસ્લિમો સાથે હઝરત ઉમર رضی اللہ عنہનો ન્યાય | 78 |
| ✻ આપની શહાદત | 81 |

# પ્રકાશકના બે બોલ...

## યાદગાર મનાવવાના સૌથી વિશેષ હક્કદાર કોણ ?

بِسْمِ اللّٰہِ الرَّحْمٰنِ الرَّحِیْمِ

نَحْمَدُہٗ وَنُصَلِّیْ وَنُسَلِّمُ عَلٰی رَسُوْلِہِ الْکَرِیْمِ

કાઈનાતમાં સૌથી શ્રેષ્ઠ કોણ ? આપણા નબી ! (صلی اللہ علیہ وسلم) જે સૈયદુલ બશર, સૈયદુલ અંબિયા, સૈયદે કાઈનાત છે. મહાન મહાન બુઝુર્ગોએ એ વાતને ટૂંકમાં આ રીતે વર્ણવી કે :–

**બઅદ અઝ ખુદા બુઝુર્ગ તૂઈ કિસ્સા મુખ્તસર** "ખુદા પછી સૌથી શ્રેષ્ઠ મર્તબો કોઈનો હોય તો તે આપણા નબી મુહમ્મદ મુસ્તફા صلی اللہ علیہ وسلمનો જ છે." સુબ્હાનલ્લાહ ! અને આ જ વાતને આ'લા હઝરત મુજદ્દિદે દીનો મિલ્લત ઈમામ અહમદ રઝા બરકાતી મુહદ્દિષે બરેલ્વી رضی اللہ عنہએ આપની પ્રશંસા કરતાં કરતાં છેવટે આ શબ્દોમાં વાત પૂર્ણ કરી કે :–

**લેકિન "રઝા"ને ખત્મ સુખ ઈસપે કર દિયા**
**ખાલિક઼ કા બંદા ખલ્ક઼ કા આક઼ા કહૂં તુઝે**

કાઈનાતમાં અંબિયાના મર્તબા સૌથી ઊંચા અને અંબિયામાં



આપણા નબી صلی اللہ علیہ وسلم શ્રેષ્ઠ મર્તબે છે. અને ઉમ્મતીઓમાં અંબિયા બાદ પૂરા જગતમાં સૌથી મહાન મર્તબો ખલીફાએ અવ્વલ હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہનો છે અને તેમના પછી ક્રમશઃ બીજા ખલીફા હઝરત ઉમર رضی اللہ عنہ ત્યારબાદ ત્રીજા ખલીફા હઝરત ઉષ્માન رضی اللہ عنہ અને ત્યારબાદ ચોથા ખલીફા હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریمનો મર્તબો છે. ત્યારબાદ ક્રમશઃ વિવિધ સહાબાના દરજા છે. જો કે એક સામાન્ય સહાબીનો જ મર્તબો એટલો મહાન છે કે તેમના મર્તબે ન કોઈ ગ઼ૌષ, કુ઼તુબ બલ્કે ગ઼ૌષે આ'ઝમ رضی اللہ عنہના મર્તબાથી પણ સહાબીનો મર્તબો અતિ ઉચ્ચ છે.

નોંધનીય વાત એ છે કે આપણે જેના મુરીદ હોઈએ તે પીર સાહબનો ઉર્સ ઉપરાંત વિવિધ દિવસો તેમને લગતા ધામધૂમથી મનાવીએ છીએ, અન્ય બુઝુર્ગોની યાદમાં જલસા, જુલૂસ, ન્યાઝ કરીએ છીએ અને બેશક ! એ જાઈઝ તથા સારી વાત છે જ ! પણ રસૂલે પાક صلی اللہ علیہ وسلمના અતિ ચહીતા સહાબીઓમાં ખાસ કરીને હઝરત અબૂબક્ર સિદ્દીક઼, હઝરત ઉમર ફારૂક઼, હઝરત ઉષ્માનગની તથા હઝરત અલી رضوان اللہ تعالیٰ علیہم اجمعین વગેરેની યાદ જે રીતે મનાવવી જોઈએ એ આપણે મનાવતા નથી, બલ્કે તેમના વિસાલનો દિવસ ક્યારે આવ્યો ને ગયો એની મોટાભાગે લોકોને ખબર જ નથી ! ન એ જાણવાની કોઈ દરકાર કરે છે. હા ! ઘણા ઠેકાણે યાદ મનાવનારા મનાવે જરૂર છે પણ જેવી તેમની શાન છે તેવી યાદ સામૂહિક રીતે મનાવાતી જોવામાં નથી આવતી !

જેથી હે સુન્નીઓ ! આ બાબતે થોડાક ગંભીર બનો અને આ ખુલફાએ રાશિદીન رضوان اللہ تعالیٰ علیہم اجمعینની યાદમાં પણ જલસા કરો, ન્યાઝ કરો જેથી લોકો તેમના વિશે મા'લૂમાત પણ મેળવે અને દીને હક્ક઼ પર મજબૂતીથી પણ રહી શકે. આજે યંગ સ્ટર્સ વચ્ચે જઈને પ્રશ્ન કરો કે ખલીફા એટલે શું ? આપણા ચાર ખલીફા

કોણ કોણ ? હઝરત અબૂબક્ર કોણ હતા ? એ જ રીતે ઈમામે આ'ઝમ કોણ હતા ? તેમનું નામ શું ? ચાર ઈમામો કોણ કોણ થયા ? ચાર મઝહબોનાં નામો શું ? તે ચાર શાથી થયા ? તમે કોણ છો ? હનફી ? શાફઈ ? અને શાથી તમે હનફી કે શાફઈ કે માલિકી કે હંબલી છો ?! વગેરે પૂછો તો લગભગ જવાબ ખામોશીમાં મળશે. તો આ અફસોસની વાત નથી ? જેથી ખુલફાએ રાશિદીનની યાદ તથા ચારેવ ઈમામો ઈમામ અબૂ હનીફા, ઈમામ અહમદ ઈબ્ને હંબલ, ઈમામ શાફઈ, ઈમામ માલિક رضوان اللہ تعالیٰ علیہم اجمعین ની ઓળખ માટે જરૂરી છે કે તેમના વિસાલના દિવસોએ તથા અવાર નવાર તેમની યાદ મનાવવામાં આવે, તેમની ખૂબીઓ વર્ણવવામાં આવે, ઈસ્લામ માટે તેમની કુર્બાનીઓને વર્ણવવામાં આવે.

એ જ રીતે તેઓની યાદમાં કિતાબો પણ અવાર નવાર પ્રકાશિત કરવામાં આવે જેથી સામાન્ય મુસલમાનો ઉપરાંત આવનાર પેઢી આપણા બુઝુર્ગોથી જોડાયેલી રહે અને વર્તમાન ગુમરાહીના દૌરમાં ગલત માર્ગે વહી ન જાય.

આ જ કારણે **અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા** થકી સૌ પ્રથમ, પ્રથમ ખલીફા : હઝરત અબૂબક્ર સિદ્દીક़ رضی اللہ عنہ નામની કિતાબ સંક્ષિપ્ત માહિતીવાળી પ્રસિદ્ધ થઈ ચૂકી છે. આ સાથે બીજા ખલીફા : હઝરત ફારૂકે़ આ'ઝમ رضی اللہ عنہ નામથી કિતાબ આપના મુબારક હાથોમાં રાખીએ છીએ અને પછી ત્રીજા ખલીફા : હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ તરત જ છપાશે, ત્યાર બાદ ચોથા ખલીફા : હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم છપાશે. ઈન્શાઅલ્લાહુ તઆલા !

તો પ્યારા સુન્ની ભાઈઓ ! બહેનો ! ઉપરોક્ત લખાણને ફરી ફરી વાંચી તેના પર મનન કરીને તેને અમલમાં મૂકશો એવી વિનંતિ છે તેમજ આ નેક કાર્યમાં આર્થિક સહકાર પણ જરૂરથી



કરશો કરાવશો કે જેના વિના કામ કરવામાં ઢીલ થતી હોય છે. તો જરૂરથી **આપણી આ સંસ્થાને તમારા પોતાના તથા મર્હૂમોના ઈસાલે સવાબ અર્થે ભરપુર મદદ કરશો. ઉપરાંત આપની લિલ્લાહ, ઝકાત, સદક़ા, ન્યાઝ વગેરેની રકમોથી પણ સહાય કરશો કરાવશો.** રબ્બે કરીમ સહકાર કરનારાઓ સૌને બેહતરીન જઝા બંને જહાનમાં આપે.

**آمین بجاہ النبی الکریم علیہ افضل الصلوٰۃ و التسلیم**

**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

*(ખલીફા તાજુશ્શરીઅહ, તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*

*તારીખ : ૧૮/૫/૨૦૧૨, વાર : જુમ્આ, ૨૬–જમાદિઉલ આખર આખર, હિ.સ. ૧૪૩૩*

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

نَحۡمَدُهٗ وَ نُصَلِّی عَلٰی رَسُوۡلِهِ الۡکَرِیۡمِ

اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡكَ یَارَسُوۡلَ اللّٰهِ   اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡكَ یَا نَبِیَّ اللّٰهِ

اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡكَ یَاحَبِیۡبَ اللّٰهِ   اَلصَّلٰوۃُ وَ السَّلَامُ عَلَیۡكَ یَا نُوۡرَ اللّٰهِ

صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیۡكَ وَسَلَّمَ

ઈસ્લામ શું છે ? અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَની મહોબ્બત શું છે ? મુસલમાન કેવો હોવો જોઈએ ? વગેરેને સમજવા માટે આવો ! નબીએ કરીમ صلی اللہ علیہ وسلمના ટ્રેઈન્ડ મહાન સહાબીઓમાંથી અમીરુલ મો'મિનીન હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہના જીવન ચરિત્રનો અભ્યાસ કરીએ.

## ★ નામ તથા વંશવેલો ★

આપનુ નામ ઉમર છે. (رضی اللہ عنہ) કુન્નિયત અબૂ હફસ અને લક઼બ ફારૂકે આ'ઝમ છે. આપના પિતાનું નામ ખત્તાબ તથા માનુ નામ ''અન્તમહ'' છે જે હિશામ બિન મુગીરાના પુત્રી એટલે અબૂ જહલનાં બહેન છે. આઠમી પેઢીએ આપનો વંશવેલો સરકારે દોજહાં صلی اللہ علیہ وسلمના ખાનદાની વંશવેલાથી જઈને મળે છે. આપ ફીલના (હાથીના) બનાવના તેર વરસો પછી પેદા થયા. નબુવ્વતના છટ્ઠા વરસે ૨૭ વરસની ઉમરમાં ઈસ્લામથી પાવન થયા. આપે એ વખતે ઈસ્લામ સ્વીકાર્યો જ્યારે કે ૪૦ પુરૂષો તથા ૧૧ સ્ત્રીઓ ઈમાન લાવી ચૂકી હતી. અને અમુક ઉલમાનો ખયાલ છે કે આપે ૩૯ પુરૂષો તથા ૨૩ સ્ત્રીના પછી ઈસ્લામ ક઼બૂલ કર્યો. *(તારીખુલ ખુલફા)*



તિર્મિઝી શરીફની હદીષ છે કે સરકારે અક઼દસ صلی اللہ علیہ وسلم દુઆ ફર્માવતા હતા : ''યા ઈલાહલ આલમીન ! ઉમર બિન ખત્તાબ અને અબૂ જહલ બિન હિશામમાંથી જે તમે પ્યારો હોય એના થકી તું ઈસ્લામને ઈજ્જત અર્પણ કર.'' અને હાકિમની રિવાયતમાં હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી છે કે હુઝૂરે આ પ્રમાણે દુઆ ફર્માવી : ''હે અલ્લાહ ! ખાસ કરીને ઉમર ઈબ્ને ખત્તાબને મુસલમાન બનાવીને ઈસ્લામને ઈજ્જત તથા શક્તિ અતા ફર્માવ.'' તો અલ્લાહના મહબૂબ علیہ الصلوٰۃ والسلامની દુઆ બારગાહે ઈલાહીમાં મક઼બૂલ થઈ ગઈ અને હઝરત ઉમર رضی اللہ عنہ ઈસ્લામથી મુશર્રફ થયા.

## ★ આપના ઈસ્લામ સ્વીકારનો બનાવ ★

દિવસે દિવસે મુસલમાનોની સંખ્યા વધતી જોઈને એક દિવસે મક્કાના કાફિરો ભેગા થયા અને સૌએ એવું નક્કી કર્યું કે મુહમ્મદ صلی اللہ علیہ وسلمને ક઼ત્લ કરી દેવામાં આવે. મઆઝલ્લાહિ રબ્બિલ આલમીન ! પણ પ્રશ્ન ઉભો થયો કે કોણ ક઼ત્લ કરે ? મજમામાં એલાન થયું કે છે કોઈ બહાદુર જે મુહમ્મદ (صلی اللہ علیہ وسلم)ને ક઼ત્લ કરે ?! આ એલાન પર આખો મજમો તો ખામોશ રહ્યો પણ હઝરત ઉમરે કહ્યું કે હું એમને ક઼ત્લ કરીશ ! લોકોએ કહ્યું કે, બેશક ! તમે જ એમને ક઼ત્લ કરી શકો છો. પછી હઝરત ઉમર ઉઠયા અને તલ્વાર લટકાવીને ચાલી નીકળ્યા. એ ખયાલમાં જઈ રહ્યા હતા એવામાં એક સાહબ ક઼બીલા ઝહરાના જેમનું નામ હઝરત નુઐમ બિન અબ્દુલ્લાહ હતું તે મળ્યા અને પૂછયું, હે ઉમર ! ક્યાં જઈ રહ્યા છો ? કહ્યું, મુહમ્મદ (صلی اللہ علیہ وسلم)ને ક઼ત્લ કરવા જઈ રહ્યો છું ! હઝરત નુઐમે કહ્યું કે, આ ક઼ત્લ પછી તમો બની હાશિમ તથા બની ઝહરાથી કઈ રીતે બચી શક્શો ?! તેઓ તમને એના બદલામાં ક઼ત્લ કરી નાખશે. આ વાતને સાંભળીને ગુસ્સે થઈ ગયા અને

કહેવા લાગ્યા, લાગે છે કે તેં પણ પોતાના બાપદાદાનો દીન છોડી આપ્યો છે ! તો લાવ હું પહેલાં તને જ પતાવી દઉં ! આમ કહીને તલ્વાર ખેંચી લીધી. અને હઝરત નુઐમે પણ એવું કહ્યું કે, હા ! હું મુસલમાન થઈ ગયો છું ! અને પોતાની તલવાર સંભાળી લીધી. બંને બાજુથી તલ્વાર ચાલવાની જ હતી એવામાં હઝરત નુઐમ رضی اللہ عنہએ કહ્યું કે તું પહેલાં તારા ઘરની ખબર લે ! તારી બહેન ફાતિમા બિન્તે ખત્તાબ અને બનેવી સઈદ બિન ઝયદ બંનેવ પોતાના બાપદાદાનો દીન છોડીને મુસલમાન થઈ ચૂક્યાં છે. આ સાંભળીને હઝરત ઉમર رضی اللہ عنہને અત્યંત ગુસ્સો આવ્યો અને ત્યાંથી પલટીને સીધા પોતાની બહેનના ઘરે ગયા ત્યાં હઝરત અબ્બાસ رضی اللہ عنہ દરવાજો બંધ કરીને એ બંનેવ પતિ પત્નીને કુર્આન મજીદ પઢાવી રહ્યા હતા. હઝરત ઉમર رضی اللہ عنہએ દરવાજો ખોલવા કહ્યું. તેમનો અવાજ સાંભળીને હઝરત ખબ્બાબ رضی اللہ عنہ ઘરના એક હિસ્સામાં છુપાઈ ગયા. બહેને દરવાજો ખોલ્યો તો આપ ઘરમાં પ્રવેશ્યા અને પૂછયું, તમે લોકો શું કરી રહ્યાં હતાં ?! અને એ અવાજ કોનો હતો ? આપના બનેવીએ વાત ટાળી દીધી અને કોઈ સ્પષ્ટ જવાબ ન આપ્યો. કહેવા લાગ્યા, મને ખબર મળી છે કે તમે લોકો આપણા બાપદાદાનો ધર્મ છોડીને બીજો ધર્મ અપનાવી ચૂક્યા છો ! બનેવીએ કહ્યું, હા ! બાપદાદાનો ધર્મ બાતિલ છે અને નવો ધર્મ હક્ક઼ છે ! આટલુ સાંભળતાં જ એકદમ તૂટી પડયા અને તેમની દાઢી પકડીને ખેંચી અને જમીન પર ફેંકીને ખૂબ માર્યા. તેમનાં બહેન છોડાવવા દોડયાં તો એમના મોઢા પર એક મુક્કો એટલા જોરથી માર્યો કે તેણી લોહી લુહાણ થઈ ગયાં. છેવટે એ પણ હઝરત ઉમરનાં જ બહેન હતાં ! કહેવા લાગ્યાં કે ઉમર ! અમને એ કારણે મારી રહ્યા છો કે અમે મુસલમાન થઈ ગયા છીએ ! કાન ખોલીને સાંભળી લો કે તમે મારી મારીને અમારા લોહીનું એક એક ટીપુ કાઢી લો એ શક્ય છે પણ અમારા દિલથી



ઈમાન કાઢી લો એ હરગિઝ શક્ય નથી. અને આપનાં બહેને કહ્યું, હું ગવાહી આપુ છું કે અલ્લાહના સિવાય કોઈ મઅબૂદ નથી અને મુહમ્મદ صلی اللہ علیہ وسلم અલ્લાહના બંદા અને તેના રસૂલ છે. બેશક ! અમે લોકો મુસલમાન થઈ ગયાં છીએ ! તમારાથી જે થઈ શકે તે કરી લો ! બહેનના જવાબ અને તેમને લોહીલુહાણ જોઈને હઝરત ઉમર رضی اللہ عنہનો ગુસ્સો ઠંડો પડી ગયો. આપે ફર્માવ્યું કે સારું ! મને તે કિતાબ આપો જે તમે લોકો પઢી રહ્યાં હતાં જેથી હું પણ તેને પઢું. આપના બહેને કહ્યું કે તમે નાપાક છો અને આ પવિત્ર કિતાબને પાક લોકો જ હાથ લગાડી શકે છે. હઝરત ઉમરે ખૂબ જ આગ્રહ કર્યો પણ તે ગુસ્લ કર્યા વિના આપવા તૈયાર ન થયાં. છેવટે હઝરત ઉમરે ગુસ્લ કર્યું અને કિતાબ લઈને પઢી. એમાં સૂરએ તાહા લખેલી હતી અને પઢવાનું શરૂ કર્યું. જ્યારે આયતે કરીમા : **اِنَّنِیْٓ اَنَا اللّٰهُ لَآ اِلٰهَ اِلَّآ اَنَا فَاعْبُدْنِیْ وَاَقِمِ الصَّلٰوةَ لِذِكْرِیْ** ''બેશક ! હું અલ્લાહ છું, મારા સિવાય કોઈ મઅબૂદ નથી, જેથી મારી ઈબાદત કરો અને મારી યાદના માટે નમાઝ ક઼ાયમ કરો !'' *(પારા : ૧૬, રૂકુઅ : ૧૦)* તો હઝરત ઉમર કહેવા લાગ્યા કે મને મુહમ્મદ صلی اللہ علیہ وسلمની ખિદમતમાં લઈ ચાલો ! જે વખતે હઝરત ખબ્બાબ رضی اللہ عنہએ આ વાત સાંભળી તો આપ બહાર નીકળ્યા અને કહ્યું કે હે ઉમર ! હું તમને ખુશખબરી આપુ છું, કાલે જુમેરાતની રાતમાં સરકારે અક઼દસ صلی اللہ علیہ وسلمએ દુઆ માંગી હતી કે યા ઈલાહુલ આલમીન ! ઉમર કે અબૂ જહલમાંથી જે તને મહબૂબ હોય એના થકી ઈસ્લામને શક્તિવાન બનાવ. તો લાગે છે કે રસૂલુલ્લાહ علیہ الصلوٰۃ والسلامની દુઆ તમારા હક્ક઼માં ક઼બૂલ થઈ ગઈ.

રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ વખતે સફા પહાડી પાસે હઝરત અરક઼મ رضی اللہ عنہના મકાનમાં હાજર હતા. હઝરત ખબ્બાબ رضی اللہ عنہ આપને સાથે લઈને રસૂલે ખુદા صلی اللہ علیہ وسلمની ખિદમતમાં હાજર થવાના

ઈરાદાથી ચાલ્યા. હઝરત અરકમ رضی اللہ عنہના દરવાજા પર હઝરત હમ્ઝા, હઝરત તલ્હા તથા કેટલાક અન્ય સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰهِ تَعَالٰی عَلَيْهِمْ اَجْمَعِيْن હિફાઝત તથા નિગરાનીના માટે બેઠેલા હતા. હઝરત હમ્ઝા رضی اللہ عنہએ આપને જોઈને ફર્માવ્યું કે ઉમર આવી રહ્યા છે ! જો અલ્લાહ તઆલાને તેમની ભલાઈ મંજૂર છે તો એ મારા હાથથી બચી જશે, અને જો એમની નિય્યત કાંઈ બીજી છે તો એ વખતે એમને કત્લ કરવું ખૂબ જ આસાન છે. એ દરમ્યાન આકાએ દો આલમ ﷺ પર આ હાલતના બારામાં વહી નાઝિલ થઈ ચૂકી હતી. સરકારે અકદસ ﷺએ મકાનથી બહાર તશરીફ લાવીને હઝરત ઉમર رضی اللہ عنہનો દામન અને તેમની તલ્વાર પકડી લીધી અને ફર્માવ્યું, હે ઉમર ! આ ફસાદ (ઝઘડો) તમો એ સમય સુધી કર્યા કરશો જ્યાં સુધી કે તમારા પર બેઈજ્જતી તથા રુસ્વાઈ છવાઈ ન જાય ! આ સાંભળતાં જ હઝરત ઉમર رضی اللہ عنہએ કહ્યું, اَشْهَدُ اَنْ لَّا اِلٰهَ اِلَّا اللّٰهُ وَاَنَّكَ عَبْدُ اللّٰهِ وَرَسُوْلُهٗ "હું ગવાહી આપુ છું કે અલ્લાહના સિવાય કોઈ મઅબૂદ નથી અને હું ગવાહી આપું છું કે આપ અલ્લાહના બંદા અને તેના રસૂલ છો." *(તારીખુલ ખુલફા વગેરે)*

આ રીતે અલ્લાહના મહબૂબ પ્યારા મુસ્તફા ﷺની દુઆ હઝરત ઉમર رضی اللہ عنہના હક્કમાં મકબૂલ થઈ. આ'લા હઝરત رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

**ઈજાબત કા સેહરા ઈનાયત કા જોળા**
**દુલ્હન બન કે નિકલી દુઆએ મુહમ્મદ ﷺ**

અને ફર્માવ્યું :–

**ઈજાબતને ઝુક કર ગલેસે લગાયા**
**બળ્હી નાઝસે જબ દુઆએ મુહમ્મદ ﷺ**



આ બનાવ પરથી જાણવા મળ્યું કે ઈસ્લામ તલ્વારના જોરથી નથી ફેલાયો. જુઓ ! ઈસ્લામ કબૂલ કરવાવાળાના હાથમાં તલ્વાર છે અને ઈસ્લામ ફેલાવનારના હાથ તલ્વારથી ખાલી છે.

## ★ ફારૂકનો લકબ ★

હઝરત ઉમર رضی اللہ عنہ ફર્માવે છે કે જ્યારે હું કલ્મએ શહાદત પઢીને મુસલમાન થઈ ગયો તો મારા ઈસ્લામ સ્વીકારની ખુશીમાં એ વખતે જેટલા મુસલમાન હઝરત અરકમ رضی اللہ عنہના ઘરમાં મૌજૂદ હતા તે સૌએ એટલા જોરથી નઅરએ તકબીર મોટા અવાજે પોકાર્યો કે એને મક્કાના સર્વ લોકોએ સાંભળ્યો. મેં રસૂલુલ્લાહ ﷺને અર્ઝ કરી કે યા રસૂલલ્લાહ ! શું આપણે હક્ક પર નથી ? હુઝૂરે ફર્માવ્યું, કેમ નહીં ? એટલે બેશક ! આપણે હક્ક પર છીએ. એના પર મેં અર્ઝ કરી, તો પછી આ છુપાવું અને પર્દો શા માટે ? ત્યારબાદ અમે સર્વ મુસલમાનો બે સફ બનાવીને એ ઘરેથી નીકળ્યા. એક સફમાં હઝરત હમ્ઝા رضی اللہ عنہ હતા અને બીજી સફમાં હું હતો અને આ રીતે અમે સૌ સફની હાલતમાં મસ્જિદે હરામમાં પ્રવેશ્યા. કુરૈશના કાફિરોએ મને તથા હમ્ઝા رضی اللہ عنہને જ્યારે મુસલમાનોના ગિરોહની સાથે જોયા તો એમને અનહદ દુઃખ થયું. એ દિવસે સરકારે અકદસ ﷺએ હઝરત ઉમર رضی اللہ عنہને ફારૂકનો લકબ અતા કર્યો, એટલા માટે કે ઈસ્લામ જાહેર થઈ ગયો અને હક્ક તથા બાતિલના વચ્ચે ફરક ઉઘાડો થઈ ગયો. *(તારીખુલ ખુલફા–૭૮)*

## ★ ઈસ્લામ સ્વીકારની જાહેરાત ! ★

હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ જણાવે છે કે જ્યારે હું મુસલમાન થઈ ગયો તો ત્યારબાદ મારા મામા અબૂજહલ બિન હિશામની પાસે પહોંચ્યો. અબૂ જહલ કુરૈશ ખાનદાનમાં ઘણો જ

પ્રભાવશાળી ગણવામાં આવતો હતો અને એને પણ કુરૈશ રઈસની હેસિયત મળેલી હતી. મેં એના દરવાજાની સાંકળ ખખડાવી. તેણે અંદરથી પૂછયું, કોણ છે ? મેં કહ્યું, હું ઉમર છું અને તમારો દીન છોડીને હું મુસલમાન થઈ ગયો છું ! તેણે કહ્યું, ઉમર ! એવું કદી ન કરશો ! પણ મારી બીકથી બહાર ન નીકળ્યો, બલ્કે અંદરથી દરવાજો બંધ કરી લીધો. મેં કહ્યું, આ શો તરીકો છે ?! પણ તેણે કોઈ જવાબ ન આપ્યો અને ન દરવાજો ખોલ્યો. હું એ જ પ્રમાણે મોડે સુધી બહાર ઉભો રહ્યો. પછી ત્યાંથી કુરૈશના એક અન્ય સરદાર અને પ્રભાવશાળી શખ્સની પાસે પહોંચ્યો. મેં એને બૂમ પાડી તો તે બહાર નીકળ્યો જેથી જે વાત મેં મારા માસા અબૂ જહલને કહી હતી કે હું મુસલમાન થઈ ગયો છું તે જ વાત એને પણ કહી. તો તેણે કહ્યું કે એવું ન કરો ! પછી મારા ડરથી ઘરમાં દાખલ થઈને દરવાજો બંધ કરી લીધો. મેં મારા દિલમાં કહ્યું, આ શો મામલો છે કે મુસલમાન માર્યા જાય છે અને હું નથી માર્યો જતો ! કોઈ મારી સાથે કાંઈ ટકરાવ નથી કરતું ! મારી આ વાત સાંભળીને એક શખ્સે કહ્યું કે તમે તમારો ઈસ્લામ તથા તમારો દીન આ રીતે જાહેર કરવા ચાહો છો ?! મેં કહ્યું, હા ! હું આ રીતે જાહેર કરીશ. તેમણે કહ્યું, ત્યાં જુઓ પથ્થરની પાસે કેટલાક લોકો બેઠેલા છે એમનામાં ફલાણો માણસ એવો છે કે એને તમે કાંઈક રાઝની વાત કહેશો તો તે તરત જ એલાન કરી આપશે, તો એને તમારા ઈસ્લામ સ્વીકારનો બનાવ વર્ણવી આપો જેથી દરેક જગાએ ખબર થઈ જશે, આ રીતે એક એક માણસના ઘરે જવાની જરૂરત નથી. હું ત્યાં પહોંચ્યો અને એમના સમક્ષ મારા ઈસ્લામ સ્વીકારની વાત રજૂ કરી આપી. તેણે કહ્યું, શું ખરેખર તમે મુસલમાન થઈ ગયા છો ?! મેં કહ્યું, હા ! બેશક ! હું મુસલમાન થઈ ચૂક્યો છું. આ સાંભળતાં જ તેણે મોટા અવાજે એલાન કર્યું કે, હે લોકો ! ઉમર ઈબ્ને ખત્તાબ આપણા દીનથી નીકળી ગયો !



આ સાંભળીને આસપાસ જે મુશ્રિકો બેઠા હતા તે મારા પર તૂટી પડયા પછી મોડે સુધી મારપીટ થતી રહી. શોરબકોરનો અવાજ મારા મામા અબૂજહલે સાંભળ્યો તો તેણે પૂછયું, શો મામલો છે ?! લોકોએ કહ્યું કે ઉમર મુસલમાન થઈ ગયા છે તેની ધમાલ છે ! મારા મામા અબૂજહલ એક પથ્થર પર ચઢયો અને લોકોને અવાજ આપ્યો કે મેં મારા ભાણ્યાને પનાહ આપી ! આ સાંભળતાં જ જે લોકો મારી સાથે ઉલઝી રહ્યા હતા તે અલગ થઈ ગયા. પણ આ વાત મને ખૂબ જ નાપસંદ પડી કે અન્ય મુસ્લિમોની મારપીટ થાય અને મને શરણ મળે ! હું અબૂ જહલની પાસે ફરી પહોંચ્યો અને કહ્યું, "તારી પનાહ ! હું તને પરત કરું છું, મારે તારી પનાહની જરૂરત નથી ! પછી કેટલાક દિવસો સુધી મારપીટનો ક્રમ ચાલુ રહ્યો, ત્યાં સુધી કે અલ્લાહે ઈસ્લામને પ્રભુત્વ આપ્યું." *(તારીખે ખુલફા–૭૭)*

હઝરત ઈબ્ને મસઊદ رضی اللہ عنہએ રિવાયત કરી છે, તે ફર્માવે છે કે હઝરત ઉમર رضی اللہ عنہનું મુસલમાન થવું ઈસ્લામની જીત હતી. તેમની હિજરત અલ્લાહની મદદ હતી અને તેમની ખિલાફત રહમતે ખુદાવંદી હતી. અમારામાંથી કોઈની એ હિંમત તથા તાકત ન હતી કે અમે બયતુલ્લાહ શરીફ પાસે નમાઝ પઢી શકીએ, પણ જયારે હઝરત ઉમર رضی اللہ عنہ મુસલમાન થઈ ગયા તો તેમણે મુશ્રિકો સાથે એ રીતે લડાઈ તથા જંગ કર્યો કે આજિઝ આવીને તેઓએ મુસલમાનોનો પીછો છોડી આપ્યો જેથી અમે બયતુલ્લાહ પાસે સંતોષપૂર્વક જાહેરમાં નમાઝ પઢવા લાગ્યા.

અને હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત છે કે જેણે સૌ પ્રથમ પોતાનો ઈસ્લામ અલલ એલાન જાહેર કર્યો તે હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ છે.

અને હઝરત સુહૈબ رضی اللہ عنہથી રિવાયત છે કે તેમણે ફર્માવ્યું કે

જ્યારે હઝરત ઉમર رضی اللہ عنہ ઈમાન લાવ્યા તો ઈસ્લામ જાહેર થયો એટલે કે એથી પહેલાં લોકો પોતાના ઈસ્લામ સ્વીકારને જાહેર કરતા ન હતા. તેમના ઈમાન લાવ્યા બાદ લોકોને ઈસ્લામની તરફ ખુલ્લમ ખુલ્લા બોલાવવામાં આવવા લાગ્યા અને અમે બયતુલ્લાહ શરીફની પાસે મજલિસો સ્થાપવા, તેનો એલાનિયા તવાફ કરવા, કાફિરોથી બદલો લેવા અને તેમનો જવાબ આપવાને કાબિલ થઈ ગયા. *(તારીખુલ ખુલફા–૭૯)*

## ★ હઝરત ઉમરની હિજરત ★

હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہની હિજરત પણ અજોડ છે. હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ફર્માવે છે કે હઝરત ઉમર رضی اللہ عنہના સિવાય અમે કોઈ એવા શખ્સને નથી જાણતા જેણે એલાનિયા હિજરત કરી હોય. જ્યારે હઝરત ઉમર رضی اللہ عنہ હિજરતની નિય્યતથી નીકળ્યા તો આપે પોતાની તલ્વાર ગળામાં લટકાવી અને કમાન ખભા પર રાખી, અને કમંડળ તીર કાઢીને હાથમાં લઈ લીધાં પછી બયતુલ્લાહ શરીફની પાસે હાજર થયા. ત્યાં ઘણા બધા કુરૈશના શરીફો બેઠેલા હતા. આપે ઈત્મિનાનથી કા'બા શરીફનો તવાફ કર્યો. પછી ઘણા જ ઈત્મિનાનપૂર્વક મકામે ઈબ્રાહીમ પાસે બે રકાત નમાઝ પઢી. પછી કુરૈશના શરીફોની જમાઅત પાસે આવીને એક એક શખ્સને અલગ અલગ ફર્માવ્યું, "તમારા લોકોના ચહેરા બદસૂરત થઈ જાય ! બેડોળ થઈ જાય ! અને તમારો નાશ થઈ જાય !" ત્યારબાદ ફર્માવ્યું, "જે શખ્સ કે પોતાની માને બેઔલાદ, પોતાનાં બાળકોને યતીમ અને પોતાની પત્નીને વિધવા બનાવવાનો ઈરાદો ધરાવતો હોય તે આ મેદાનની આ બાજુ આવીને મારો સામનો કરે !" આપના એ ચેલેંજ છતાં તે કુરૈશના શરીફોમાંથી કોઈ માયના લાલની હિંમત ન થઈ કે તે આપનો પીછો કરે. *(તારીખુલ ખુલફા–૭૯)*



હઝરત બરાઅ رضی اللہ عنہ ફર્માવે છે કે અમારી પાસે મદીના તયબહમાં સૌ પ્રથમ હિજરત કરીને હઝરત મુસ્અબ બિન ઉમૈર رضی اللہ عنہ આવ્યા. પછી હઝરત ઈબ્ને ઉમ્મે મક્તૂમ અને ત્યારબાદ હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ વીસ સવારોની સાથે તશરીફ લાવ્યા. અમે તેમને પૂછયું કે રસૂલુલ્લાહ ﷺનો ઈરાદો શો છે ? તેમણે ફર્માવ્યું કે તેઓ પાછળ તશરીફ લાવશે. તો આપના પછી સરકારે અક્દસ ﷺ મદીના તયબહ તશરીફ લાવ્યા. હુઝૂર ﷺની સાથે હઝરત અબૂબક્ર رضی اللہ عنہ પણ હતા. *(ઉપર મુજબ)*

ઈમામ નવવી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ નબી કરીમ ﷺની સાથે તમામ ગઝવાતમાં શરીક રહ્યા અને આપ તે બહાદુર છે કે ગઝવએ ઓહદમાં જ્યારે કે જંગનો નક્શો બદલાઈ ગયો અને મુસલમાનોમાં ભાગદોડ મચી ગઈ તો એ હાલતમાં પણ આપ અડગ રહ્યા. *(તારીખે ખુલફા)*

## ★ ફારૂકે આ'ઝમની ફઝીલત હદીષોની રોશનીમાં ★

હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہની ફઝીલતમાં ઘણી બધી હદીષો આવેલી છે. તિર્મિઝી શરીફની હદીષ છે. સરકારે અક્દસ علیہ الصلوٰۃ والسلامએ ઈર્શાદ ફર્માવ્યો : "જો મારા બાદ નબી હોત તો ઉમર હોત." *(મિશ્કાત શરીફ, પેજ : ૫૫૮)* સુબ્હાનલ્લાહ ! આ છે મર્તબો હઝરત ઉમર رضی اللہ عنہનો કે જો નબી અકરમ ખાતમુન્નબીય્યિન ﷺ ન હોત અને નબુવ્વતનો ક્રમ હજી ચાલુ રહેત તો આપ નબી હોત.

અને હઝરત આઈશા رضی اللہ عنہاથી રિવાયત છે કે રસૂલેખુદા ﷺએ ફર્માવ્યું, "હું વિના શંકાએ નિગાહે નબુવ્વતથી જોઈ રહ્યો છું કે જિનના શૈતાન પણ અને ઈન્સાનના શૈતાન પણ બંનેવ મારા ઉમરના ડરથી ભાગે છે." *(મિશ્કાત શરીફ, પેજ : ૫૫૮)*

અને મદારિજુન્નબુવ્વત (૨/૪૨૬)માં છે કે હુઝૂર علیہ الصلوٰۃ والسلامએ

ફર્માવ્યું કે, "ઉમર મારાથી છે અને હું ઉમરથી છું. અને ઉમર જે જગાએ પણ હોય છે હક્ક઼ તેમની સાથે હોય છે." (رضی اللہ عنہ)

અને હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہથી બુખારી તથા મુસ્લિમમાં રિવાયત છે કે રસૂલે અકરમ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે હું સૂઈ રહ્યો હતો એવામાં ખ્વાબ જોયો કે લોકો મારી સમક્ષ રજૂ કરવામાં આવી રહ્યા છે અને મને દેખાડવામાં આવી રહ્યા છે. તે સૌ કુર્તો પેહરેલા હતા જેમાંથી કેટલાક લોકોના કુર્તા એવા હતા જે કેવળ છાતી સુધી હતા. અને અમુક લોકોના કુર્તા એનાથી નીચે હતા. પછી ઉમર ઈબ્ને ખત્તાબને પેશ કરવામાં આવ્યા જે એટલો લાંબો કુર્તો પહેરેલ હતા કે જમીન પર ઘસેડતા ચાલતા હતા. લોકોએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! આ ખ્વાબની તાબીર શું છે ? હુઝૂર علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું કે દીન. *(મિશ્કાત શરીફ, પેજ : ૫૭૫)*

આ હદીષ શરીફમાં એ વાતનું સ્પષ્ટ બયાન છે કે હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ દીનદારી તથા તક઼વાધારી હોવામાં ખૂબ જ પહોંચેલા હતા.

અને તિર્મિઝી શરીફમાં હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہماથી રિવાયત છે કે રસૂલેખુદા صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, અલ્લાહ તઆલાએ ઉમરની જીભ તથા દિલ પર હક્ક઼ને લાગુ કરી આપેલ છે. (મિશ્કાત શરીફ, પેજ : ૫૫૭) મતલબ એ છે કે હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ હમેશાં હક્ક઼ જ બોલે છે, બાતિલ તેમના દિલ તથા જીભ પર કદી આવી નથી શકતું.

અને તિબ્રાની અવસતમાં હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہથી રિવાયત છે કે નબી કરીમ علیہ الصلوٰۃ والسلامએ ઈર્શાદ ફર્માવ્યો, "જે શખ્સે ઉમરથી દુશ્મની રાખી તેણે મારી સાથે દુશ્મની રાખી અને જેણે ઉમરથી મહોબ્બત રાખી તેણે મારાથી મહોબ્બત રાખી. અને



ખુદા તઆલાએ અરફાવાળાઓ પર સામાન્યતઃ અને ઉમર પર વિશેષતઃ ફખ્ર કરેલ છે. (رضی اللہ عنہ) અને જેટલા અંબિયાએ કિરામ علیہم السلام દુનિયામાં મોકલવામાં આવ્યા તે દરેક નબીની ઉમ્મતમાં એક "મુહદ્દષ" જરૂર થયો છે અને જો કોઈ મુહદ્દષ મારી ઉમ્મતમાં છે તો તે ઉમર છે. સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعینએ અર્ઝ કરી કે યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم મુહદ્દષ કેવો હોય છે ? હુઝૂરે ફર્માવ્યું કે જેની ઝબાનથી ફરિશ્તાઓ વાત કરે તે મુહદ્દષ હોય છે. *(તારીખુલ ખુલફા–૮૧)*

**સબક** : અહીં પ્રો. તાહિરુલ ક઼ાદરી (પાક.)ના આંધળા અનુયાયીઓ બોધ ગ્રહણ કરે કે નબી علیہ الصلوٰۃ والسلام ખૂદ હઝરત ઉમરના દુશ્મનને પોતાનો દુશ્મન દર્શાવે છે. જ્યારે પ્રો. તાહિરુલ ક઼ાદરી શીઆ પેશવા ઈરાનના આંજહાની ખૌમૈનીની પ્રશંસા કરે છે અને તેને હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریمના જેમ જીવનાર અને હઝરત હુસૈન જેમ મરનાર કહે છે ! તથા શીઆ સુન્ની ભાઈ ભાઈનો નારો આપી રહેલ છે કે જે શીઆઓ હઝરત અબૂબક્ર તથા ઉમરને ગાળો આપનાર તથા તેમના દુશ્મન છે. (મઆઝલ્લાહ !)

હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہ ફર્માવે છે કે હઝરત અબૂબક્ર رضی اللہ عنہની પાસે દુનિયા નથી આવી ન તેમણે એની ખ્વાહિશ કે તમન્ના કરી, પણ હઝરત ઉમર رضی اللہ عنہ પાસે દુનિયા ખૂબ આવી પણ તેમણે તેને ન સ્વીકારી બલ્કે ઠુકરાવી. *(તારીખુલ ખુલફા–૮૨)*

બેશક ! હઝરત ઉમર પાસે દુનિયા આવી અને આપના ખિલાફતકાળમાં ઘણા દેશો જીતાયા અને અગણિત શહેરો પર કબજો થયો જ્યાંથી પુષ્કળ ગનીમતનો માલ હાંસલ થયો પણ આપ ફક઼ીરાના જિંદગી જ ગુજારતા રહ્યા. આપના જ ખિલાફતકાળમાં મદાઈન શહેર ફતહ થયું અને ત્યાંથી એટલો બધો માલે ગનીમત હાંસલ

થયો કે એનાથી પહેલાં કોઈ શહેરના વિજય પર નથી મળ્યો. મદાઈન શહેરના માલે ગનીમતનો અંદાજો એના પરથી લગાડો કે એ લશ્કરને ફતહ કરનારા લશ્કરના સિપાહી સાઈઠ હજાર હતા અને બયતુલ માલનો પાંચમો ભાગ કાઢયા પછી દરેક સિપાહીને બાર હજાર દિરહમ રોકડા મળ્યા હતા. અને આ માલ કિસ્રા બાદશાહના તે ફર્શ (ફલોરિંગ)ના સિવાયનો હતો જે સોના ચાંદી તથા જવાહેરાતથી બનેલ હતી, જેને ખાસ દરબારોમાં કિસ્રાના બાદશાહના માટે બિછાવવામાં આવતુ હતું. આ ફર્શ પણ લશ્કરની ઈજાઝતથી હઝરત ઉમર رضی اللہ عنہની ખિદમતમાં મોકલી દેવામાં આવ્યું. એ ફર્શની કિંમતનો અંદાઝો એના પરથી લગાડવામાં આવી શકે છે કે એના એક ચોરસ વેંત ટુકડાની કિંમત હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریمને વીસ હજાર રકમ મળી હતી. તો આ રીતે હઝરત ઉમર رضی اللہ عنہની પાસે દુનિયા આવી હતી પણ આપ હમેશાં તેને ઠુકરાવતા રહ્યા.

હઝરત હસન رضی اللہ عنہ ફર્માવે છે કે હઝર ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہએ હઝરત હુઝૈફા رضی اللہ عنہને લખ્યું કે લોકોને તેમના પગારો અને તેની સાથે તોહફારૂપે માલ પણ વહેંચી આપો. તેમણે આપને લખ્યું કે મેં એવું જ કર્યું છે છતાં પણ હજી માલ ઘણો મૌજૂદ છે ! હઝરત ઉમર رضی اللہ عنہએ તેમને લખ્યું કે સઘળો માલ "માલે ગનીમત" છે જે ખુદા તઆલાએ મુસલમાનોને આપ્યો છે, જેથી તે સઘળો માલ તેમના પર વહેંચી કાઢો ! એ માલ ઉમર કે એની ઔલાદનો નથી. (رضوان اللہ تعالیٰ علیہم اجمعین) *(તારીખુલ ખુલફા–૯૮)*

**સબક** : વર્તમાન ભ્રષ્ટાચારી પ્રધાનો તથા લાંચીયા ગવર્નમેન્ટ અધિકારીઓ જેમનાં કરોડો અબજોની ઉચાપતનાં કૌભાંડો રોજ વર્તમાન પત્રોમાં જાહેર થતાં રહે છે તેઓ પ્રજાનો સત્તાધારી તથા સેવક કેવો હોવો જોઈએ તે ઈસ્લામના ખલીફાઓનાં જીવન ચરિત્રો



પરથી શીખે કે તેમને જાઈઝ માલ મળતો હતો છતાં તેને ઠુકરાવતા હતા જ્યારે તમો હરામ માલ તથા લાંચ લઈને લોકોનું લોહી ચૂંસો છો ! ઢાંકણીમાં પાણી લઈને ડૂબી મરો ! હજારોના પગારો ઉપરાંત મફત આધુનિક સગવડો છતાં હરામ ખાવાની ટેવ તમારી જતી નથી ! અફસોસ ! સાંભળો ! ઈસ્લામ મઝહબ કેવો પાકીઝા તથા પવિત્ર છે તે આ હસ્તીઓના જીવનચરિત્રો પરથી સમજો.

## ★ આપની રાય જેમ કુર્આની આયતોનું ઉતરાણ ! ★

હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہની એક ઘણી જ મહાન ફઝીલત એ છે કે કુર્આન મજીદ આપની રાયના પ્રમાણે નાઝિલ થાય છે. હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ફર્માવે છે કે કુર્આને કરીમમાં હઝરત ઉમર رضی اللہ عنہની રાયો મૌજૂદ છે અને હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہماથી રિવાયત છે કે જો કોઈ મામલામાં લોકોની રાય અલગ હોતી અને હઝરત ઉમરની અલગ હોતી તો કુર્આન મજીદ હઝરત ઉમર رضی اللہ عنہની રાય પ્રમાણે નાઝિલ થતુ હતું. અને હઝરત મુજાહિદથી મરવી છે કે હઝરત ઉમર رضی اللہ عنہ કોઈ મામલામાં જે કાંઈ મશ્વરો આપતા હતા તો કુર્આન શરીફની આયતો એના પ્રમાણે નાઝિલ થતી હતી. *(તારીખુલ ખુલફા–૮૩)*

હઝરત ઉમર رضی اللہ عنہ ફર્માવે છે કે એમના રબે એમનાથી ૨૧ વાતોમાં મળતાપણુ કર્યું. એમાંથી કેટલીક વાતો અત્રે રજૂ કરવામાં આવે છે :–

હઝરત ઉમર رضی اللہ عنہ ફર્માવે છે કે મેં રસૂલે પાક صلی اللہ علیہ وسلمથી અર્ઝ કરી કે હુઝૂર ! આપની ખિદમતમાં દરેક પ્રકારના લોકો આવે છે અને હુઝૂરની ખિદમતમાં અઝવાજે મુતહ્હરાત (પાક બીવીઓ) પણ હોય છે, તો બેહતર એ છે કે આપ તેણીઓને પર્દો કરવાનો હુકમ ફર્માવો. હઝરત ઉમર رضی اللہ عنہ ફર્માવે છે કે મારી આ અર્ઝના પછી ઉમ્મહતુલ મો'મિનીનના માટે પર્દાના બારામાં આયતે કરીમા

નાઝિલ થઈ : وَ اِذَا سَاَلْتُمُوْهُنَّ مَتَاعًا فَسْـَٔلُوْهُنَّ مِنْ وَّرَآءِ حِجَابٍ "અને જ્યારે તમો ઉમ્મહાતુલ મો'મિનાતથી ઉપયોગની કોઈ ચીજ માગો તો પર્દાની બહારથી માગો." *(પારા : ૨૨, રૂકુઅ : ૪, તારીખુલ ખુલફા)*

શામ મુલ્કમાં એક કાફલા સાથે અબૂ સુફયાનના આવવાની ખબર સાંભળીને રસૂલે અકરમ ﷺ પોતાના અસ્હાબ તથા તેના મુકાબલાના માટે રવાના થયા. મક્કા મોઅઝ્ઝમાથી અબૂ જહલ કુરૈશના કાફિરોનું એક જબરદસ્ત લશ્કર લઈને કાફલાની મદદના માટે રવાના થયો. અબૂ સુફયાન તો રસ્તેથી હટીને પોતાના કાફલાની સાથે સમુદ્રના કિનારાની તરફ ચાલી નીકળ્યા જેથી અબૂ જહલથી તેના સાથીઓએ કહ્યું કે કાફલો તો બચીને નીકળી ગયો હવે મક્કા મોઅઝ્ઝમા પરત થઈ જઈએ, પણ તેણે ઈન્કાર કરી આપ્યો અને હુઝૂરે અકરમ ﷺ સાથે જંગ કરવાના ઈરાદાથી તે બદરની તરફ ચાલી નીકળ્યો. હુઝૂર ﷺએ સહાબાની સાથે જંગ કરવા સંબંધે મશ્વરો કર્યો તો અમુક લોકોએ કહ્યું કે અમે એ તૈયારીથી ચાલ્યા ન હતા, ન આપણી સંખ્યા અધિક છે, ન આપણી પાસે પૂરતો શસ્ત્ર સરંજામ છે. પણ તે વખતે હઝરત ઉમર رضی اللہ عنہએ બદરની તરફ નીકળીને કાફિરોથી મુકાબલો કરવાનો જ મશ્વરો આપ્યો. તો આયતે કરીમા નાઝિલ થઈ : كَمَآ اَخْرَجَكَ رَبُّكَ مِنْۢ بَيْتِكَ بِالْحَقِّ ۪ وَاِنَّ فَرِيْقًا مِّنَ الْمُؤْمِنِيْنَ لَكٰرِهُوْنَ "હે મહબૂબ ! તમને તમારા રબે તમારા ઘરેથી હક્કની સાથે (બદરની તરફ) કૂચ કરાવી અને બેશક ! મુસલમાનોનો એક ગિરોહ એના પર નાખુશ હતો." *(તારીખુલ ખુલફા)*

હઝરત અબ્દુર્રહમાન બિન અબૂ યઅલા બયાન કરે છે કે એક યહૂદી હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہને મળ્યો અને આપને કહેવા લાગ્યો કે જિબ્રઈલ ફરિશ્તો જેનો ઉલ્લેખ તમારા નબી علیہ الصلوٰۃ والسلام



કરે છે તે અમારો સખત દુશ્મન છે. એના જવાબમાં હઝરત ઉમર رضی اللہ عنہએ ફર્માવ્યું, **"જે કોઈ દુશ્મન હોય અલ્લાહ અને તેના ફરિશ્તાઓ અને તેના રસૂલો અને જિબ્રઈલ તથા મીકાઈલનો, તો અલ્લાહ દુશ્મન છે કાફિરોનો."** જે શબ્દોની સાથે હઝરત ઉમર رضی اللہ عنہએ યહૂદીને જવાબ આપ્યો તદ્દન એ જ શબ્દોની સાથે કુર્આન મજીદની આ આયત નાઝિલ થઈ : *(પારા : ૧, રૂકૂઅ : ૧૨, તારીખુલ ખુલફા–૮૪)* આયતે મુબારકાના અંતિમ વાક્ય فَاِنَّ اللّٰهَ عَدُوٌّ لِّلْكٰفِرِيْنَથી માલૂમ પડયું કે અંબિયા તથા મલાઈકાની અદાવત કુફ્ર છે અને અલ્લાહના મહબૂબોથી દુશ્મની કરવી એ ખુદા તઆલાથી દુશ્મની કરવું છે.

આગલી શરીઅતોમાં રોઝો ઈફતાર કર્યા બાદ ખાવુ પીવુ તથા સંભોગ કરવો ઈશાની નમાઝ સુધી જાઈઝ હતો. ઈશાની નમાઝ બાદ આ સર્વ ચીજો રાતમાં પણ હરામ થઈ જતી હતી. આ હુકમ હુઝૂર علیہ الصلوٰۃ والسلامના જમાના સુધી બાકી રહ્યો ત્યાં સુધી કે રમઝાન શરીફની રાતમાં ઈશાની નમાઝ બાદ હઝરત ઉમર رضی اللہ عنہથી સંભોગ થઈ ગયો જેના પર ઘણા શર્મિંદા થયા. હુઝૂર ﷺની બારગાહમાં હાજર થયા અને પ્રસંગ વર્ણવ્યો તો એના પર આયતે મુબારકા નાઝિલ થઈ : اُحِلَّ لَكُمْ لَيْلَةَ الصِّيَامِ الرَّفَثُ اِلٰى نِسَآئِكُمْ આ આયતે કરીમાનો મતલબ એ છે કે રોઝાની રાતોમાં પોતાની પત્નીઓ પાસે જવું (એટલે સંભોગ કરવો) તમારા માટે હલાલ થઈ ગયું." *(પારા : ૭, આયત : ૭)*

બિશર નામનો એક મુનાફિક હતો તેનો એક યહૂદી સાથે ઝઘડો થઈ ગયો. યહૂદીએ કહ્યું, ચાલો સૈયદે આલમ ﷺ સાથે ફૈસલો કરાવી લઈએ. મુનાફિકે વિચાર્યું કે હુઝૂર علیہ الصلوٰۃ والسلام તો હક્ક ફૈસલો કરશે અને કદી કોઈની તરફદારી કે ફેવર કરશે નહીં જેનાથી પોતાનો મકસદ હલ થશે નહીં, એટલા માટે તેણે ઈમાનનો

દાવેદાર હોવા છતાં કહ્યું કે આપણે કઅબ બિન અશરફ યહૂદીને પંચ બનાવીએ. યહૂદી સારી પેઠે જાણતો હતો કે કઅબ લાંચીયો છે અને જે લાંચખોર હોય છે તેની પાસે સહીહ ફેંસલાની આશા રાખવી ગલત છે. એટલા માટે કઅબ તે યહૂદીનો હમમઝહબ હોવા છતાં તેણે તેને પંચ તરીકે સ્વીકારવાથી ઈન્કાર કરી આપ્યો. જેથી મુનાફિકે ફેંસલા માટે અનાયાસે નબી કરીમ ﷺની પાસે જવું પડયું. હુઝૂરે જે હક્ક ફેંસલો કર્યો તે સંજોગોવસાત યહૂદીના ફેવરમાં અને મુનાફિક઼ના વિરુદ્ધ થયો. મુનાફિક઼ હુઝૂર ﷺનો ફેંસલો સાંભળ્યા બાદ યહૂદીને મજબૂર કરીને હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہની પાસે લાવ્યો. યહૂદીએ આપને અર્ઝ કરી કે મારો તે આના મામલાનો ફેંસલો હુઝૂરે અક઼દસ ﷺ કરી ચૂક્યા છે પરંતુ આ હુઝૂરના ફેંસલાને માનતો નથી, અને આપના થકી ફેંસલો ચાહે છે ! આપે ફર્માવ્યું, થોભો ! હું હમણા આવીને ફેંસલો કરી આપુ છું ! આવું કહીને મકાનમાં તશરીફ લઈ ગયા અને તલ્વાર લાવીને એ મુનાફિક઼ ઈમાનના દાવેદારની ગરદન ઉડાડી મૂકી. અને ફર્માવ્યું, ''જે અલ્લાહ અને તેના રસૂલના ફેંસલાને ન માને એના વિશે મારો આ જ ફેંસલો છે.'' તો આ બનાવના બયાન માટે આ આયત નાઝિલ થઈ :–

**اَلَمْ تَرَ اِلَی الَّذِیْنَ یَزْعُمُوْنَ اَنَّهُمْ اٰمَنُوْا بِمَاۤ اُنْزِلَ اِلَیْكَ وَمَاۤ اُنْزِلَ مِنْ قَبْلِكَ ـــــــــــ وَیُرِیْدُ الشَّیْطٰنُ اَنْ یُّضِلَّهُمْ ضَلٰلًا بَعِیْدًا۔**

''શું તમે એમને ન જોયા જેમનો દાવો છે કે તેઓ ઈમાન લાવ્યા એના પર જે તમારી તરફ ઉતર્યું અને એના પર જે તમારા અગાઉ ઉતર્યું. પછી ચાહે છે કે પોતાનો શયખ શૈતાનને બનાવે. અને એમને તો હુકમ એ હતો કે તેને હરગિઝ ન માને અને ઈબ્લીસ એ ચાહે છે કે તેમને દૂર બહેકાવી આપે.'' *(તફસીરે જલાલૈન તથા સાવી)*

પછી કોઈએ સૈયદે આલમ ﷺને ખબર આપી કે હઝરત



ઉમરે તે મુસલમાનને ક઼ત્લ કરી નાખ્યો જે હુઝૂર علیہ الصلوٰۃ والسلامના દરબારમાં ફેંસલા માટે હાજર થયો હતો. આપે ફર્માવ્યું કે મને ઉમરથી એવી ઉમ્મીદ નથી કે તે કોઈ મો'મિનને ક઼ત્લ કરવા હાથ ઉઠાવવાની હિંમત કરી શકે. તો અલ્લાહ તબારક વ તઆલાએ નીચે મુજબની આયત નાઝિલ કરી :–

**فَلَا وَرَبِّكَ لَا یُؤْمِنُوْنَ حَتّٰی یُحَكِّمُوْكَ فِیْمَا شَجَرَ بَیْنَهُمْ ثُمَّ لَا یَجِدُوْا فِیْۤ اَنْفُسِهِمْ حَرَجًا مِّمَّا قَضَیْتَ وَیُسَلِّمُوْا تَسْلِیْمًا**

''તો હે મહબૂબ ! તમાર રબની ક઼સમ ! તે લોકો મુસલમાન થશે નહીં જ્યાં સુધી પોતાના આપસના ઝઘડાઓમાં તમને હાકિમ ન માની લે. પછી જે કાંઈ તમે હુકમ ફર્માવી આપો પોતાના દિલોમાં તેને રુકાવટ ન પામે અને અને દિલથી માની લે.'' *(પારા : ૫, રુકૂઅ : ૬, તારીખુલ ખુલફા–૮૪)*

આ બનાવોથી ખુદાવંદે કુદુસની બારગાહમાં હઝરત ઉમર ફારૂક઼ رضی اللہ عنہની ઈજ્જત તથા મહાનતાની ભાળ મળે છે કે એમની વાતોના પ્રમાણે અલ્લાહની વહી તથા કુર્આન મજીદની આયતો નાઝિલ થતી હતી. અધિક વિગત જાણવા માટે ''તારીખુલ ખુલફા'' વગેરેનો અભ્યાસ કરો.

## ★ હઝરત ઉમરની ખિલાફત ★

પ્યારા સુન્ની ભાઈઓ ! બહેનો ! હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہની ખિલાફતનો બનાવ અલ્લામા વાક઼ેદીની રિવાયતના પ્રમાણે આ મુજબ છે કે જ્યારે હઝરત અબૂબક્ર સિદીક઼ رضی اللہ عنہની તબિઅત કમજોરીના સબબ ખૂબ જ ખરાબ થઈ ગઈ. તો આપે હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ رضی اللہ عنہને બોલાવ્યા જે અશરાએ મુબશ્શિરામાંથી છે અને તેમને ફર્માવ્યું કે ઉમરના બારામાં તમારી શું રાય છે ? તેમણે કહ્યું કે મારા ખયાલમાં તો એનાથી પણ વધીને

છે જેટલો આપ એમના બારામાં ખયાલ રાખો છો. પછી આપે હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہને બોલાવીને તેમને પણ હઝરત ઉમર رضی اللہ عنہના બારામાં પૂછયું, તેમણે પણ એવું જ કહ્યું કે મારાથી વધુ આપ એમના બારામાં જાણો છો. હઝરત અબૂબક્ર رضی اللہ عنہએ ફર્માવ્યું કે, કાંઈક તો જણાવો ! હઝરત ઉષ્માનગની رضی اللہ عنہએ કહ્યું કે એમનુ અંતર એમના જાહેર કરતા સારું છે અને અમારા લોકોમાં એમના સમાન કોઈ નથી. પછી આપે સઈદ બિન ઝયદ, ઉસૈદ બિન હુઝૈર તથા અન્ય અન્સાર તથા મુહાજિરોથી પણ મશવરો લીધો અને તેમના મંતવ્યો લીધાં. હઝરત ઉસૈદ رضی اللہ عنہએ કહ્યું, ખુદા તઆલા સારી રીતે જાણે છે કે આપના પછી હઝરત ઉમર (رضی اللہ عنہ) સૌથી અફઝલ છે, તે અલ્લાહની રઝા પર રાજી રહે છે અને અલ્લાહ જેનાથી નાખુશ થાય છે તેનાથી એ પણ નાખુશ થાય છે. તેમનું બાતિન (અંતર) તેમના જાહેર કરતાં પણ સારું છે. અને ખિલાફત કાર્ય માટે તેમનાથી વિશેષ મજબૂત તથા શક્તિવાન શખ્સ કોઈ જોવા નથી મળતો. પછી કેટલાક અન્ય સહાબાએ કિરામ આવ્યા એમાંથી એક શખ્સે હઝરત અબૂબક્ર સિદ્દીક્ رضی اللہ عنہને કહ્યું, હઝરત ઉમર رضی اللہ عنہના સ્વભાવની કડકાઈથી આપ વાકેફ છો તેમ છતાં આપ તેમને ખલીફા નિયુક્ત કરશો તો ખુદાને ત્યાં આપ જવાબદાર ઠરશો ! આપે ફર્માવ્યું, ખુદાની ક્સમ ! તમે મને ભયભીત કરી નાખ્યો, પણ બારગાહે ખુદાવંદીમાં અર્ઝ કરીશ કે યા ઈલાહલ આલમીન ! મેં તારા બંદાઓમાંથી બેહતરીન શખ્સને ખલીફા બનાવ્યો છે. અને હે વાંધો ઉઠાવનાર ! આ જે કાંઈ મેં કહ્યું છે તેને અન્ય લોકો સુધી પણ પહોંચાડી આપજો.

ત્યારબાદ હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہને બોલાવીને ફર્માવ્યું, લખો ! بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ આ વસિયતનામુ છે જે અબૂબક્ર



ઈબ્ને ક્હાફાએ પોતાના આખરી જમાનામાં દુનિયાથી વિદાય થતી વખતે અને આખેરતના સમયની શરૂઆતમાં આલમે બાલામાં દાખલ થતી વખતે લખ્યું છે. આ તે સમય છે જયારે કે એક કાફિર પણ ઈમાન લઈ આવે છે, એક ફાસિક્ તથા ફાજિર પણ યક્ીનની રોશની હાંસલ કરી લે છે અને એક જૂઠો પણ સાચુ બોલે છે. મુસલમાનો ! મારા બાદ મેં તમારા ઉપર ઉમર ઈબ્ને ખત્તાબને ખલીફા નિયુક્ત કર્યા છે. એમના હુકમોને સાંભળજો અને તેમની ઈતાઅત તથા આજ્ઞાપાલન કરજો. મેં શક્ય ત્યાં સુધી ખુદા વ રસૂલ, દીન તથા મારા નફ્સના બારામાં કોઈ ઉણપ તથા ગલતી નથી કરી અને જ્યાં સુધી થઈ શક્યું તમારી સાથે ભલાઈ કરી છે. મને યક્ીન છે કે તે (એટલે હઝરત ઉમર رضی اللہ عنہ) અદ્લો ઈન્સાફથી કામ લેશે. જો એમણે એવું કર્યું તો મારા ખયાલ પ્રમાણે થશે અને જો તેમણે અદ્લો ઈન્સાફને છોડી આપ્યો અને બદલાય ગયા તો દરેક શખ્સ પોતાના કરેલાનો જવાબદાર થશે. અને હે મુસલમાનો ! મેં તમારા માટે નેકી તથા ભલાઈનો જ ઈરાદો કર્યો છે. وَسَيَعۡلَمُ الَّذِيۡنَ ظَلَمُوۡۤا اَیَّ مُنۡقَلَبٍ يَّنۡقَلِبُوۡنَ ''અને જાલિમ નજીકમાં જ જાણશે કે તેઓ કયા પાસા પર પલ્ટો ખાશે.'' *(પારા : ૧૯, રુકૂઅ : ૧૫)* વસ્સલામુ અલૈકુમ વ રહ્મતુલ્લાહિ વબરકાતુહ.

પછી આપે એ વસિયતનામાને મોહર મારવાનો હુકમ કર્યો. જયારે મોહર થઈ ગઈ તો આપે એને હઝરત ઉષ્માનગની رضی اللہ عنہના હવાલે કરી આપ્યું જેને લઈને તે ગયા અને લોકોએ રાજીખુશીથી હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہના દસ્તે હક્ક્ પરસ્ત પર બયઅત કરી. ત્યારબાદ આપે હઝરત ઉમર رضی اللہ عنہને એકાંતમાં બોલાવીને કેટલીક વસીયતો કરી અને જયારે ચાલ્યા ગયા તો હઝરત અબૂબક્ર સિદ્દીક્ رضی اللہ عنہએ બારગાહે ઈલાહીમાં દુઆના માટે હાથ ઉઠાવ્યા અને અર્ઝ કરી, યા ઈલાહલ

આલમીન ! આ જે કાંઈ મેં કર્યું છે એનાથી મારી નિય્યત મુસલમાનો ભલાઈની છે. તું એ વાતથી સારી રીતે વાકેફ છે કે મેં ફિત્ના ફસાદને રોકવા માટે આ કામ કર્યું છે. મેં એના બારામાં મારી રાયના ઈજતેહાદથી કામ લીધું છે. મુસલમાનોમાં જે સૌથી બેહતર છે તેને મેં વાલી બનાવ્યો છે અને તે એઓમાં સૌથી મજબૂત તથા નેકીઓનો લાલચુ છે.

અને યા ઈલાહલ આલમીન ! હું તારા હુકમથી તારી બારગાહમાં હાજર થઈ રહ્યો છું, ખુદાવંદા ! તું જ તારા બંદાઓનો માલિક તથા મુખ્તાર છે અને તેમની લગામ તારા જ દસ્તે કુદરતમાં છે. યા ઈલાહલ આલમીન ! એ લોકોમાં દુરુસ્તગી તથા લાયકાત પેદા કરજે અને ઉમર (رضی اللہ عنہ)ને ખુલફાએ રાશિદીનમાંથી કરજે અને તેમની સાથે તેમની પ્રજાને સારી જિંદગી પસાર કરવાની તૌફીક઼ અતા ફર્માવજે.

## ★ શીઆ (રાફઝી)ઓનો વાંધો અને તેનો જવાબ ★

રાફઝી–શીઆ લોકો કહે છે કે (હઝરત) અબૂબક્રએ જે પોતાની જિંદગીમાં ખલીફા નિયુક્ત કર્યા તે હુઝૂર صلی اللہ علیہ وسلمની વિરુદ્ધ કર્યું, એટલા માટે કે હુઝૂરે પોતાની જાહેરી હયાતમાં કોઈને ખલીફા નથી બનાવ્યા, જ્યારે કે આપ અચ્છાઈ તથા બુરાઈને સારી પેઠે જાણતા હતા અને પોતાની ઉમ્મત પર સંપૂર્ણપણે પ્રેમભાવ ધરાવતા હતા. તેમ છતાં પણ આપે ઉમ્મત પર કોઈને ખલીફા નિયુક્ત નથી કર્યા અને (હઝરત) અબૂબક્રએ (હઝરત) ઉમરને પોતાની જિંદગીમાં ખલીફા નિયુક્ત કરી આપ્યા જે હુઝૂરનો ઉઘાડો વિરોધ છે.

આ વાંધાના ત્રણ જવાબો હઝરત શાહ અબ્દુલ અઝીઝ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہએ લખ્યા છે : એક એ કે હુઝૂર علیہ الصلوٰۃ والسلامનું પોતાની જાહેરી જિંદગીમાં ઉમ્મત પર ખલીફા નિયુક્ત ન કરવું



એ વાત ઉઘાડુ જૂઠ તથા આક્ષેપ છે. એટલા માટે કે રાફઝી (શીઆ) સર્વે એ વાતને માનનારા છે કે હુઝૂર صلی اللہ علیہ وسلمએ હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریمને ખલીફા બનાવ્યા હતા. જેથી જો હઝરત અબૂબક્ર رضی اللہ عنہماને પણ સુન્નતે નબવીની પયરવીમાં ખલીફા નિયુક્ત કરી આપ્યા તો (તેમની જ માન્યતાના આધારે) એમાં વિરોધ ક્યાંથી ઉપસ્થિત થશે ?! અને જો જવાબનો પાયા મઝહબે અહલે સુન્નત પર રાખીએ તો અહલે સુન્નતના મુહક્કિક઼ો એ વાતને સ્વીકારનારા છે કે સરકારે અક઼દસ صلی اللہ علیہ وسلمએ હઝરત અબૂબક્ર رضی اللہ عنہને નમાઝ તથા હજજમાં પોતાના નાયબ તથા ખલીફા બનાવ્યા છે અને સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین જેઓ હુઝૂર صلی اللہ علیہ وسلمના રહસ્યોને જાણનાર સમજનાર, આપનાં કામોની બારીકીઓથી માહિતગાર અને આપના ઈશારાઓને સારી રીતે સમજતા હતા એમના માટે એટલો જ નિર્દેશ પૂરતો હતો. અને હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہએ કેવળ એ જ વાતને લક્ષમાં રાખીને ખિલાફતનામુ લખાવ્યું કે અરબ તથા અજમના નવ મુસ્લિમો સ્પષ્ટતા તથા દલીલ વિના એનાથી વાકેફ થઈ શક્શે નહીં.

અને બીજો જવાબ એ છે કે સરકારે દો આલમ صلی اللہ علیہ وسلمએ એ કારણે ખલીફા નથી નિશ્ચિત કર્યા કે આપ વહીએ ઈલાહીથી પૂરા યક઼ીનની સાથે જાણતા હતા કે આપના પછી હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہ ખલીફા થશે, સહાબીઓ એમના પર જ એકમતિ દર્શાવશે અને કોઈ અન્ય તેમાં દખલઅંદાઝી કરી શકશે નહીં. જેમ કે હદીષો જે સહીહ કિતાબોમાં મૌજૂદ છે તે એ વાતની સ્પષ્ટપણે દલીલો પૂરી પાડે છે. દા.ત. હુઝૂર علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું, "અલ્લાહ અને મુસલમાન અબૂબક્ર સિવાય કોઈને ક઼બૂલ કરશે નહીં." અને હદીષ શરીફમાં છે, "મારા બાદ અબૂબક્ર ખલીફા બનશે." (رضی اللہ عنہ) અને જ્યારે હુઝૂર صلی اللہ علیہ وسلمને કામિલ

યક઼ીન હતું કે ખલીફ઼ા હઝરત અબૂબક્ર رضی اللہ عنہ જ થશે જેથી ખિલાફતનામુ લખવાની કોઈ હાજત ન હતી. જેમ કે મુસ્લિમ શરીફમાં છે કે વિસાલ વેળાની બીમારીમાં હુઝૂર علیہ الصلوٰۃ والسلام એ હઝરત અબૂબક્ર رضی اللہ عنہ તથા તેમના સાહબઝાદાને બોલાવ્યા જેથી ખિલાફતનામુ લખે. પછી ફર્માવ્યું કે ખુદા તઆલા તથા મુસલમાન અબૂબક્ર સિવાય અન્ય કોઈને ખલીફ઼ા બનાવશે નહીં, તો લખવાની શું જરૂરત ? જેથી આપે લખવાનો ઈરાદો ત્યજી આપ્યો. એથી ઉલ્ટુ હઝરત સિદ્દીકે઼ અકબર કે આપની પાસે અલ્લાહની વહી આવતી ન હતી અને ન આપને એ વાતનો ક઼તઈ (યક઼ીની) ઈલ્મ હતો કે મારા બાદ લોકો વિના શંકાએ ઉમર ઈબ્ને ખત્તાબ رضی اللہ عنہ ને ખલીફ઼ા બનાવશે. અને આપ પોતે પોતાની બુદ્ધિ થકી ઈસ્લામ તથા મુસલમાનોના માટે હઝરત ઉમર رضی اللہ عنہ ની ખિલાફતને સારી સમજતા હતા એટલા માટે એમના માટે જરૂરી હતું કે જે ચીજમાં ઉમ્મતની ભલાઈ જોયી એના પર અમલ કરવામાં આવે. બિહમ્દિલ્લાહિ તઆલા આપની બુદ્ધિએ સહીહ કામ કર્યું કે ઈસ્લામની શૌકત, રાજ્ય સત્તા બાબતની વ્યવસ્થા અને કાફિરોની ઝિલ્લત જેટલા પ્રમાણમાં હઝરત ઉમર رضی اللہ عنہ ના હાથો વડે થઈ એનું દૃષ્ટાંત રજૂ કરવાથી ઈતિહાસ લાચાર છે.

અને ત્રીજો જવાબ એ છે કે હુઝૂર علیہ الصلوٰۃ والسلام નું ખલીફ઼ા ન બનાવવું અલગ ચીજ છે અને ખલીફ઼ા બનાવવાથી મના કરવું અલગ ચીજ છે. વિરોધ તો ત્યારે ખડો થાત જયારે કે હુઝૂર صلی اللہ علیہ وسلم એ ખલીફ઼ા બનાવવાથી મના કરેલ હોત અને હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہ ખલીફ઼ા બનાવી આપત. અને જો ખલીફ઼ા બનાવવું હુઝૂર صلی اللہ علیہ وسلم ની વિરુદ્ધ કરવું છે તો લાઝિમ ઠરશે કે હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم એ હઝરત ઈમામ હસન رضی اللہ عنہ ને ખલીફ઼ા બનાવીને હુઝૂર صلی اللہ علیہ وسلم ની વિરુદ્ધ કર્યું. અલ અયાઝુ બિલ્લાહિ તઆલા. *(તોહફાએ ઈષ્ના અશરિયહ)*



હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہ એ હઝરત ઉમર ફારૂકે઼ આ'ઝમ رضی اللہ عنہ ને પોતાના પછી ખલીફ઼ા બનાવીને ખૂબ જ બુદ્ધિ કૌશલ્ય તથા શાણપણથી કામ લીધું. એટલા માટે કે તે જાણતા હતા કે ઈસ્લામ પોતાની ખૂબીઓના કારણે દિન પ્રતિ દિન ફેલતો જ જશે, મોટી મોટી સલ્તનતો સત્તા હેઠળ આવશે અને મોટા મોટા દેશો ફતહ થશે જયાં ઘણો જ ગનીમતનો માલ આવશે. લોકો ખુશહાલ (સુખી સંપન્ન) તથા માલદાર થઈ જશે અને માલદારી પછી મોટા ભાગે દુનિયાદારી આવી જાય છે, દીનદારી ઓછી થઈ જશે. એટલા માટે હવે મારા પછી ઉમર (رضی اللہ عنہ) જેવા શખ્સનું ખલીફ઼ા હોવું જરૂરી છે જે દીનના મામલામાં ઘણા જ સખ્ત છે અને શરીઅતના મામલામાં કોઈની પરવા નથી કરતા.

હઝરત સુફયાન ષૌરી رضی اللہ عنہ ફર્માવે છે કે, ''જે શખ્સે એવો ખયાલ કર્યો કે હઝરત અબૂબક્ર સિદ્દીક઼ તથા હઝરત ઉમર ફારૂકે઼ આ'ઝમ رضی اللہ عنہما થી અધિક ખિલાફતના હક્ક઼દાર હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم હતા તો તેણે હઝરત અબૂબક્ર તથા હઝરત ઉમર رضی اللہ عنہما ને ખતાકાર ઠરાવ્યાની સાથોસાથ તમામ અન્સાર તથા મુહાજિરો رضوان اللہ تعالیٰ علیہم اجمعین ને પણ ખતાકાર ઠરાવ્યા. અલ્અયાઝુ બિલ્લાહિ તઆલા. *(તારીખુલ ખુલફા–૮૩)* આ પ્રમાણે શીઆઓનો અક઼ીદો ગલત પુરવાર ઠર્યો છે.

## ★ હઝરત ઉમર رضی اللہ عنہ ની કરામતો ★

હઝરત ઉમર ફારૂકે઼ આ'ઝમ رضی اللہ عنہ થી ઘણી કરામતો પણ જાહેર થઈ છે જેમાંથી અમુકનું વર્ણન અત્રે કરવામાં આવે છે. અલ્લામા અબૂ નુઐમે દલાઈલમાં હઝરત ઉમર ઈબ્ને હારિષ رضی اللہ عنہ થી રિવાયત કરી છે કે હઝરત ઉમર ફારૂકે઼ આ'ઝમ رضی اللہ عنہ જુમ્આનો ખુત્બો ફર્માવી રહ્યા હતા. એકાએક આપે દરમ્યાનમાં ખુત્બો છોડીને ત્રણવાર ફર્માવ્યું, ''હે સારિયા ! પહાડની તરફ

જાવ ! હે સારિયા ! પહાડની તરફ જાવ ! હે સારિયા ! પહાડની તરફ જાવ !'' આ રીતે હઝરત સારિયા رضی اللہ عنہને પોકારીને પહાડની તરફ જવાનો હુકમ આપ્યો અને ત્યારબાદ ફરી ખુત્બો શરૂ કર્યો. હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ رضی اللہ عنہએ નમાઝ બાદ હઝરત ઉમર رضی اللہ عنہને પૂછયું કે આપ તો ખુત્બો ફર્માવી રહ્યા પછી એકાએક મોટા અવાજે કહેવા લાગ્યા, હે સારિયા ! પહાડની તરફ જાવ ! તો શું બાબત હતી ? હઝરત ઉમર رضی اللہ عنہએ ફર્માવ્યું, કસમ છે ખુદાએ ઝુલ જલાલની ! હું એવું કહેવા માટે મજબૂર થઈ ગયો હતો. એટલે કે મેં મુસલમાનોને જોયા કે તે પહાડની પાસે લડી રહ્યા છે અને કાફિરોએ તેમને આગળ તથા પાછળથી ઘેરેલા છે. આ જોઈને મારાથી ન રહી શકાયું અને મેં કહી દીધું કે સારિયા ! પહાડની તરફ જાવ !

આ બનાવના થોડાક અરસા પછી હઝરત સારિયા رضی اللہ عنہનો કાસિદ એક પત્ર લઈને આવ્યો જેમાં લખ્યું હતું કે અમે લોકો જુમ્આના દિવસે કાફિરો સાથે લડી રહ્યા હતા અને નિકટ હતું કે અમે હારી જાત, એવામાં જુમ્આની નમાઝના સમયે અમે કોઈકનો અવાજ સાંભળ્યો, હે સારિયા ! પહાડની તરફ જાવ ! એ અવાજને સાંભળીને અમે પહાડની તરફ ચાલ્યા ગયા તો ખુદા તઆલાએ કાફિરોને હાર આપી અને અમે તેઓને કત્લ કરી નાખ્યા. આ રીતે અમને ફતહ મળી. *(તારીખુલ ખુલફા–૮૬)*

હઝરત સારિયા رضی اللہ عنہ નેહાવંદમાં લડાઈ લડી રહ્યા હતા જે ઈરાનમાં આઝર બાઈજાન રાજ્યના પહાડી શહેરોમાંથી છે અને મદીના તયબહથી એટલા દૂર છે કે એ જમાનામાં ત્યાંથી ચાલીને એક મહિનામાં નેહાવંદ પહોંચી શકતા ન હતા. તો આટલા દૂરના સ્થળને હઝરત ઉમર رضی اللہ عنہએ જોઈ લીધું અને જંગની સ્થિતિ પણ જોઈ લીધી અને કોઈ મશીનની મદદ વિના તેમને અવાજ



પહોંચાડયો આ હઝરત ઉમર رضی اللہ عنہની ઉઘાડી કરામત છે.

હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہની આ કરામતને ઈમામ બયહકીએ હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہماથી પણ રિવાયત કરી છે જે હદીષની મશહૂર તથા વિશ્વસનીય કિતાબ મિશ્કાત શરીફના પેજ–૫૪૬ પર પણ લખેલી છે.

હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہماથી રિવાયત છે કે હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہને એક શખ્સે પૂછયું કે તમારું નામ શું છે ? તેણે કહ્યું, જુમરા એટલે ચિન્ગારી. પછી આપે એના બાપનુ નામ પૂછયું તો તેણે કહ્યું, શિહાબ એટલે ભડકો. પછી આપે તેને પૂછયું, તમારા કબીલાનું નામ શું છે ? તેણે કહ્યું, હરકા એટલે આગ. અને જ્યારે આપે તેના રહેવાનુ ઠેકાણુ પૂછયું તો તેણે હુર્રા બતાવ્યું એટલે કે ગરમી. આપે પૂછયું, હુર્રા ક્યાં છે ? તેણે કહ્યું, ઝાતુન્નતા એટલે ભડકાઓવાળી જગામાં. આ સર્વ જવાબો સાંભળ્યા બાદ હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہએ ફર્માવ્યું, તમારાં ઘરવાળાંની ખબર લો ! કે તેઓ સૌ સળગીને મૃત્યુ પામ્યાં ! જ્યારે તે શખ્સ પોતાના ઘરે પરત થયો તો જોયું કે ખરેખર એના ઘરને આગ લાગી ગઈ હતી અને સર્વ લોકો સળગીને મરી ગયા હતા. *(તારીખુલ ખુલફા–૮૬)*

હઝરત અબૂ શશયખ કિતાબુલ અસ્મતમાં હઝરત કૈસ ઈબ્ને હજ્જાજ رضی اللہ عنہથી રિવાયત કરે છે કે જ્યારે હઝરત અમ્ર બિન આસ رضی اللہ عنہએ હઝરત ઉમર رضی اللہ عنہના ખિલાફતકાળમાં મિસરને ફતહ કર્યું તો અજમવાસીઓ એક નિશ્ચિત દિવસે હઝરત અમ્ર ઈબ્ને આસ رضی اللہ عنہની પાસે આવ્યા અને કહ્યું કે, હે હાકિમ ! અમારી આ નીલ નદીના માટે એક પૂરાણો તરીકો ચાલ્યો આવ્યો છે કે જેના વિના તે વહેતી રહેતી નથી બલ્કે સૂકાય જાય છે. અને અમારી ખેતીનો આધાર આ જ નીલ નદીના પાણી પર અવલંબિત

છે. હઝરત અમ્ર ઈબ્ને આસ رضی اللہ عنہએ તે લોકોને પૂછયું કે નદી વહેતી રહેવા માટેનો તે પૂરાણો તરીક઼ો શો છે ? તે લોકોએ કહ્યું કે જયારે આ મહિનાના ચાંદની ૧૧મી તારીખ આવે છે તો અમે લોકો એક કુંવારી યુવાન કન્યાને પસંદ કરીને તેના માબાપને રાજી કરીએ છીએ પછી તેણીને બેહતરીન પ્રકારનાં ઝવેરાત તથા કપડાં પહેરાવીએ છીએ ત્યારબાદ છોકરીને નીલ નદીમાં નાખી દઈએ છીએ. હઝરત અમ્ર ઈબ્ને આસ رضی اللہ عنہએ ફર્માવ્યું, ''ઈસ્લામમાં આવું કદી નથી થઈ શકતું ! આ સર્વ વાતો બેકાર તથા ધડ માથા વિનાની પાયાહિન છે. ઈસ્લામ આ પ્રકારની સર્વ બાતિલ વાતોને મિટાવવાના માટે આવ્યો છે, તે છોકરીને નીલ નદીમાં ફેંકવાની ઈજાઝત કદી નથી આપી શકતો. આપના આ જવાબ પછી તે લોકો પાછા જતા રહ્યા. અમુક દિવસો પછી ખરેખર નીલ નદી સૂકાઈ ગઈ ત્યાં સુધી કે ઘણા લોકો વતન છોડવા મજબૂર થઈ ગયા. હઝરત અમ્ર ઈબ્ને આસ رضی اللہ عنہએ આ મામલો હઝરત ઉમર رضی اللہ عنہને લખી મોકલ્યો. આપે પત્ર વાંચીને હઝરત અમ્ર ઈબ્ને ઈબ્ને આસ رضی اللہ عنہને લખ્યું કે, તમે મિસરીઓને ઘણો જ ઉમદા જવાબ આપ્યો, બેશક ! ઈસ્લામ આ પ્રકારની નિરર્થક તથા બેહુદા વાતોને મિટાવવા માટે આવ્યો છે. હું આ પત્રની સાથે એક પત્ર રવાના કરું છું તમે એને નીલ નદીમાં નાખી આપજો.

જયારે તે પત્ર હઝરત અમ્ર ઈબ્ને આસ رضی اللہ عنہને પહોંચ્યો તો આપે તેને ખોલીને વાંચ્યો તો તેમાં લખ્યું હતું, ''અલ્લાહના બંદા ઉમર અમીરુલ મો'મિનીનની તરફથી મિસરની નીલ નદીને માલૂમ થાય કે જો તું જાતે પોતે વહે છે તો વહીશ નહીં અને જો ખુદા عزّوجلّ તને વહેતી કરે છે તો હું અલ્લાહ વાહિદ કહ્હારથી દુઆ કરું છું કે તે તને વહેતી કરી આપે.

હઝરત અમ્ર ઈબ્ને આસ رضی اللہ عنہએ અમીરુલ મો'મિનીન હઝરત



ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہના આ પત્રને રાતના સમયે નીલ નદીના પટમાં નાખી આપ્યો. મિસરવાળાઓ જયારે સવારે ઊંઘમાંથી જાગૃત થયા તો જોયું કે અલ્લાહ તબારક વ તઆલાએ નીલ નદીને એ રીતે વહેતી કરી આપી છે કે સોળ હાથ પાણી ઉપર ચઢેલું છે ! ત્યાર બાદ નીલ નદી એ પ્રમાણે કદી નથી સૂકાઈ અને મિસરવાળાઓની એ જાહિલાના રસમ ક઼ાયમના માટે ખત્મ થઈ ગઈ. *(તારીખુલ ખુલફા–૮૭)*

ફારૂક઼ી ખિલાફતનો જમાનો હતો. એક અજમી શખ્સ મદીના તયબહ આવ્યો જે હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہને તલાશ કરી રહ્યો હતો. કોઈકે બતાવ્યું કે ક્યાંક આબાદીની બહાર સૂતા હશે. તે શખ્સ વસ્તીની બહાર નીકળીને આપને શોધવા લાગ્યો ત્યાં સુધી કે હઝરત ઉમર رضی اللہ عنہને એ હાલતમાં જોયા કે તે જમીન પર માથા નીચે પથ્થર રાખીને સૂતેલા હતા. તેણે દિલમાં વિચાર્યું કે આખા જગતમાં આ શખ્સના કારણે ફિત્નો ખડો થયેલો છે એટલા માટે અત્યારે ઈરાન તથા અન્ય દેશોમાં ઈસ્લામી ફોજોએ તહેલકો મચાવી રાખ્યો હતો જેથી એને ક઼ત્લ કરી આપવો યોગ્ય છે અને આસાન પણ છે. એટલા માટે કે આબાદી બહાર સૂતેલા શખ્સને મારી નાખવો કોઈ મુશ્કેલ વાત નથી. એવું વિચારીને તેણે મ્યાનમાંથી તલ્વાર કાઢી અને આપની ઝાતે બાબરકાત પર વાર કરવા જતો હતો એવામાં અચાનક ગયબથી બે સિંહ જાહેર થયા અને એ અજમીના તરફ આગળ વધ્યા. આ મન્ઝરને જોઈને તે ચીસ પાડી ઉઠયો, એના અવાજથી હઝરત ઉમર رضی اللہ عنہ જાગી ગયા. આપના જાગૃત થતાં તેણે સઘળો બનાવ વર્ણવ્યો અને પછી મુસલમાન થઈ ગયો. *(સીરતે ખુલફાએ રાશિદીન)*

આ પણ આપની કરામત છે કે સિંહો જે માનવભક્ષી હોય છે તે આપની હિફાઝતના માટે જાહેર થઈ ગયા ! અને કેમ ન જાહેર

થતા કેમ કે જે અલ્લાહ તઆલાનો થઈ જાય છે અલ્લાહ તઆલા તેનો થઈ જાય છે અને દરેક રીતે તેની હિફાઝત કરે છે.

## ★ હઝરત ઉમર અને બાદશાહ જબલાનો બનાવ ★

અવસ તથા ખઝરજના અમુક કબીલાઓએ શામમાં એક ઝરણા પાસે જેનું નામ ગસ્સાન હતું અડ્ડો જમાવ્યો અને તે વિસ્તારનાં અમુક શહેરો પર કબજો કરી લીધો પછી એક મહાન સલ્તનત સ્થાપી દીધી અને મલૂકે ગસ્સાનિયાના માનપાત્ર નામથી મશહૂર થઈ ગયા. મલૂકે ગસ્સાનમાં સૌ પ્રથમ બાદશાહ જફના થયો છે અને સૌથી છેલ્લો જબલા બિના અયહમ થયો. તે પહેલાં મૂર્તિપૂજક હતો પછી રોમી બાદશાહોની સાથે સંબંધોના કારણે પોતાનો પૂરાણો મઝહબ છોડીને ઈસાઈ થઈ ગયો હતો. મક્કાના કુરૈશો પછી સૌથી વધુ જેમને ઈસ્લામની શક્તિ તોડવાની અને તેનું અસ્તિત્વ નાબૂદ કરવાની ફિકર હતી તો તે મલૂકે ગસ્સાન હતા. અરબના અમુક કબીલા જો કે મુકાબલા માટે તૈયાર થયા હતા પણ કેમ કે તેમની પાસે બાકાયદા લશ્કર ન હતું. અને ન કોઈ પ્રકારનો મહત્વનો સરસામાન હતો, પણ ગસ્સાનીઓની સલ્તનત ખૂબ જ બાકાયદા તથા વ્યવસ્થિત હતી, તેમનું લશ્કર પણ સુસજ્જ હતું અને સૌથી વિશેષ એ કે એક જબરદસ્ત બાદશાહ કૈસરે રોમ સાથે તેમના સંબંધો હતા જે દરેક સમયે તેમની મદદ માટે તૈયાર હતો.

ગસ્સાનનો બાદશાહ મુસલમાનોના અસ્તિત્વને મિટાવવાનું વિચારી જ રહ્યો હતો એવામાં સરકારે દો જહાં ﷺ કાસિદ હઝરત શુજાઅ બિન વહબ અસ્અદી رضی اللہ عنہ તેના નામે હુઝૂર ﷺનો પત્ર લઈને એવા સમયે પહોંચ્યા જ્યારે કે કૈસરે રોમ કિસ્રાના મુકાબલાથી પરવારીને શુક્રાના અદા કરવા માટે બયતુલ મુકદ્દસ આવ્યો હતો. અને ગસ્સાનનો બાદશાહ તેની દા'વતની



વ્યવસ્થામાં મશગૂલ હતો એના લીધે કેટલાય દિવસો સુધી તેના સુધી ન પહોંચી શકાયું. છેવટે કોઈ રીતે એક દિવસ હુઝૂર ﷺના કાસિદ મલિક ગસ્સાનના સમક્ષ પહોંચ્યા અને તેમણે જે પત્ર મુબારક તેને આપ્યો તેનું લખાણ આ પ્રમાણે હતું : "હું તમને કેવળ એક ખુદા પર ઈમાન લાવવાની તરફ બોલાવું છું, જો તમે ઈમાન લઈ આવ્યા તો તમારો દેશ તમારા માટે બાકી રહેશે."

શાહે ગસ્સાન સૈયદે આલમ ﷺનો પત્ર વાંચીને ભડકી ઉઠયો અને ગુસ્સાભેર કહેવા લાગ્યો કે મારો દેશ કોણ છીનવી શકે છે ? હું ખૂદ મદીના પર હુમ્લો કરીશ અને તેની ઈંટથી ઈંટ વિખેરી કાઢીશ. અને કાસિદને કહ્યું કે જઈને આ વાત મુહમ્મદ (ﷺ)ને કહી આપશો.

હઝરત શુજાઅ رضی اللہ عنہ ફર્માવે છે કે મદીના તયબહ પહોંચીને જ્યારે મેં હુઝૂર ﷺને ગસ્સાનના બાદશાહની પૂરી સ્થિતિ જણાવી તો હુઝૂરે ઈર્શાદ ફર્માવ્યો, તેનો મુલ્ક તબાહ તથા બર્બાદ થશે.

સીરતુલ હલબિયામાં છે કે હુઝૂરનો પત્ર મુબારક હારિષ ગસ્સાનીના નામે હતો અને ઈબ્ને હિશામ વગેરે અન્ય ઈતિહાસકારોએ લખ્યું છે કે હઝરત શુજાઅ رضی اللہ عنہ હુઝૂર ﷺનો પત્ર મુબારક જબલા બિન અયહમના ત્યાં લઈને ગયા હતા.

સારાંશ કે હુઝૂર ﷺના પત્ર મુબારક મોકલવાની એ અસર થઈ કે જે આગ અંદર અંદર જ સળગી રહી હતી તે ભડકી ઉઠી અને ગસ્સાનનો બાદશાહ પોતાની સંપૂર્ણ શક્તિભેર જંગ માટે તૈયાર થઈ ગયો, ત્યાં સુધી કે ગસ્સાનીઓની જ અદાવતના પરિણામે જંગે મૌતા થયો જેમાં મુસલમાનોને ભારે નુકસાન વેઠવું પડયું અને ઘણા સૈનિકો તથા કેટલાક મહત્વના અગ્રગણ્ય સેનાપતિ આ જંગમાં શહીદ થઈ ગયા.

મદીના તયબહ પર ગસ્સાની બાદશાહના હુમ્લાની ખબર જ્યારે ક઼ાસિદના થકી પહોંચી તો મુસલમાનો ખૂબ જ ઉલઝન તથા ફિકરમાં પડયા કે ભલે ગયબદાં નબી صلی اللہ علیہ وسلمની ખબર પ્રમાણે ગસ્સાનનો બાદશાહ તબાહ તથા બર્બાદ થશે અને તેમનો દેશ નાશ પામશે, પરંતુ મદીના શરીફ પરના આ હુમ્લાથી ન જાણે કેટલી જાનો જશે, કેટલી સ્ત્રીઓ વિધવા થશે અને ન જાણે કેટલાં બાળકો યતીમ થશે. પણ અલ્લાહ તઆલાએ એના હુમ્લાથી મદીના પાકને મેહફૂઝ રાખ્યું. ગસ્સાની બાદશાહ જેની મદીના શરીફ પર હુમલો કરવાની ખબર ગરમ હતી તે હારિષ હતો કે જબલા બિન અયહમ ? એમાં મતભેદ છે. તબ્રાનીમાં હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہماથી જે રિવાયત છે એનાથી માલૂમ થાય છે કે તે ગસ્સાની બાદશાહ જબલા બિન અયહમ હતો.

સારાંશ કે જબલા બિન અયહમે મુસલમાનો સાથે દુશ્મની જાહેર કરવામાં કોઈ કમી ન રાખી, પણ તેમ છતાં તે ઈસ્લામની ખૂબીઓથી વાકેફ હતો, એના કાનો સુધી ઈસ્લામની અચ્છાઈઓ પહોંચતી રહેતી હતી. હુઝૂર صلی اللہ علیہ وسلمની સચ્ચાઈની દલીલો તથા નિશાનીઓનો ઈલ્મ પણ તેને થતો રહેતો હતો. અન્સાર હઝરાતનું મુસલમાન બનીને સરકારે અક઼દસ صلی اللہ علیہ وسلمને પોતાના ત્યાં રાખવું અને તેમની રક્ષા તથા તરફદારીના માટે જાનો માલને કુર્બાન કરી આપવું પણ ધીમે ધીમે તેની અંદર ઈસ્લામની મહોબ્બત પેદા કરી રહ્યું હતું, કેમ કે અન્સાર તથા જબલા બંનેવ એક જ ક઼બીલાથી સંબંધ ધરાવતા હતા. છેવટે ઈસ્લામની મહોબ્બત તેના દિલમાં વધતી ગઈ, ત્યાં સુધી કે હઝરત ઉમર رضی اللہ عنہની ખિલાફતના જમાનામાં તે મહોબ્બત એટલા અંશે વધી કે તેણે ખૂદ હઝરત ઉમર رضی اللہ عنہને લખ્યું કે હું ઈસ્લામમાં દાખલ થવા માટે આપની



ખિદમતમાં હાજર થવા ઈચ્છુ છું. આપે ખૂબ ખુશીપૂર્વક લખ્યું કે, તમે વિના સંકોચ ચાલ્યા આવો ! દરેક હાલતમાં તમે અમારા થઈ જશો.

જબલા બાદશાહ પોતાના ક઼બીલા તથા ઉક તથા ગસ્સાનના પાંચસો માણસો સાથે લઈને રવાના થયો. જ્યારે મદીના મુનવ્વરા કેવળ બે મંઝિલ દૂર રહી ગયું તો તેણે હઝરત ઉમર رضی اللہ عنہની ખિદમતમાં ખબર મોકલી કે હું હાજર થઈ રહ્યો છું, અને પોતાના લશ્કરના બસ્સો સવારોને હુકમ આપ્યો કે સોનાના તાર વણેલી અને રેશમની લાલ પીળી દોરીઓ પહેરો અને ઘોડાઓ પર રેશમની ઝુલો નાખીને તેમનાં ગળાઓમાં સોનાના હાર પહેરાવો અને પોતાનો તાજ માથા પર રાખ્યો પછી સંપૂર્ણ શાન દેખાડવા માટે પોતાના ખાનદાનની બેહતરીન તથા માયનાઝ કુર્તેમારિયા તાજમાં લગાડી. મારિયા તમામ ગસ્સાની રાજાઓની દાદી હતી. તેણી પાસે બે હેરિંગો હતી જેમાં બે મોતીઓ કબૂતરનાં ઈંડા જેટલાં લગાડેલાં હતાં. આ હેરિંગો પોતાની સુંદરતા તથા મોઘેરાં મોતીઓના કારણે અજોડ સમજવામાં આવતી હતી. કહેવામાં આવે છે કે આખા જગતના બાદશાહોના ખજાનામાં આવાં મોતીઓ તથા આવા હેરિંગો ન હતાં. ગસ્સાનના રાજાઓને એના પર ગર્વ હતો. અને તે અતિ મોઘેરી તથા દુર્લભ હોવાની સાથોસાથ પોતાની ખુશનસીબ દાદીની યાદગાર સમજીને એ હેરિંગોનું ખૂબ જ સન્માન કરતા હતા. અને એના કારણે જબલાએ એ દેખાડવા માટે કે પોતાની આ શાહાના હૈસિયત તથા આઝાદી તેમજ ખૂદમુખ્તારીની હાલત છોડીને ઈસ્લામ ધર્મમાં દાખલ થઈને અમીરુલ મો'મિનીનની પયરવીને માન્ય રાખુ છું. આ અમૂલ્ય હેરિંગોને પણ પોતાના તાજમાં લગાડી હતી. આ રીતે ઘણી શાનો શૌકતની સાથે મદીના તયબહમાં પ્રવેશવા તૈયાર થયો.

હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہએ મુસલમાનોને જબલાનુ સ્વાગત કરવા અને સન્માન સાથે ઉતારવાનો હુકમ આપ્યો. મદીના મુનવ્વરામાં ખુશીનો જોશ ફેલાયેલો હતો. બાળકો, વૃદ્ધો સૌ આ જુલૂસના નઝારાને જોવાના માટે પોત પોતાનાં ઘરોએથી નીકળી પડયાં. મુસલમાનોના માટે હકીકતમાં એનાથી વધીને ખુશીની કઈ વાત હોઈ શકતી હતી કે ઈસ્લામ ધર્મ જેને ફેલાવવાની ખિદમત તેમને સુપ્રત થઈ હતી એની અંદર આ રીતે રાજીખુશીથી મોટા મોટા બાદશાહો દાખલ થાય. પણ એ વખતે એ ખુશી એના કારણે બમણી થઈ રહી હતી કે એ જ ગસ્સાન રાજા જેના હુમલાની ચર્ચા મદીના પાકમાં ઘરે ઘર હતી અને જેના ડરથી સૌ ચિંતિત હતાં, આજે તે જ બાદશાહ એ રીતે સ્વીકારનુ માથુ નમાવીને મદીના મુનવ્વરામાં દાખલ થઈ રહ્યો છે. આ ખુદા તઆલાની કુદરત અને ઈસ્લામની એક કરામત હતી અને એના કારણે સૌ નાના મોટાં એ જુલૂસને જોવા માટે નીકળી પડયાં હતાં.

સારાંશ કે ખૂબ જ શાનો શૌકત તથા અતિશય તા'ઝીમ તથા માનપૂર્વક સ્વાગત મંડળની ભીડમાં શાહી જુલૂસની સાથે જબલા મદીના પાકમાં પ્રવેશ્યો. હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہએ મહેમાનનવાઝીની રસમમાં કોઈ કમી ન રાખી અને મદીના પાકમાં આ નવા મહેમાનના આગમનથી ખૂબ જ ચહલ પહલ થઈ. સંજોગોવસાત હજજનો સમય નજીક હતો. હઝરત ઉમર رضی اللہ عنہ દર વર્ષે હજજના માટે મક્કા મોઅઝ્ઝમા હાજર થતા હતા. આ વરસે જ્યારે તે હજજના માટે નીકળ્યા તો જબલા પણ સાથે રવાના થયો. ત્યાં બદ્કિસ્મતીથી એ વાત બની કે તવાફની હાલતમાં જબલાની લુંગી પર જે બાદશાહી શાનને કારણે જમીન પર ઘસડાતી હતી તેના પર કબીલા ફઝારાના શખ્સનો પગ પડી ગયો જેના સબબે લુંગી ખુલી ગઈ. જબલાને ગુસ્સો આવ્યો અને તેણે



એટલા જોરથી પેલા શખ્સને મોઢા પર મુક્કો માર્યો કે તેની નાક વાંકી થઈ ગઈ.

આની ફરિયાદ ખિલાફતની અદાલતમાં પહોંચી. હઝરત ઉમર رضی اللہ عنہએ વિના કોઈ છૂટછાટ કે તરફદારી હક્ક ફેંસલો કરતાં જબલાને ફર્માવ્યું કે ક્યાં તો તમે કોઈ રીતે દાવેદારને રાજી કરી લો, નહીં તો બદલો આપવા તૈયાર થઈ જાવ ! જબલો જે પોતાને મહાન શાનવાળો સમજતો હતો જેથી આ તેની આશાથી વિરુદ્ધ ફેંસલો તેને સખત નાપસંદ પડયો, અને હઝરત ઉમર رضی اللہ عنہ જાણતા હતા કે જબલાને આ ફેંસલો પસંદ પડશે નહીં પણ આપે તેની કોઈ પરવા ન કરી અને બાદશાહનો લેહાઝ કર્યા વિના હક્ક ફેંસલો તેને સંભળાવી આપ્યો. તેણે કહ્યું, એક મામૂલી માણસના બદલામાં મારાથી બદલો લવામાં આવશે ?! હું રાજા છું અને તે એક સામાન્ય માણસ છે ! હઝરત ઉમર رضی اللہ عنہએ ફર્માવ્યું કે રાજા તથા પ્રજાને ઈસ્લામે પોતાના હુકમોમાં સમાન કરી આપેલ છે, કોઈને કોઈના પર ફઝીલત છે તો તકવો તથા પરહેઝગારીના સબબથી છે. اِنَّ اَكْرَمَكُمْ عِنْدَ اللّٰهِ اَتْقٰكُمْ (પારા : ૨૬, રુકૂઅ : ૧૪)

જબલાએ કહ્યું કે હું તો એવું સમજીને ઈસ્લામના વર્તુળમાં આવ્યો હતો કે હું પહેલાં કરતાં ઈજ્જતદાર તથા માનપાત્ર બની જઈશ ! હઝરત ઉમર رضی اللہ عنہએ કહ્યું કે ઈસ્લામી કાનૂનનો ફેંસલો એ જ છે જેની પાબંદી મારા પર અને તમારા અનિવાર્ય છે, એના વિરુદ્ધ કાંઈ હરગિઝ નથી થઈ શકતું. તમારે તમારી ઈજ્જત સલામત રાખવી હોય તો તેને કોઈ રીતે રાજી કરી લો, નહીં તો આમ મજમામાં બદલો આપવા તૈયાર થઈ જાવ. જબલાએ કહ્યું, તો પછી હું ઈસાઈ થઈ જઈશ ! આપે ફર્માવ્યું, તો હવે આ સ્થિતિમાં તારું કત્લ જરૂરી થશે ! એટલા માટે કે જે મુર્તદ થઈ જાય છે તેની સજા ઈસ્લામમાં એ જ છે. જબલાએ કહ્યું કે મારા

મામલામાં વિચારવા માટે આપ મને એક રાતની મોહલત આપો. હઝરત ઉમર رضی اللہ عنہએ તેની એ દરખાસ્ત મંજૂર કરી લીધી અને એક રાતની મોહલત આપી દીધી. તો જબલો એ જ રાતમાં પોતાના લશ્કર સાથે છુપી રીતે મક્કા મોઅઝ્ઝમાથી ભાગી છૂટયો અને કુસ્તુન્તુનિયા પહોંચીને નસરાની થઈ ગયો. અલ્અયાઝુ બિલ્લાહિ તઆલા.

આ છે હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہની અજોડ અદાલત કે એક મામૂલી માણસના સામે એક આવી શાનો શૌકતવાળા રાજાની પરવા ન કરી. તેને ફરિયાદીને રાજી કરવા કે બદલો આપવા માટે મજબૂર કર્યો. વર્તમાનકાળમાં રાજકર્તાઓનાં મોટા મોટા ગુનાહો તથા કૌભાંડો જાહેર થવા છતાં તેમને સજાઓ થતી નથી, બલ્કે ગુનાહો કરીને વટભેર આઝાદ ફરતા હોય છે જ્યારે મામૂલી ગુનેહગારોથી જેલો ભરાઈ રહી છે. આ નાઈન્સાફી ઈસ્લામ હરગિઝ ચલાવે લેતો નથી, અહીં લાંચ રુશ્વતને કે નાના મોટા માણસના ભેદને કોઈ સ્થાન નથી.

## ★ એક ગલતફહમીનું નિવારણ ★

કેટલાક લોકો હઝરત ઉમર رضی اللہ عنہના અદ્લો ઈન્સાફની પ્રશંસા વર્ણવતાં કહે છે કે આપના સાહબઝાદા અબૂ શહમાએ શરાબ પીધી અને એ જ નશાની હાલતમાં ઝિના કર્યો, આ વાતો પર હઝરત ઉમર رضی اللہ عنہએ તેમને કોરડા ફટકાર્યા ત્યાં સુધી કે એ તકલીફમાં બીમાર થઈને તેમનો ઈન્તેકાલ થઈ ગયો. તો **હઝરત અબૂ શહમા رضی اللہ عنہની પ્રતિ ઝિના તથા શરાબ પાનની નિસ્બત ગલત છે.** મશહૂર તથા વિશ્વસનીય કિતાબ ''મજમઉલ બિહાર''માં છે કે ઝિનાની નિસ્બત સહીહ નથી, અલ્બત્ત તેમણે નબીઝ પીધી. અને નબીઝ તે પાણીને કહે છે કે જેમાં ખજૂર પલાળવામાં આવી હોય અને તેની મીઠાશ પાણીમાં ઉતરી આવી



હોય. ''ઉમ્દતુર્રિઆયહ'' હાશિયા શરહે વકાયા, ભાગ : ૧, મજીદી, પેજ : ૮૭માં છે. નબીઝ બે પ્રકારની હોય છે : એક તે કે જેમાં નશો નથી હોતો, એવી નબીઝ હલાલ તથા પાક છે. અને હઝરત સૈયદના ઈમામે આ'ઝમ رضی اللہ عنہની નજીક એનાથી વુઝૂ બનાવવું પણ જાઈઝ છે, શર્ત એ કે પાતળાપણુ તથા વહેણ બાકી હોય. *(શરહે વકાયા, પેજ : ૮૭)* અને બીજી નબીઝ તે હોય છે જેમાં નશો પેદા થઈ જાય છે અને તે હરામ તથા નાપાક હોય છે. હઝરત અબૂ શહમા رضی اللہ عنہએ નબીઝ પીધી એવું સમજીને કે એ હલાલ છે, નશાવાળી નથી પણ નશાવાળી સાબિત થઈ જેથી હઝરત ઉમર رضی اللہ عنہએ તેમની પકડ કરી અને અદલો ઈન્સાફની રૂએ તેમને સજા આપી.

## ★ ગવર્નરો સાથે થતી શરતો ★

હઝરત ઈબ્ને ષાબિત رضی اللہ عنہથી રિવાયત છે કે હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ જ્યારે કોઈ શખ્સને ક્યાંકના ગવર્નર (વાલી) નિયુક્ત કરતા તો તેની પાસે કેટલીક શરતો લખાવી લેતા. પ્રથમ એ કે તે તુર્કી ઘોડા પર સવાર નહીં થાય. બીજુ એ કે તે ઉચ્ચ કક્ષાનું ખાવા નહીં ખાય. ત્રીજી એ કે તે બારીક (પાતળુ) કપડુ નહીં પહેરે. ચોથુ એ કે જરૂરતમંદો માટે પોતાના દરવાજાને બંધ નહીં કરે અને ન વોચમેન રાખશે.

પછી જે શખ્સ આ શર્તોની પાબંદી ન કરતો તેની સાથે ખૂબ જ સખ્તીપૂર્વક વર્તતા. મિસ્રના હાકિમ અયાઝ બિન ગનમના બારામાં જાણવા મળ્યું કે તે રેશમ પહેરે છે અને દરવાન (વોચમેન) રાખે છે. તો આપે હઝરત મુહમ્મદ બિન મુસ્લિમને હુકમ આપ્યો કે અયાઝ બિન ગનમને જે હાલતમાં પણ પામો ગિરફતાર કરીને લઈ આવો. જ્યારે અયાઝ ખલીફતુલ મુસ્લિમીન હઝરત ઉમર رضی اللہ عنہની સામે લાવવામાં આવ્યા તો આપે તેમને કમ્બલનું કપડુ

પહેરાવ્યું અને બકરીઓનું એક ગોવાળ તેમને સોંપ્યું અને ફર્માવ્યું કે જાવ ! આ બકરીઓને ચરાવો ! તમે માણસો પર હુકૂમત કરવાને લાયક નથી. એટલે કે અયાઝ બિન ગનમને ગવર્નરમાંથી ઢોર ચરાવનાર બનાવી દીધા. એ જ કારણે પૂરી ઈસ્લામી રાજ્ય સત્તાના ગવર્નરો આપના ડરથી કાંપતા રહેતા હતા. આપ ફર્માવ્યા કરતા હતા કે કારોબાર તથા ખિલાફત ત્યાં સુધી બરાબર નથી થતાં જ્યાં સુધી કે એમાં એટલી સખ્તી ન કરવામાં આવે જે જુલ્મ ન બની જાય અને એટલી નરમી ન વર્તવામાં જે સુસ્તીમાં ગણાય.

ઈમામ શઅબી ફર્માવે છે કે હઝરત ઉમર رضی اللہ عنہનો એ તરીક઼ો હતો કે જ્યારે આપ કોઈ હાકિમને કોઈ સૂબા પર નિયુક્ત કરતા તો તેના સર્વ માલો તથા સામાનની યાદી લખાવીને પોતાની પાસે સાચવી રાખતા હતા. એકવાર આપે પોતાના સર્વ અમલદારોને હુકમ કર્યો કે તેઓ પોત પોતાના વર્તમાન માલ સામાનની એક એક યાદી બનાવીને મોકલી આપે. એ જ અમલદારોમાં હઝરત સઅદ બિન અબી વક્ક઼ાસ رضی اللہ عنہ પણ હતા જે અશરાએ મુબશ્શિરામાંથી છે. જ્યારે તેમણે પોતાના માલ સામાન (સંપત્તિ)ની યાદી બનાવીને મોકલી તો હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہએ તેમના સઘળા માલના બે હિસ્સા કર્યા જેમાંથી એક હિસ્સો તેમના માટે છોડી આપ્યો અને એક હિસ્સો બયતુલ માલમાં જમા કરી આપ્યો. *(તારીખુલ ખુલફા, પેજ : ૯૬)*

## ★ અમલદારો પર કડકાઈ ★

★ મિસ્રનો એક શખ્સ હઝરત ઉમર رضی اللہ عنہની પાસે મદીના આવ્યો. અર્ઝ કરી, અમીરુલ મો'મિનીન ! હું જુલ્મની ફરિયાદ લઈને આપને ત્યાં પનાહ માટે આવ્યો છું. ફર્માવ્યું, તમે પનાહની જગાની પનાહ લીધી. તેણે જણાવ્યું કે મેં મિસ્રના ગવર્નર અમ્ર ઈબ્ને આસના પુત્ર સાથે ઘોડે સવારીમાં મુકાબલો કર્યો અને



તેનાથી આગળ નીકળી ગયો તો તે મને કોરડા વડે મારવા લાગ્યો અને કહેવા લાગ્યો, હું અશ્રફનો પુત્ર છું ! એના પર હઝરત ઉમરે અમ્ર ઈબ્ને આસને લખ્યું કે તમારા પુત્રને લઈને મદીના હાજર થાવ ! એઓ આવી જતાં મામલો રજૂ થયો. હઝરત ઉમરે ફરિયાદ કરનારાને ફર્માવ્યું, લે આ કોરડો લે અને તેને ફટકાર ! તે મારવા લાગ્યો તો હઝરત ઉમર બોલતા જઈ રહ્યા હતા કે, ''અશ્રફના પુત્રને ફટકો માર !'' હઝરત અનસ ફર્માવે છે, એ મારી રહ્યો હતો અને અમને એનું મારવું નાપસંદ હતું. તે એ વખતે રોકાયો જ્યારે અમારી આરઝૂ થઈ કે બસ ! હવે બંધ કરી આપે. પછી મિસ્રીને હઝરત ઉમરે ફર્માવ્યું, કોરડો અમ્રની ખોપડી પર મૂકી દે. મિસ્રીએ અર્ઝ કરી, અમીરુલ મો'મિનન ! તેમના પુત્રે મને માર્યો હતો અને મેં તેનાથી બદલો લઈ લીધો. ફારૂકે આ'ઝમે હઝરત અમ્રને ફર્માવ્યું, તમે ક્યારથી ઈન્સાનોને ગુલામ બનાવી લીધા જ્યારે કે એઓ પોતાની માંઓના પેટેથી આઝાદ પેદા થયા ? તેમણે અર્ઝ કરી, અમીરુલ મો'મિનીન ! આ કિસ્સાની ન મને જાણ થઈ અને ન તો આ મારી પાસે ફરિયાદ માટે આવ્યો. *(કન્ઝુલ ઉમ્માલ, ૧૪/૩૦૯)*

★ હઝરત ઉમર رضی اللہ عنہનો હુકમ હતો કે તમામ હાકિમો હજ્જના દિવસોમાં મક્કા આવે. એ મોકાએ હઝરત ઉમર رضی اللہ عنہ સૌની સમક્ષ એલાન કરતા કે કોઈને પોતાના હાકિમ સંબંધે કોઈ શિકાયત હોય તો રજૂ કરે હું તેનો ઈન્સાફ કરીશ. મેં અમલદારોને એટલા માટે મુકર્રર કર્યા નથી કે તમને મારપીટ કરે અથવા તમારા માલ તથા આબરૂ પર હાથ નાખે. મેં તેમને એટલા માટે મોકલ્યા છે કે તમને દીનની તા'લીમ આપે અને તમારા નબી ﷺની સુન્નત શીખવાડે. જેની સાથે એની વિરુદ્ધનો વર્તાવ થયો હોય તે રજૂ કરે હું બદલો અપાવીશ.

એકવાર આવું એલાન કર્યું તો પૂરા હજજના મજમામાંથી એક શખ્સ ઉભો થયો અને કહ્યું કે અમારા અમલદારે (અમ્ર ઈબ્ને આસે) મને સો કોરડા માર્યા છે. હઝરત ઉમરે પૂછતાછ કરી અને ફરિયાદીને કહ્યું, ઉઠ ! તારા ગવર્નરથી બદલો લે ! હઝરત અમ્રએ કહ્યું, અમીરુલ મો'મિનીન ! જો તમે અમલદારોની વિરુદ્ધ કેસાસ (બદલા)નો દરવાજો ખોલ્યો તો તેમના પર ખૂબ જ ભારે પડશે, અને આપના પછી પણ એ થતુ રહેશે. ફર્માવ્યું, હું અમલદારથી કેસાસ (બદલો) કેમ ન અપાવું જ્યારે કે મેં રસૂલુલ્લાહ ﷺને જોયા છે કે પોતાની જાત પાસેથી કેસાસ અપાવતા. ઉઠો ! ફરિયાદી ! તમે બદલો લો ! અમ્રએ કહ્યું, ઈજાઝત આપો અમે એને રાજી કરી લઈએ છીએ. અમીરુલ મો'મિનીને ફર્માવ્યું, એ માફ કરી આપે તો કોઈ વાંધો નથી. ગવર્નરે બસો દીનાર આપીને તેને રાજી કર્યો. દરેક કોરડાને બદલે બે અશરફી ! *(કિતાબુલ ખિરાજ લિલ ઈમામ અબી યૂસુફ, પેજ–૨૩૪, કન્ઝુલ ઉમ્માલ, ૧૪/૩૦૭)*

★ હઝરત અબૂ મૂસા અશ્અરીએ હઝરત ઉમરનાં પત્ની આતિકા બિન્તે ઝયદ બિન અમ્ર બિન નુફૈલને એક દુપટ્ટો તોહફામાં મોકલ્યો. હઝરતે ઉમરે જોયું તો પત્નીને પૂછયું, આ ક્યાંથી આવ્યો ? અર્ઝ કરી, અબૂ મૂસાએ તોહફો મોકલ્યો છે. હઝરત ઉમરે દુપટ્ટો લીધો અને તેમના માથા પર માર્યો, તેણીની સર્વ ખુશી જતી રહી ! પછી હુકમ આપ્યો કે અબૂ મૂસા અશ્અરીને હાજર કરવામાં આવે. લોકોએ હાજર કર્યા, તે ખૂબ જ થાકી ગયેલા હતા. આવતાં જ બોલ્યા, અમીરુલ મો'મિનીન ! જલ્દી ન કરશો ! ફર્માવ્યું, ઉમરની ઔરતો પાસે તોહફા મોકલવાનું કારણ શું છે ? તેઓ જવાબ ન આપી શક્યા. હઝરત ઉમરે દુપટ્ટો ઉઠાવ્યો અને તેમના માથા પર માર્યો અને ફર્માવ્યું, લઈ જાવ ! અમારે એની જરૂરત નથી ! *(તબકાતે ઈબ્ને સઅદ, ઈબ્ને અસાકિર, કન્ઝુલ ઉમ્માલ, ૧૪/૨૧૭)*



પ્રજાના ભલા માટેની રાજનીતિ શીખવી હોય તો રાજકર્તાઓ હઝરત ઉમર رضی اللہ عنہથી શીખે ! ખરેખર જો ઈસ્લામી બંધારણ તથા નીતિ નિયમો પ્રમાણે રાજ્ય સત્તા ચલાવવામાં આવે તો જગતમાં કોઈ દુઃખી, ભૂખ્યુ કે પરેશાન જીવન જીવતું જોવા મળે નહીં.

## ★ પ્રજાની દેખરેખ તથા સેવા ★

★ એકવાર મદીનાના બજારની નજીક કોઈ કાફલો રાતના સમયે આવ્યો. હઝરત ફારૂકે આ'ઝમનો ખિલાફતકાળ હતો. ફારૂકે આ'ઝમને ફિકર પેઠી કે ક્યાંક આ કાફલા પર ચોરો હાથ ન મારી જાય ! હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને ઔફ رضی اللہ عنہના ઘરે આવ્યા. તે રાતના એકાંતમાં નમાઝમાં મશગૂલ હતા. નમાઝ પૂરી કરીને પૂછયું, ઉમર ! અત્યારે શા માટે આવ્યા ? ફારૂકે આ'ઝમે સબબ જણાવ્યો અને ફર્માવ્યું, આવો ! આજની રાત તે કાફલાની પાસબાનીમાં પસાર કરીએ. બંને હઝરાત તશરીફ લાવ્યા અને કાફલાથી થોડે દૂર એક ટેકરી પર બેસી વાતોમાં રાત પસાર કરી દીધી. *(અલ્ કામિલ, ઈબ્ને અષીર, ૨/૪૩૩, તારીખે તિબ્રી, ૪/૨૦૫)*

★ પોતાના ખિલાફતકાળ દરમ્યાન રાતોમાં ગશ્ત કરવું અને પ્રજાની નિગરાની કરવી હઝરત ફારૂકનો નિયમ હતો. તેમના ગુલામ અસ્લમનું બયાન છે કે એક રાત્રે હઝરત ઉમર હર્રા વાકિમની તરફ નીકળ્યા, સાથમાં હું પણ હતો. જ્યારે અમે ''સિરાર''માં પહોંચ્યા તો એક જગાએ આગ સળગતી જોવા મળી. ફારૂકે આ'ઝમે ફર્માવ્યું, ચાલો ! જોઈએ કોણ લોકો ત્યાં છે ? નજીક પહોંચ્યા તો જોયું કે એક સ્ત્રી છે જેની સાથે કેટલાંક બાળકો છે. આગ પર તપેલુ ચઢાવેલું છે અને બાળકો ભૂખે રડી રહ્યાં છે. હઝરત ઉમરે ફર્માવ્યું, السلام عليكم يا أهلَ الضَّوء (યા અહલિન્નાર કહેવું યોગ્ય ન જાણ્યું) સ્ત્રીએ સલામનો જવાબ

આપ્યો. પૂછયું, આ તપેલુ શા માટે રાખ્યું છે ? અને બાળકો શા માટે રડી રહ્યાં છે ? જવાબ આપ્યો, એઓ ભૂખથી રડી રહ્યાં છે અને તપેલુ મેં તેમને બેહલાવવા માટે રાખ્યું છે જેથી સમજે કે કાંઈ રંધાઈ રહ્યું છે અને રડતાં રડતાં સૂઈ જાય. ખુદા અમારી અને ઉમરની વચ્ચે ફેંસલો કરે ! હઝરત ઉમરે ફર્માવ્યું, અલ્લાહ તમારા પર રહમ કરે ! ઉમરને તમારી શું ખબર ? સ્ત્રીએ કહ્યું, તે અમારો વાલી છે તો અમારાથી ગાફિલ તથા બેખબર શા માટે છે ? હઝરત ઉમરે મને ફર્માવ્યું, પાછા ચાલો ! અમે ઝડપભેર પાછા ફર્યા. હઝરત ઉમર ફારૂક અનાજના ગોદામ સુધી પહોંચ્યા અને એક કોથળો લીધો જેમાં આટો, ઘી, ચરબી, ખજૂરો, કપડાં અને દિરહમો રાખ્યા, એટલે સુધી કે કોથળો ભરાઈ ગયો. ફર્માવ્યું, અસ્લમ ! મારી પીઠ પર ચઢાવી દો ! મેં અર્ઝ કરી, આ બોજ લઈ જવાનું કામ તો મારું છે ! પણ તેમણે ઈન્કાર કર્યો. મેં આગ્રહ કર્યો તો ત્રીજી કે ચોથીવાર ફર્માવ્યું, શું કયામતના દિવસે પણ મારા ગુનાહોનો બોજ તમે ઉઠાવશો ? આ સાંભળીને કોથળો મેં તેમની પીઠ પર રાખી દીધો અને અમે ઝડપભેર તે સ્ત્રીની પાસે પાછા આવ્યા. અમીરુલ મો'મિનીને કોથળો તે સ્ત્રીની પાસે રાખી દીધો અને તપેલુ લઈને તેમાં આટો અને થોડીક ચરબી તથા ખજૂરો નાખી દીધી અને પકાવવા લાગ્યા. તપેલા નીચે આગ તેજ કરવા ખૂદ ફૂંકો મારતા. મેં જોયું કે ધૂમાડો તેમની દાઢીની વચ્ચેથી નીકળતો રહેતો હતો અને તે પકાવતા જઈ રહ્યા હતા. ખાવા તૈયાર થઈ ગયું તો સ્ત્રી એક થાળી લાવી જેમાં કાઢી નાખવામાં આવ્યું. ફર્માવ્યું, બાળકોને ખવડાવો ! તે ખાતાં ખાતાં ધરાઈ ગયાં, જે વધ્યું તે સ્ત્રી પાસે છોડીને આવ્યા.

તેમની સાથે હું પણ ઉઠી ગયો. સ્ત્રીએ કહ્યું, ખુદા તમને જઝાએ ખૈર આપે, ખિલાફતના હક્કદાર તમે છો ન કે ઉમર ! ફર્માવ્યું,



સારી વાત કહો, જ્યારે તમે અમીરુલ મો'મિનીનની પાસે જશો તો ત્યાં મને જોશો, ઈન્શાઅલ્લાહ ! હવે હઝરત ઉમર ત્યાંથી હટયા અને થોડેક દૂર જઈને બેઠા, ત્યાં સુધી કે જોયું કે બાળકો ખુશ થઈને એકબીજા સાથે હસતાં રમતાં સૂઈ ગયાં અને તેમને સુકૂન થઈ ગયું, તો અલ્લાહનો શુક્ર અદા કરતા ઉઠયા અને મને ફર્માવ્યું, અસ્લમ ! ભૂખના કારણે એઓ રડી રહ્યાં હતાં અને તેમની ઊંઘ ઉડી ગઈ હતી. મેં ઈચ્છયું કે તેમની ખુશી તથા આરામથી સૂવાની હાલત પણ જોઈ લઉં તો ચાલું. *(અલ કામિલ, ઈબ્ને અષીર, ૨/૪૩૪, કન્ઝુલ ઉમ્માલ, ૧૪/૨૯૬)*

✪ હઝરત સઈદ ઈબ્ને મુસૈયિબ સૈયદુત્તાબઈન ફર્માવે છે : હઝરત ઉમર તેમનાં ઘરો પર જતા જેમના મર્દો બહાર કોઈ જંગમાં જઈ ચૂક્યા છે અને સ્ત્રીઓ પાસે ખબર મોકલતા કે જો તમારે સાધન સામગ્રી લાવવાની જરૂરત હોય તો બતાવો હું લાવી આપું. નહીં તો તમે લોકો ધોકા તથા નુકસાનમાં પડી શકો છો. તેણીઓ પોતાની લોંડીઓને મોકલતી. હઝરત ઉમર બજાર જતા તો તેમની પાછળ ગુલામો અને લોંડીઓની એક ટોળી જતી જેમનાં ઘરો માટે આપ તે જરૂરી ચીજો ખરીદતા. જેમની પાસે પૈસા ન હોય તેમના માટે પોતાની પાસેથી ખરીદી આપતા. *(હયાતુલ હયવાન, અલ્લામા કમાલુદ્દીન દમીરી, ૧/૪૭)*

✪ હઝરત ઉમર પોતાના ખિલાફતના યુગમાં જ્યારે શામ (સીરિયા) ગયા તો પાછા ફરતાં પ્રજાની ખબર પામવા માટે લોકોથી થોડાક દૂર થઈ ગયા. એ દરમ્યાન એક વૃદ્ધાના તંબૂ પાસેથી પસાર થયા. ફર્માવ્યું, ઉમરની કાંઈ ખબર છે ? તેણીએ કહ્યું, શામથી ખૈરિયત સાથે રવાના થઈ ચૂક્યા છે, ખુદા એમને મારા તરફથી જઝાએ ખૈર (ભલો બદલો) ન આપે. ફર્માવ્યું, શું વાત છે ? તેણીએ કહ્યું, જ્યારથી એણે મુસ્લિમોની ખિલાફતની

જિમ્મેદારી સંભાળી છે મને તેના ત્યાંથી એક પૈસો નથી મળ્યો. ફર્માવ્યું, તમે આટલા દૂરના ઠેકાણે રહો છો તો ઉમરને તમારી શી રીતે ખબર પડે ? કહ્યું, સુબ્હાનલ્લાહ ! ખુદાની કસમ ! હું એવું નથી સમજતી કે કોઈ શખ્સ લોકો પર રાજ કરે અને તેને પોતાની સત્તા હેઠળના પૂર્વ તથા પશ્ચિમની ખબર ન હોય ?! આ સાંભળીને ઉમર રડી પડયા અને કહેવા લાગ્યા, ઉમર ! વૃદ્ધા પણ તમારા કરતાં વિશેષ ફકીહ છે ! ફર્માવ્યું, હે ખુદાની બંદી ! ઉમરની તરફથી તમારા પર જે જુલ્મ થયો છે તે કેટલામાં વેચીશ ?! કેમ કે એના પર જહન્નમની તકલીફથી દયા આવે છે. ખુદા તમારા પર રહમ કરે મારી સાથે મઝાક ન કરો ! હઝરત ઉમરે કહ્યું કે હું મઝાક નથી કરતો. અને તેણીને આગ્રહ કરતા રહ્યા, ત્યાં સુધી કે તેણી પાસે પચીસ દીનારના બદલામાં ખરીદી લીધો. એ દરમ્યાન હઝરત અલી અને અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ પણ આવી પહોંચ્યા. અને કહ્યું, ''અસ્સલામુ અલૈકુમ ! હે અમીરુલ મો'મિનીન ! એ સાંભળતાં વૃદ્ધાએ માથા પર હાથ રાખ્યો અને કહ્યું, હાય ! બર્બાદી ! અમીરુલ મો'મિનીનની સામે જ મેં તેમને ભલુબરું કહ્યું ! હઝરત ઉમરે ફર્માવ્યું, ડરો નહીં ! તમારા પર ખુદા રહમ ફર્માવે. પછી લખવા માટે કાગળ માંગ્યો પણ ન મળ્યો તો પોતાની ગોદડી ફાડી એક ટુકડો કાપીને તેના પર લખ્યું :–

''બિસ્મિલ્લાહિર્રહ્માનિર્રહીમ..... આ એનો દસ્તાવેઝ છે કે જ્યારથી ઉમરને ખિલાફત મળી છે તે સમયથી ફલાણા સમય સુધી ફલાણી સ્ત્રીની જુલ્મની ફરિયાદ ઉમરે તેણી પાસેથી પચીસ દીનારમાં ખરીદી લીધી. હવે જો તેણી મેહશરમાં રબ્બુલ આલમીનના સમક્ષ ઉમરની હાજરીના સમયે તેના વિરુદ્ધ દાવો કરે તો ઉમર એનાથી મુક્ત છે. એના પર અલી ઈબ્ને અબૂ તાલિબ તથા ઈબ્ને મસ્ઊદ ગવાહ છે. (رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیۡہِمۡ اَجۡمَعِیۡنَ)''



પછી એ લખાણ પોતાના પુત્રને આપ્યું અને ફર્માવ્યું કે મારા મૃત્યુ બાદ એને મારા કફનમાં રાખી દેજો. *(હયાતુલ હયવાનાત, અઝ : દમીરી, ૧/૪૭, પ્રેસ હિજાઝી કાહિરા, હિ.સ. ૧૩૫૩)*

★ હઝરત તલ્હા رضی اللہ عنہ એકવાર રાતના અંધકારમાં નીકળ્યા. જોયું કે હઝરત ઉમર એક ઘરમાં પ્રવેશ્યા પછી અમુકવાર પછી બહાર આવ્યા. સવારે હઝરત તલ્હા એ ઘરમાં ગયા તો જોયું કે એક અંધ અપંગ વૃદ્ધા એમાં છે. ફર્માવ્યું, આ માણસ (ઉમર) તમારે ત્યાં શા માટે આવે છે ? તેણીએ કહ્યું, અરે ! એ તો આટલા વરસોથી મારી દેખભાળના માટે આવ્યા કરે છે, મારી જરૂરી ચીજો પૂરી પાડે છે, અને ગંદકી દૂર કરે છે. એ સાંભળીને હઝરત અબૂ તલ્હા ફારૂકે આ'ઝમની ખિદમતગુઝારી પર દંગ રહી ગયા. પોતે કહેવા લાગ્યા, તલ્હા તારી માં તારા પર રડે ! તું ઉમરની ખામી શોધવા આવ્યો હતો ?! *(હયાતુલ હયવાનાત, ૧/૪૭, કન્ઝુલ ઉમ્માલ, ૧૪/૨૨૯)*

★ ફારૂકી યુગમાં એકવાર સખત દુકાળ પડયો. ચો તરફ ધૂળ ઉડતી હતી એટલા માટે એ વરસનું નામ ''આમ્મુર્રમાદા'' પડી ગયું. એ જમાનામાં પ્રજાના માટે હઝરત ઉમરની બેચૈની નોંધપાત્ર હતી. ગોશ્ત, ચરબી, ઘી સર્વ ત્યજી દીધું કેવળ ઝૈતૂનના તેલ અને ચાર્યા વિનાના લોટની રોટી પર ગુજારો કરતા હતા. શૃષ્કતાના કારણે પેટ બોલવા લાગ્યું હતું. પણ હઝરત ફારૂકે ફર્માવ્યું, અવાજ કર્યા કર ! તારા માટે અમારી પાસે ઝૈતૂનના તેલ સિવાય કાંઈ જ નથી, ત્યાં સુધી કે લોકોની હાલત સુધરી જાય. તેમના ગુલામ અસ્લમનું બયાન છે કે એમને એવું લાગતું હતું કે જો દુકાળ દૂર ન થયો તો મુસલમાનોના ગમમાં હઝરત ઉમરનું મૃત્યુ થઈ જશે.

એ જ જમાનામાં પોતાના એક નાના બાળકના હાથમાં તડબૂચ જોઈ લીધું. ફર્માવ્યું, અરે ! અમીરુલ મો'મિનીનના પુત્ર ! તું ફળ

ખાઈ રહ્યો છે ? અને ઉમ્મતે મુહમ્મદ ﷺ ભૂખથી કમજોર થઈ ગઈ છે ! બાળક રડતો રડતો ભાગ્યો ! બાદમાં હઝરત ઉમરને જણાવવામાં આવ્યું કે તેણે ખજૂરોના ઠળીયા ભેગા કરીને એક મુઠ્ઠી ઠળીયાના બદલામાં કોઈક રીતે આ ખાવાની ચીજ મેળવી છે. એની જાણ થઈ તો ચુપ થઈ ગયા. *(કન્ઝુલ ઉમ્માલ, ૧૪/૨૫૬, ૨૫૯)*

## ★ રાતોમાં ફેરીઓ ફરી પ્રજાની હાલતનું નિરીક્ષણ ★

રાત ભીની થઈ ચૂકી છે, મદીના તૈયેબહની આખી વસ્તી નૂરની ચાંદનીમાં નહાઈ રહી છે. દિવસ ભરના થાકેલા પાકેલા ચરવાહાઓ પશુઓને ડેરીઓ પર છોડીને મીઠી નિંદ્રા માણી રહ્યા છે. સુખ શાંતિનો સમય છે, રાત્રી જાગરણ કરી ઈબાદત કરનાર ખુદાના ખાસ બંદાઓ ખુદાની યાદમાં ડૂબેલા છે. મુસલમાનોના ખલીફા, મુસલમાનોના અમીર ફારૂકે આ'ઝમ પોતાના ફકીરાના લિબાસમાં પસાર થઈ રહ્યા છે. વસ્તીના એક હિસ્સામાં કાંઈ સળવળાટ જેવું થયું. કદાચ કોઈ મુસાફર તંબુ તાણી રોકાયેલ છે. થાકેલો પાકેલો હશે એવું ન બને કે સુખ શાંતિવાળા શહેરમાં પહોંચીને થાકેલા હારેલા ગાઢ નિદ્રામાં પોઢી જાય અને કોઈ તેનું કાંઈક ચોરી કરી જાય. હું શહેરવાસીઓની જાન તથા માલ અને ઈસ્લામી હદોના અમ્નો અમાન (સલામતી)નો જિમ્મેદાર છું માટે મારે તેના તંબુની દેખરેખ રાખવી જોઈએ. નજીક જઈને જોયું તો તંબુમાંથી કોઈની દર્દભરી સીસકારીઓ આવી રહી છે અને તંબુની બહાર એક મર્દ ઉભો હતો. આપે સલામ કરીને પૂછયું કે, કોણ છે ? મુસાફરે જણાવ્યું કે હું એક ગામડાનો રહેવાસી છું અને અમીરુલ મો'મિનીનની પાસે મારી થોડીક હાજતના માટે આવ્યો છું. આપે પૂછયું, તંબુમાં કોના રડવાનો અવાજ આવી રહ્યો છે ? મુસાફરે કહ્યું, તમે તમારા રસ્તે જાવ ! દરેક વાત પૂછવાની નથી હોતી. આપે અતિ આગ્રહથી



જાણવા ચાહ્યું તો મુસાફરે જણાવ્યું કે, મારી પત્ની પ્રસુતિ પીડાના કારણે રડી રહી છે અને અફસોસ કે કોઈ સ્ત્રી પણ મૌજૂદ નથી જે અત્યારે તેની સહાય કરે.

આપ તરત જ પોતાના ઘરે પાછા ફર્યા અને પોતાની પત્ની ઉમ્મે કુલ્સૂમ બિન્તે અલી رضی اللہ عنہ ને સાથે લઈને, થોડુક અનાજ અને કપડાં વગેરે સાથે લીધાં અને તે મુસાફરના તંબુ પાસે પહોંચી ગયા. હઝરત ઉમ્મે કુલ્સૂમને તંબુની અંદર મોકલ્યાં અને પોતે તંબુ બહાર આગ સળગાવીને ખાવા તૈયાર કરવા લાગ્યા, અને સાથો સાથ મુસાફર સાથે વાતો પણ કરતા રહ્યા. થોડીકવાર પછી તંબુમાંથી નવ જન્મ પામેલનો તીણો અવાજ ગુંજી ઉઠયો. મુસાફરને શું ખબર કે તેની ખબર પૂછનાર, તેની પત્નીની સેવામાં મૌલાએ કાયનાત رضی اللہ عنہ ની પુત્રી અને પોતાની પત્નીને દાયણની હૈસિયતથી રજુ કરનાર પોતાની પીઠ પર અનાજ અને કપડાંનો થેલો લાદીને લાવનાર અને લાકડીઓ સળગાવીને આ ભોજન તૈયાર કરનાર મુસલમાનોનો તે મહાનતાવાળો ખલીફા હઝરત ઉમર ફારૂક ઈબ્ને ખત્તાબ છે, જેના નામથી કૈસર તથા કિસરાના મહેલોમાં ધરતીકંપ પેદા થઈ જાય છે ! હઝરત ઉમ્મે કુલ્સૂમે બાળ જન્મ પછી તંબુની આડમાંથી અવાજ આપ્યો,

અમીરુલ મો'મિનીન ! તમારા મિત્રને પુત્ર જન્મની ખુશી સંભળાવો ! મુસાફરે 'અમીરુલ મો'મિનીન' શબ્દ સાંભળ્યો તો આશ્ચર્યના સાગરમાં ડૂબી ગયો અને ગભરાઈને પોતાના આગલા વહેવાર બદલ માફી માંગવા લાગ્યો. આપે તેને તસલ્લી આપી અને પકાવેલુ ખાણુ સુવાવડવાળી સ્ત્રી માટે હઝરત ઉમ્મે કુલ્સૂમના થકી મોકલ્યું અને જયારે તેણી ખાઈ ચૂકી તો મુસાફરને અતિશય પ્રેમભાવપૂર્વક થપકારી થપકારીને ખવડાવ્યું કે, ઘણા જ થાકેલા છો, રાતભર આરામ નથી કરી શકયા અને પત્નીની તકલીફથી

ખૂબ જ ચિંતિત હતા, ખાઈ લો ! અને સવારે મારી પાસે આવી જજો. સવારમાં મુસાફર ફારૂકી દરબારમાં હાજર થયો તો આપે તેની હાજત પૂરી કરી અને નવ જન્મ પામેલાનો વઝીફો નિશ્ચિત કરીને તેણે ખુશહાલ કરી દીધો.

લાવો ! દુનિયાના ઈતિહાસમાંથી રાજસત્તા ચલાવવાનાં આવાં દ્રષ્ટાંતો જે અબૂબક્ર તથા ઉમર رضی اللہ عنہما ના ખિલાફતકાળમાં ઉપસ્થિત થયા છે ! બેહતરીન વાત કહી અલ્લામા શફીક જોનપૂરીએ કે :–

**'શફીક' ઈમ્કાન હૈ સુકરાતો જાલીનૂસકા લેકિન**
**ઝમાના કર નહીં સકતા અબૂબક્રો ઉમર પૈદા**

## ★ છે કોઈ પ્રજાની આવી ફિકરવાળો હાકિમ ? ★

હઝરત ઉમર رضی اللہ عنہ પ્રજાની ખબરગીરીના માટે બદવીનો લિબાસ પહેરીને મદીના તયબહની આસપાસમાં રાતોએ ચક્કર લગાડયા કરતા હતા. એકવાર નિયમાનુસાર આપ ચક્કર મારી રહ્યા હતા એવામાં એમણે સાંભળ્યું કે એક સ્ત્રી કાંઈક શેઅરો પઢી રહી છે, જેનો ખુલાસો એ છે કે, ''રાત ખૂબ જ વહી ગઈ અને તારાઓ ચમકી રહ્યા છે પણ મને એ વાત જગાડી રહી છે કે મારી સાથે કોઈ રમત કરનાર નથી. તો હું ખુદાની કસમ ખાઈને કહું છું કે જો મને અલ્લાહના અઝાબનો ખૌફ ન હોત તો આ ચારપાઈના પાયા હાલક ડોલક થાત. પરંતુ હું મારા નફસની સાથે એ નિગેહબાન તથા મવક્કલથી ડરું છું જેનો કાતિબ (લખનારો) કદી નથી થાકતો.''

આ શેઅરોને સાંભળીને હઝરત ઉમર رضی اللہ عنہ એ એ સ્ત્રીથી પૂછયું કે તારો શો મામલો છે કે આ કસમના શેઅરો પઢી રહી છે ?! તેણીએ કહ્યું કે મારો પતિ કેટલાય મહિનાઓથી જંગ પર



ગયો છે એના મિલનના શોખમાં આ શેઅરો પઢી રહી છું. સવાર થતાં જ આપે તેના પતિને બોલાવવા માટે કાસિદ મોકલી આપ્યો. અને આપનાં પત્ની ઈન્તેકાલ કરી ચૂક્યાં હતાં જેથી આપે આપનાં સાહબઝાદી ઉમ્મુલ મો'મિનીન હઝરત હફ્સા رضی اللہ عنہا ને પૂછયું કે સ્ત્રી કેટલા સમય સુધી પતિ વિના રહી શકે છે ? આ સવાલને સાંભળીને હઝરત હફ્સા رضی اللہ عنہا એ શર્મના કારણે પોતાનુ માથુ ઝુકાવી લીધું અને કાંઈ જવાબ ન આપ્યો. આપે ફર્માવ્યું કે ખુદા તઆલા હક્ક વાતમાં શરમ નથી કરતો. તો હઝરત હફસાએ હાથના ઈશારાથી બતાવ્યું કે ત્રણ મહિના અથવા વધુમાં વધુ ચાર મહિના. તો હઝરત ઉમર رضی اللہ عنہ એ હુકમ બહાર પાડયો કે ચાર મહિનાથી વધુ કોઈ સૈનિકને જંગમાં રોકવામાં ન આવે. *(તારીખુલ ખુલફા)*

એક રાત્રે આપ ગશ્ત (શહેરનો ચક્કર) કરી રહ્યા હતા એવામાં એક મકાનમાંથી અવાજ આવ્યો કે બેટી ! દૂધમાં પાણી મેળવી દે ! પુત્રીએ કહ્યું, મા ! અમીરુલ મો'મિનીનનો હુકમ તમને યાદ નથી રહ્યો જેમાં એલાન કરવામાં આવ્યું છે કે દૂધમાં કોઈ વ્યક્તિ પાણી ન મિલાવે. માએ કહ્યું, અમીરુલ મો'મિનીન અહીં જોવા નહીં આવે ! પાણી મીલાવી દે ! પુત્રીએ કહ્યું, હું એવું નથી કરી શકતી કે ખલીફાની સમક્ષ આજ્ઞાપાલનનો ઈકરાર અને પીઠ પાછળ તેમની નાફર્માની ! એ વખતે હઝરત ઉમર رضی اللہ عنہ ની સાથે હઝરત સાલિમ رضی اللہ عنہ હતા, આપે તેમને ફર્માવ્યું કે આ ઘરને યાદ રાખજો અને સવારના સમયે પરિસ્થિતિની જાણ મેળવીને મને બતાવશો. હઝરત સાલિમ رضی اللہ عنہ એ દરબારે ખિલાફતમાં રિપોર્ટ રજૂ કર્યો કે પુત્રી ખૂબ જ નેક, યુવાન તથા વિધવા છે, કોઈ પુરૂષ એની દેખભાળ કરનાર નથી, મા પણ બેસહારા છે. આપે તે જ વખતે પોતાના સર્વ પુત્રોને બોલાવીને ફર્માવ્યું કે

તમારામાંથી જે ચાહે આ છોકરી સાથે નિકાહ કરી લે, તો હઝરત આસિમ رضی اللہ عنہ તૈયાર થયા. આપે તે વિધવાને બોલાવીને હઝરત આસિમ رضی اللہ عنہ સાથે નિકાહ કરીને પોતાની વહુ બનાવી લીધી. *(અશ્રાએ મુબશ્શિરા)*

આ પ્રસંગને એક ગૈર મુક઼લ્લિદ મોલ્વીએ એક જલસામાં વર્ણવ્યા પછી આ શબ્દોમાં તારણ કાઢયું કે જુઓ ! અમીરુલ મો'મિનીન હઝરત ઉમર رضی اللہ عنہ આટલા ઉચ્ચ ખાનદાનના હોવા છતાં પોતાના પુત્રની શાદી એક ગોવાલણ સાથે કરી આપી, જેથી હનફીઓનો કફૂવાળો મસ્અલો ગલત છે, સંજોગોવસાત એ તક઼રીર સાંભળવા એક સુન્ની મોલ્વી પણ ગયા હતા. ગૈર મુક઼લ્લિદની આ તક઼રીરથી પ્રભાવિત થઈને તેમણે એવો ખયાલ ક઼ાયમ કરી લીધો કે ખરેખર કફૂનો મસ્અલો ગલત જણાય છે ! એ વાત એમણે એક સુન્ની હનફી મુફતીને વર્ણવી. તો મુફતી સાહબે ફર્માવ્યું કે ગૈર મુક઼લ્લિદે ધોકાથી કામ લીધું જેને આપ સમજી ન શક્યા. હનફીઓને ત્યાં છોકરાના તરફથી કફૂ હોવાનો એતબાર નથી, તે નાનામાં નાની બિરાદરી તથા ખૂબ કમ દરજાની છોકરી સાથે પણ નિકાહ કરી શકે છે ! કફૂ હોવાનો એતબાર કેવળ છોકરીના તરફથી છે કે બાલિગ હોવા છતાં પોતાના વાલી (વલી)ની રજા વિના તેણી ગૈર કફૂ સાથે નિકાહ નથી કરી શકતી. જેમ કે હનફી ફિક઼્હની આમ કિતાબોમાં વર્ણન થયેલ છે. તો મોલ્વી સાહબે સ્વીકાર કર્યો કે ખરેખર હું ગૈરમુક઼લ્લિદના ધોકામાં આવી ગયો હતો. એના પર હઝરત મુફતી સાહબે ફર્માવ્યું કે એટલા માટે જ બદ્‌મઝહબોની તક઼રીરો સાંભળવાનું મના કરવામાં આવ્યું છે કે જ્યારે તમો દસ વરસ ઈલ્મે દીન હાંસલ કરવા છતાં એમના ધોકામાં આવી ગયા તો સામાન્ય પબ્લિકનો શો હાલ થાય ?! વળી કોઈ મોલ્વીની તક઼રીર સાંભળવી એ પણ દીન હાંસલ કરવું છે, અને હદીષ



શરીફમાં છે કે, "જોઈ લો તમે તમારો દીન કોની પાસેથી હાંસલ કરી રહ્યા છો !" *(મુસ્લિમ, મિશ્કાત–૩૭)*

જેથી કોઈપણ બદ્‌મઝહબ (શીઆ, વહાબી, દેવબંદી, મૌદૂદી, ગૈર મુક઼લ્લિદ, ક઼ાદયાની, સુલહે કુલ્લી વાતો કરનારા મોલ્વી જેમ કે પ્રો. તાહિરુલ ક઼ાદરી પાકિસ્તાની વગેરે)ની તક઼રીર સાંભળવી હરામ તથા નાજાઈઝ છે. અને જે લોકો એવું કહે છે કે અમારા પર કોઈ બદ્‌મઝહબની તક઼રીરની અસર નથી થઈ શકતી તે ખૂબ જ ગલતફહમીમાં સપડાયેલો છે. જ્યારે કે દસ વરસ પઢેલો મોલ્વી પર બદ્‌મઝહબની તક઼રીરની અસર પડી ગઈ તો અન્ય લોકોની શું હક઼ીક઼ત છે !

## ★ બયતુલમાલથી વઝીફો ★

હઝરત ઉમર رضی اللہ عنہ રાત દિવસ ખિલાફતનાં કામો અંજામ આપતા હતા પણ બયતુલમાલથી કાંઈ ખાસ વઝીફો લેતા ન હતા. જ્યારે આપને ખલીફા બનાવવામાં આવ્યો તો અમુક દિવસો પછી આપે લોકોને ભેગા કરીને જણાવ્યું કે, હું પહેલાં વેપાર કર્યા કરતો હતો, અને હવે તમે લોકોએ મને ખિલાફતના કામમાં વ્યસ્ત કરી આપ્યો છે તો હવે મારા જીવનનિર્વાહની શી રીત રહેશે ?! લોકોએ વિવિધ માત્રામાં વઝીફો તજવીઝ કર્યો. હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم એ ફર્માવ્યું કે મધ્યમ તરીક઼ા પર આપના ઘરવાળાંઓ માટે તથા આપના માટે પૂરતુ થઈ જાય તે જ નિશ્ચિત કરી લો. હઝરત ઉમર رضی اللہ عنہએ આ રાયને પસંદ કરી અને સ્વીકારી લીધી. આ રીતે બયતુલ માલથી મધ્યમ કક્ષાની માત્રા આપના માટે નિશ્ચિત થઈ. કેટલાક દિવસો બાદ એક મજલિસ જેમાં હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم પણ હતા તેમાં એવું નક્કી થયું કે ખલીફતુલ મુસ્લિમીનના વઝીફામાં વધારો કરવો જોઈએ કેમ કે જીવન નિર્વાહમાં તેમને તંગી પડે છે, પણ કોઈની હિંમત ન થઈ કે તે આપને કહે ! તો એ

લોકોએ ઉમ્મુલ મો'મિનીન હઝરત હફસા رضی اللہ عنہاને વસીલો બનાવ્યો અને તાકીદ કરી આપી કે અમારા લોકોનું નામ ન બતાવે ! જ્યારે હઝરત હફસાએ આપને વાત છેડી તો આપનો ચહેરો ગુસ્સાથી લાલ થઈ ગયો અને આપે લોકોનાં નામ પૂછયાં. હઝરત હફસા رضی اللہ عنہاએ કહ્યું કે તમારું મંતવ્ય જણાવો ! આપે ફર્માવ્યું કે જો મને તેમનાં નામોની ખબર થઈ જાત તો હું તેમને સખત સજા આપત ! એટલે આપે લોકોની રાય છતાં વઝીફાના વધારાને પોતાના માટે મંઝૂર ન કર્યો બલ્કે એના પર અધિક નારાજગી દર્શાવી.

અહીં એક મિનિટ રોકાઈ જાવ ! અને જુઓ કે વર્તમાન રાજકરણીઓ પ્રધાન મંત્રીઓના પગારો થોડા સમય પર ડબલ કરી દેવામાં આવ્યા અને સાથે અન્ય ભથ્થાં ડબલ કરી દેવાયાં પણ પ્રજાના કહેવાતા સેવકોમાંથી એક પક્ષવાળાએ પણ જરાય વિરોધ કર્યો નહીં ! આ તેમની અસલિયતને જાહેર કરી આપે છે. જ્યારે આ ઈસ્લામી ખલીફા છે કે મધ્યમ વર્ગ જેટલામાં સહેજ વધારો કરવા તેમના સમજુ સાથીઓ કહે છે તો ગુસ્સે થઈને તેનો ઈન્કાર કરે છે ! આને પ્રજાનો સાચો સેવક કહેવામાં આવે છે.

વળી જેઓ બયતુલ માલ કે લોકોની ઝકાતની રકમ ભેગી કરીને સંસ્થાઓ ચલાવતા હોય તેઓ પણ આના પરથી બોધ ગ્રહણ કરે કે તેને પોતાની મરજી મુજબ ન વાપરે ન પોતે કે પોતાનાંઓને લાભ પહોંચાડવામાં લાગી જાય બલ્કે સર્વ મુસલમાનોના હક્કને સમજીને તેને યોગ્ય રીતે યોગ્ય ઠેકાણે જ વાપરે. આ પણ બોધ હઝરત ઉમર رضی اللہ عنہ આપી રહ્યા છે. ''દલા તરવાડી''ની વાર્તા જેમ વાર્તા જેમ જાતે જ માલની ઉજાણી ન કરી નાખે !

## ★ વસીલો બનાવવો સહાબાની સુન્નત છે ★

આપના ખિલાફતકાળમાં એકવાર જબરદસ્ત દુકાળ પડયો.



આપે વરસાદ તલબ કરવા માટે હઝરત અબ્બાસ رضی اللہ عنہની સાથે નમાઝે ઈસ્તિસ્કા અદા કરી. હઝરત ઈબ્ને ઔફ ફર્માવે છે કે હઝરત ઉમર رضی اللہ عنہએ હઝરત અબ્બાસ رضی اللہ عنہનો હાથ પકડયો અને તેને ઊંચો કરીને આ પ્રમાણે બારગાહે ઈલાહીમાં દુઆ કરી : ''યા ઈલાહલ આલમીન ! અમે તારા નબી صلی اللہ علیہ وسلمના કાકાને વસીલો બનાવીને તારી બારગાહમાં અરજ કરીએ છીએ કે દુકાળને દૂર કરી આપ ! અને અમારા પર રહમતવાળી વર્ષા વરસાવ !'' આ દુઆ માગીને હજી આપ પરત પણ થયા ન હતા એવામાં વરસાદ શરૂ થયો અને કેટલાય દિવસો સુધી સતત વરસતો રહ્યો.'' *(તારીખુલ ખુલફા-૯૦)*

જાણવા મળ્યું કે હુઝૂર صلی اللہ علیہ وسلم સાથે નિસ્બત રાખનારાઓને પોતાની કોઈ હાજતના માટે વસીલો બનાવવું શિર્ક નથી બલ્કે હઝરત ઉમર رضی اللہ عنہનો તરીકો તથા તેમની તથા સર્વ સહાબાની સુન્નત છે અને હુઝૂર صلی اللہ علیہ وسلمનો ઈર્શાદે ગિરામી છે, મારી તથા ખુલફાએ રાશિદીનની સુન્નતને અપનાવો. (મિશ્કાત શરીફ-૩૦) હવે લોકો વિચારે કે વસીલાને શિર્ક કહેનારા વહાબીઓની મતિ ક્યાં મારી ગઈ છે કે **જેને હુઝૂર صلی اللہ علیہ وسلم સુન્નત કહે છે તેને જ તેઓ શિર્ક કહે છે !** જેથી આ ગુમરાહોથી દૂર રહો અને ઈમાનને સલામત રાખો.

## ★ ઝોહદો કનાઅત (થોડામાં રાજી રહેવું) ★

હઝરત અકરમા ઈબ્ને ખાલિદનું બયાન છે કે હઝરત હફસા અને અબ્દુલ્લાહ વગેરેએ હઝરત ઉમરને કહ્યું, જો તમે ઉમદા ખોરાક ખાતા તો એ હક્કની અદાયગીના માર્ગમાં આપના માટે અધિક શક્તિનો સબબ થાત. ફર્માવ્યું, શું તમારા સૌની આ જ રાય છે ?! તેમણે કહ્યું કે, હા ! ફર્માવ્યું, તમારી ખૈર ખ્વાહીનો મને સ્વીકાર છે, પરંતુ મારાથી અગાઉ બંને હઝરાત જે માર્ગે ચાલતા

રહ્યા છે જો મેં તે માર્ગ છોડી આપ્યો તો તેમની મંઝિલ સુધી મારી પહોંચ થઈ શકશે નહીં. *(તારીખે ઈસ્લામ વ વફયાતુલ મુશાહીર વલ અઅલામ, અઝ : શમ્સુદ્દીન મુહમ્મદ ઈબ્ને અહમદ ઝહબી, ૨/૨૬૭, કન્ઝુલ ઉમ્માલ, ૧૪/૨૦૩, તારીખે ખુલફા લિસ્સુયૂતી–૧૨૮)*

✪ હઝરત ઉમરે એક છોકરીને જોઈ કે અપંગતાને કારણે તેના કદમ સીધા નથી પડતા. ફર્માવ્યું, કોણ છે ? હઝરત અબ્દુલ્લાહે અર્ઝ કરી, આપની પુત્રી છે. ફર્માવ્યું, આ મારી કઈ પુત્રી છે ? અર્ઝ કરી, મારી પુત્રી છે ! ફર્માવ્યું, એને આટલી લાચારી કેમ આવી ? અર્ઝ કરી, આપના ખિલાફતકાળે તેની આ દશા કરી દીધી છે ! ખર્ચ આપ આપતા નથી ! ફર્માવ્યું, અબ્દુલ્લાહ ! ખુદાની કસમ ! હું તમારી ઔલાદની કિફાયત નથી કરી શક્તો ! તમે જાતે જ તેની વ્યવસ્થા કરો ! *(તારીખે ઝહબી, ૨/૨૭૧, મનાકિબે ઉમર, ઈબ્ને જવઝી–૧૦૫, તબકાતે ઈબ્ને સઅદ, ૩/૨૭૭)*

✪ હઝરત ઉમરની સાસરી પક્ષના એક ભાઈ આવ્યા અને ઈચ્છા કરી કે બયતુલ માલથી કાંઈક આપી દેવામાં આવે. **હઝરત ઉમરે તેમને ખખડાવ્યા અને ફર્માવ્યું, તમે એવું ચાહો છો કે હું ખયાનત (અપ્રમાણિક્તા) કરનાર બાદશાહના રૂપમાં ખુદાને ત્યાં પહોંચી જાઉં !** પછી પોતાના અંગત માલમાંથી તેમને દસ હજાર દિરહમ અતા કર્યા. *(તારીખે ઝહબી, ૨/૨૭૧, તબકાતે ઈબ્ને સઅદ, ૩/૩૦૩,૩૦૪, તારીખે ખુલ્ફા લિસ્સુયૂતિ–૧૩૦)*

✪ હઝરત ઉમર رضی اللہ عنہ પોતાના ખિલાફતકાળમાં ઉનનો જબ્બો પહેરતા જેમાં થિંગડાં લાગેલાં રહેતાં, અમુક થિંગડાં ચામડાનાં પણ હોતાં. એ જ હાલતમાં કોરડો લઈને બજારોમાં ગશ્ત કરતા. લોકોને ગલતીઓ પર સજા આપતા. રસ્તામાં તૂટેલા દોરા અને ઠળીયા જોતા તો વીણી લેતા અને લોકોના ઘરોમાં રાખી



દેતા જેથી લોકો તેનાથી ફાયદો ઉઠાવી શકે.

✪ અબ્દુલ્લાહ ઈબ્ને આમિર વર્ણન કરે છે કે હું એક હજજમાં હઝરત ઉમરની સાથે હતો. ક્યાંય પણ તેમણે ઉતારો કર્યો તો કોઈ શામિયાના કે તંબૂ ન લગાડયો, ઉનની ચાદર અથવા ચામડાનું દસ્તરખાન કોઈ ઝાડ પર લગાડી દેતા અને તેના સાયામાં આરામ કરી લેતા.

### ★ તવાઝોઅ : આજિઝી–નમ્રતા ★

મુલ્કે શામ (સીરીયા)ના ઈલાકામાં ઈસ્લામના મુજાહિદો કાફિરો સાથે ટક્કર લઈ રહ્યા છે અને દુશ્મન ઝેર થઈ રહ્યા છે. એ દરમ્યાન દુશ્મનો તરફથી રજુઆત થઈ કે અમે લોકો બયતુલ મુકદ્દસની ચાવીઓ વિના લડાઈએ આપ લોકોને સુપ્રત કરવા તૈયાર છીએ પણ અમે ખૂદ મુસલમાનોના ખલીફા અને અમીરુલ મો'મિનીનથી એ મામલો કરવા ચાહીએ છીએ.

મદીના તૈયેબહ હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہ ની પાસે કાસિદ મોકલવામાં આવ્યો અને અમીરુલ મો'મિનીન આવવા માટે રાજી થઈ ગયા. શામ અને બયતુલ મુકદ્દસના ઈલાકામાં અમીરુલ મો'મિનીનના આગમનનો શોર મચી ગયો. નિશ્ચિત સમયે શામવાસીઓ ઘરોથી બહાર નીકળીને મુસલમાનોના મહાન ખલીફાના દીદાર કરવાના માટે રાહ જોઈ રહ્યા છે. ઘણી રાહ જોયા પછી ધૂળની ડમરીઓમાંથી એક ઊંટ પર સવાર થયેલ અને એક લગામ પકડીને ચાલતો શખ્સ દેખાવા લાગ્યો. એ હતા મુસલમાનોના અમીર ખલીફતુલ મુસ્લિમીન ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ અને તેમના ગુલામ. મદીના શરીફથી અહીં સુધીની મુસાફરી એ રીતે થઈ કે અમીરુલ મો'મિનીન ઊંટ પર સવાર થતા તો ગુલામ પગપાળા ચાલતો અને ગુલામ ઊંટ પર બેસતો તો આપ પગપાળા ચાલતા. ઊંટની બીજી બેઠકના સ્થાને અમીરુલ

મો'મિનીનનો સફરનો સામાન સત્તુ વગેરે અને ઊંટનો ખોરાક ખજૂરના ઠળીયા લદાયેલ હતા. જ્યારે મંઝિલ નજીક આવી પહોંચી તો ગુલામે અર્ઝ કરી, હે અમીરુલ મો'મિનીન ! લોકો આપના સ્વાગત માટે આવી રહ્યા છે અને તમે પગપાળા ચાલી રહ્યા છો ! તમે ઊંટ પર બેસો અને હું પગપાળા ચાલુ છું. આપે તેને કબૂલ ન કર્યું અને કહ્યું, મારી ઊંટ પર સવારીની વારી ખત્મ થઈ ચૂકી છે અને હવે તમારી વારી છે અને ઉમરથી એ નથી થઈ શકતું કે બીજાનો હક્ક મારે. શામવાસીઓ ઊંટ સવાર ગુલામને મુસલમાનોના અમીર સમજ્યા પણ ઈસ્લામના ગાઝીઓએ બતાવ્યું કે અમીરુલ મો'મિનીન અસલમાં તે છે જે ગુલામને ઊંટ પર બેસાડીને મહાર પકડીને આવી રહ્યા છે. સમાનતા અને હક્કને અદા કરવાની આ ચમકતી મિષાલ (દ્રષ્ટાંત)ને જોઈને શામવાસીઓએ ફર્માનના પાલન માટે માથુ નમાવી લીધું અને બયતુલ મુકદ્દસની કૂંચીઓ આપના કદમોમાં રાખી દીધી.

કોઈ મામૂલી હોદ્દો કે સ્થાન મળ્યા બાદ પોતાને પૂર્વવત રવિશ પર યથાવત રાખવું અને સામાન્ય લોકો જેમ જીવન જીવવું ઘણુ જ મુશ્કેલ હોય છે. ગવર્નર કે સુલ્તાન અથવા ખલીફાનો હોદ્દો તો ખૂબ જ ઊંચો છે, આટલે સુધી પહોંચ્યા બાદ સામાન્ય મળતા જુલતા તો દૂર રહ્યાં ખાસ સગાંઓ કુટુંબીજનો અને ખાસમાં ખાસ દોસ્તોનો લેહાજ પણ જવલ્લેજ જોવા મળે છે. કોઈની સામે જિમ્મેદારીઓ તથા વ્યસ્તતા (કામો)નો ઢગલો આડો થાય છે તો કોઈના દિમાગમાં એની સાથે લીડરશીપના ઘમંડનો નશો પણ સમાયેલો હોય છે. પરંતુ કુર્બાન જાવ ખુલફાએ રાશિદીનની સીરત (જીવન શૈલી) પર કે આટલી મહાન તથા વિશાળ સલ્તનતના સત્તાધારી હોવા છતાં એવી જીવન પદ્ધતિ અપનાવી કે અજાણ્યો માણસ ફર્ક કરી શક્તો ન હતો કે કોણ ખલીફા છે અને કોણ સામાન્ય માનવ ! કૈસર તથા કિસ્રાના એલચી આવતા અને તેમની



મામૂલી ખાકસારી ભર્યી જિંદગી જોઈને દંગ રહી જતા.

✪ ખિલાફત પહેલાં હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہ નો નિયમ હતો કે કમજોરો તથા નાદારોનું કામ કરી આપ્યા કરતા, મહોલ્લાની છોકરીઓ પોતાની બકરીઓ લઈને આવતી તો તેનું દૂધ દોહી આપતા. જ્યારે ખલીફા બન્યા તો એક છોકરીએ કહ્યું, હવે આપણી બકરીઓનું દૂધ દોહશે નહીં ! હઝરત અબૂબક્રએ સાંભર્ળ્યું તો ફર્માવ્યું, કેમ નહીં ! કસમથી મારો હજી પણ એ જ નિયમ રહેશે, મને ઉમ્મીદ છે કે ખિલાફત મારી પાછલી સેવાઓના ક્રમમાં ફરક નહીં લાવી શકે. *(અલ્ કામિલ, ઈબ્ને અષીર, ૨/૨૬૬)*

✪ હઝરત ઉમર رضی اللہ عنہ મદીનાની નજીક રહેનારી એક અંધ વૃદ્ધાની દેખભાળ માટે જતા રહેતા હતા. તેણી માટે પાણી ભરી લાવતા, અને અન્ય કામો કરી આપતા. અમુક દિવસો પછી જોયું કે કોઈ બીજો માણસ તેમનાથી પહેલાં આવીને સર્વ કામો કરી જાય છે. ખૂબ જ કોશિશ કરી કે ખૂદ પહેલાં પહોંચે પણ ન થઈ શક્યું. એકવાર રાહ જોઈને તાકમાં બેસી રહ્યા કે જોઈએ કોણ આવે છે ? જોયું કે હઝરત અબૂબક્ર છે જે એમનાથી પહેલા આવી જાય છે એ વખતે હઝરત અબૂબક્ર ખલીફા થઈ ચૂક્યા હતા. *(ઈબ્ને અસાકિર, તારીખે ખુલફા, પેજ–૮૦)*

✪ એકવાર બયતુલ માલનું એક ઊંટ ભાગી નીકળ્યું. હઝરત ઉમર તેની તલાશમાં નીકળ્યા. બરાબર એ જ વખતે એક રઈસ અહનફ ઈબ્ને કૈસ આપને મળવા માટે આવ્યા. જોયું કે હઝરત ઉમર દામન ચઢાવીને આમ તેમ દોડી રહ્યા છે. અહનફને જોઈને ફર્માવ્યું, આવો ! તમે પણ મારો સાથ આપો ! બયતુલ માલનું એક ઊંટ નાસી છૂટયું છે. એક ઊંટમાં જાણો છો કેટલા ગરીબોનો હક્ક હશે ? કોઈએ કહ્યું, અમીરુલ મો'મિનીન ! ખૂદ શા માટે જેહમત

ઉઠાવો છો ? કોઈ ગુલામને ફર્માવો, તે ખૂદ શોધી લાવશે ! ફર્માવ્યું, મારાથી વધીને કોણ ગુલામ હશે ?!

### ★ ન્યાય તથા સમાનતા ★

✪ ફારૂકી યુગમાં મિસ્રના ગવર્નર હઝરત અમ્ર ઈબ્ને આસ رضی اللہ عنہ હતા. તેમના પુત્રએ કોઈ વાત પર કોઈ મિસ્રીને કોરડો માર્યો અને પોતાના મા બાપની બડાઈનું વર્ણન કરી અને તેના પર ઘમંડમય શબ્દો કહ્યો. ફારૂકી દરબારમાં કેસ દાખલ થયો. અમીરુલ મો'મિનીન હઝરત ઉમર ઈબ્ને ખત્તાબ رضی اللہ عنہ એ એ મિસ્રીને અમ્ર ઈબ્ને આસના પુત્રથી એ જ પ્રમાણે બદલો લેવાનો ફેંસલો આપી દીધો અને મિસ્રના ગવર્નરને કહ્યું કે,

"તમે કયારથી લોકોને ગુલામ બનાવી દીધા ?! જ્યારે કે આ સૌ લોકો પોતાની માં ના પેટથી આઝાદ પેદા થયા છે." *(સૂ. નૂન વલ કલમ, ૬૮/૪)*

✪ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ تعالیٰ عنہما એ કેટલાંક ઊંટો ખરીદયાં અને સરકારી ચરાગાહમાં ચરવા માટે મોકલી આપ્યાં. તાજાં થઈ ગયાં તો વેચવાના માટે બજારે લઈ ગયા. ફારૂકે આ'ઝમે બજારમાં જોયું તો પૂછયું, આ તાજાં ઊંટો કોનાં છે ? બતાવવામાં આવ્યું કે અબ્દુલ્લાહ ઈબ્ને ઉમરનાં છે. અમીરુલ મો'મિનીને એમને બોલાવ્યા અને સ્થિતિ માલૂમ કરી. તેમણે અર્ઝ કરી, મેં એને ખરીદયાં અને ચરાગાહ (ગોચર)માં મોકલી આપ્યાં. એનાથી જેવી રીતે અન્ય મુસલમાનોને ફાયદો ઉઠાવવાનો હક્ક છે મેં પણ એ જ ફાયદો ઉઠાવવા ચાહ્યું. ફર્માવ્યું, અમીરુલ મો'મિનનો પુત્ર હોવાને લીધે સરકારી નોકરોએ તમારા ઊંટોની દેખભાળ કરી, ખૂદ તમે તેના માટે નોકર નથી રાખ્યો. એટલા માટે ઈન્સાફ એ છે કે ઊંટો વેચીને તમારી મૂડી લઈ લો અને બાકી રકમ સરકારી ખજાનામાં દાખલ કરી આપો. (કન્ઝુલ ઉમ્માલ, ૧૪/૩૦૭)



✪ બની મખ્ઝૂમનો એક શખ્સ હઝરત અમીર મુઆવિયાના પિતા અબૂ સુફયાનની વિરુદ્ધ ફારૂકે આ'ઝમ પાસે ફરિયાદ લાવ્યો કે તેમણે મારી જમીનની હદના બારામાં મારી સાથે જુલ્મ કર્યો છે. અમીરુલ મો'મિનીને ફર્માવ્યું, હું એ હદને જાણું છું કેમ કે ઘણીવાર અમે મક્કાના છોકરાઓ સાથે ત્યાં રમ્યા કરતા હતા. જ્યારે હું મક્કા આવીશ તો મને મળજો. જ્યારે ફારૂકે આ'ઝમ મક્કા પહોંચ્યા તો તે મખ્ઝૂમી હઝરત અબૂ સુફયાનને લઈને આવ્યો. હઝરત ઉમર તે હદ સુધી પહોંચ્યા અને જોયા પછી ફર્માવ્યું, અબૂ સુફયાન ! તમે હદમાં તબદીલી કરી લીધી, આ પથ્થર અહીંથી ઉઠાવો અને ત્યાં રાખો. તેમણે ઈન્કાર કર્યો તો તેમને કોરડો ફટકાર્યો અને ફર્માવ્યું, આજ્ઞાપાલન કરો ! તમારી માં ન હોય ! અબૂ સુફયાને પથ્થર ઉઠાવ્યો અને ત્યાં રાખ્યો જ્યાં રાખવાનો ફારૂકે આ'ઝમે હુકમ આપ્યો. હઝરત ઉમરે કિબ્લા તરફ ચહેરો કરીને કહ્યું, અલ્લાહ શુક્ર છે તારો કે મેં અબૂ સુફયાનના નફ્સની ખ્વાહિશ પર કાબૂ મેળવ્યો, અને તેને ઈસ્લામના હુકમની તાબેદારી માટે મજબૂર કર્યો. અબૂ સુફયાને પણ ખાનએ કા'બા તરફ રુખ કર્યું અને કહ્યું, અલ્લાહ ! તારો શુક્ર છે કે મૌતથી પહેલાં ઈસ્લામની આ વકઅત (પ્રભાવ) મારા દિલને નસીબ થઈ કે ઈસ્લામના હુકમને ખાતર મેં ઉમરની તાબેદારી કરી. *(કન્ઝુલ ઉમ્માલ, ૧૪/૩૧૪)*

આવો ! જુઓ ! અમીરુલ મો'મિનીન સૈયદના ઉમર ફારૂક رضی اللہ عنہ મદીનાના બજારમાંથી પસાર થઈ રહ્યા છે. એક વૃધ્ધ કમજોર યહૂદી ભીખ માંગી રહ્યો છે. આપે પૂછયું, તમે કોણ છો ? તેણે પોતાના વિશે સર્વ કાંઈ જણાવી દીધું કે, હું એક ગરીબ યહૂદી છું. જિઝયાને ભરપાઈ કરવા ભીખ માંગી રહ્યો છું. આપે તેની વાત સાંભળીને ફર્માવ્યું, જ્યારે તમે જવાન હતા ત્યારે અમે તમારી

પાસેથી જિઝયો લીધો અને વૃધ્ધ થયા તો આ બદહાલીમાં સપડાવી દીધા ! અફસોસ ! અમે તમારી સાથે ઈન્સાફ નથી કર્યો. આપે તેને ઘરે લાવીને જમાડયો અને બયતુલ માલના ખજાનચીને હુકમ આપ્યો કે એને તથા એ પ્રકારના લોકોને એટલો વઝીફો આપવામાં આવે જેનાથી તેઓ પોતે તથા પોતાનાં કુટુંબીઓનું ભરણ પોષણ કરી શકે.

## ★ ખૌફે ખુદા ★

✪ હઝરત અબૂ મૂસા અશઅરી رضی اللہ عنہ એ એકવાર બૈતુલ માલ સાફ કર્યો તેમાં એક દિરહમ રહી ગયો હતો. સંજોગોવસાત હઝરત ઉમરનો કોઈ પુત્ર ત્યાંથી પસાર થયો તો હઝરત અબૂ મૂસા અશઅરીએ તે દિરહમ તેને આપી દીધો. ફારૂકે આ'ઝમે બાળકના હાથમાં દિરહમ જોયો તો પૂછયું, આ તને ક્યાંથી મળ્યો? તેણે જણાવ્યું, હઝરત અબૂ મૂસાએ આપ્યો છે. હવે હઝરત ઉમર હઝરત અબૂ મૂસાની પાસે આવ્યા. ફર્માવ્યું, તમને મદીનામાં ઉમરની ઔલાદથી નબળુ કોઈ ઘર ન મળ્યું ?! તમે ચાહો છો કે એક દિરહમને ખાતર ઉમ્મતની દરેક વ્યક્તિ એ એક દિરહમમાં તેનો જે હક્ક મારવામાં આવે છે તેની માંગણી કરે ? અને આખેરતમાં આપણાથી સવાલ થાય ? એવું કહ્યું અને તે દિરહમ લઈને માલે ગનીમતમાં દાખલ કરાવી આપ્યો. *(કન્ઝુલ ઉમ્માલ, ૧૪/૩૧૮)*

✪ હઝરત ઉમરે હઝરત સલ્માન ફારસી رضی اللہ تعالیٰ عنہ ને પૂછયું, હું બાદશાહ છું કે ખલીફા ? તેમણે કહ્યું કે જો તમે આ જમીનથી એક દિરહમ કે ઓછુવત્તુ વસૂલ કર્યું પછી તેને ત્યાં ખર્ચ્યું જ્યાં તેનો ખર્ચ કરવાનો હક્ક ન હતો તો તમે બાદશાહ છો, ખલીફા નથી. આ સાંભળીને હઝરત ઉમરની આંખો અશ્રુમય બની ગઈ. *(તબકાતે ઈબ્ને સઅદ, કન્ઝુલ ઉમ્માલ, ૧૪/૨૧૪)*



✪ મિસ્રના ગવર્નર હઝરત અમ્ર ઈબ્ને આસે મુઆવિયા ઈબ્ને ખદીજને ફતહે ઈસ્કંદરીયાની ખબર આપવા માટે મદીના ફારૂકે આઝમની પાસે મોકલ્યા. તેઓ પહોંચ્યા તો બપોરનો સમય હતો. સવારી મસ્જિદના દરવાજે બેસાડી અને ખૂદ મસ્જિદની અંદર ચાલ્યા ગયા. થોડીવાર ન થઈ હતી એવામાં એક બાંદી આવી ગઈ કે અમીરુલ મો'મિનીન બોલાવે છે. ખૈર ખબર તથા ખાવા પીવા પછી હઝરત ઉમરે મુઆવિયાને પૂછયું, તમે મારી પાસે આવવાને બદલે મસ્જિદમાં ક્યા વિચારથી જતા રહ્યા ? તેમણે અર્ઝ કરી, મેં વિચાર્યું કે બપોરનો સમય છે, અમીરુલ મો'મિનીન કયલૂલા કરી રહ્યા હશે. ફર્માવ્યું, તમે બુરુ ગુમાન કર્યું ! સાંભળી લો ! જો દિવસે સૂવું છું તો પ્રજાનું નુકસાન અને તેમની બર્બાદી છે અને જો રાતે સૂવુ છું તો મારું પોતાનું નુકસાન છે અને મારી બર્બાદી છે. મુઆવિયા ! આ બંને વાતો હોવા છતાં સૂવાનું કેવું ? *(કન્ઝુલ ઉમ્માલ, ૧૪/૨૨૬)*

## ★ આપની અજોડ સાદગી તથા ઉદારતા ★

બીજા ખલીફા હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ ની સલ્તનત પોતાના યુગની એક અઝીમુશ્શાન સલ્તનત હતી જે દુનિયાના ઘણા મોટા વિસ્તારમાં ફેલાયેલી હતી. મિસ્ર, શામ, ઈરાક, ઈરાન પણ આપની સલ્તનતના વિવિધ હિસ્સા હતા. મદીના મુનવ્વરા એ અઝીમુશ્શાન સલ્તનતનું કેન્દ્ર હતું. પ્રજા ઘણા સુખ અને સમૃધ્ધિની જિંદગી વિતાવી રહી હતી. કેમ કે દુનિયાના દરેક હિસ્સાથી ખિરાજ (જમીન મેહસૂલ) અને મેહસૂલની સૂરતમાં બેશુમાર દૌલત મદીના મુનવ્વરામાં ભેગી થતી હતી, પરંતુ આવી અઝીમુશ્શાન સલ્તનતના ગવર્નર હોવા છતાં હઝરત ફારૂકે આ'ઝમની સાદગીનો એ આલમ હતો કે આપ ગરીબોની જેમ જિંદગી ગુજારતા હતા. એક મામૂલી કાચા પાકા મકાનમાં રહેતા હતા. થીંગડાં લાગેલાં

વસ્ત્રો પહેરતા હતા. એક વેળા ઘરમાં મોડે સુધી રોકાઈ રહ્યા અને લોકો બહાર આપના ઈન્તેઝારમાં હતા. જ્યારે આપ બહાર તશરીફ લાવ્યા તો લોકોને માલૂમ થયું કે આપની પાસે પહેરવાનાં કપડાં ન હતાં. એટલા માટે પહેરેલાં કપડાં ધોઈને સૂકવવા માટે નાખ્યાં હતાં, જ્યારે તે કપડાં સૂકાઈ ગયાં તો તે જ કપડાં પહેરીને બહાર તશરીફ લાવ્યા. મોટાભાગે કમીસ (કફની) પહેરતા હતા. બરનસ એક જાતની ટોપી હતી જે સામાન્યતઃ ઈસાઈ દરવેશો પેહરે છે. મદીના મુનવ્વરામાં પણ લોકો તેનો ઉપયોગ કરવા લાગ્યા હતા એટલા માટે આપ પણ કદી કદી તેનો ઉપયોગ કરતા હતા. આપની મોજડી અરબી બનાવટની હતી જેમાં ચામડાની દોરી લાગેલી હતી. ખોરાક પણ ઘણો સાદો હતો. નિયમાનુસાર આપના દસ્તરખ્વાન પર રોટી અને ઝૈતૂનનું તેલ રહેતું હતું. રોટી મોટા ભાગે ઘઉંના આટાની રહેતી હતી જેને ચાળવામાં ન આવતો હતો, પરંતુ દુકાળના વરસે જવનો બંદોબસ્ત કરી લેવામાં આવ્યો હતો. કદી કદી વિવિધ વસ્તુઓ પણ દસ્તરખ્વાન પર રહેતી હતી, જેમ કે ગોશ્ત, ઝૈતૂન, દૂધ, સબ્ઝી, સિરકો વગેરે. કદી મેહમાન અથવા કોઈ દેશનો રાજદૂત આવી જતો તો તેમને ખાવામાં પરેશાની થતી હતી, કેમ કે તેઓ આવા સાદા અને સિમ્પલ ખોરાકની ટેવવાળા ન હતા.

હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ અઝીમુશ્શાન સલ્તનતના સરદાર હતા પરંતુ અલગથી આપનો બાક઼ાઈદા કોઈ મહેલ ન હતો, બલ્કે આપનો મહેલ મસ્જિદે નબવી હતી, જ્યાં આપ ચટાઈ પર બેસી ફૈંસલાઓ ફર્માવતા હતા. ચોકીદારી (સિક્યૂરીટી) માટે ન કોઈ ચોકીદાર હોતો અને ન કોઈ સૈનિક હોતો. દરેક વ્યક્તિ પોતાના પ્રશ્નોને લઈને વિના રોકટોકે આપની ખિદમતમાં હાજર થતા હતા, અને આપ બધાનાં પ્રશ્નો દર્દમંદી સાથે સાંભળતા



હતા. રાજદૂતો જ્યારે અમીરૂલ મોમિનીનની સાદગી જોતા તો ચોંકી જતા હતા. જેમ કે ઉત્તરી આફ્રિકાનો એક ઈસાઈ ગવર્નર જ્યારે હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہની ખિદમતમાં હાજર થયો તો આપની સાદગી જોઈ ઘણો જ આશ્ચર્યચકિત થયો અને કહ્યું કે મેં આજ સુધી કોઈ અઝીમુશ્શાન સલ્તનતના શહનશાહમાં આવી સાદગી નથી જોઈ, શાયદ મસીહ (હઝરત ઈસા علیہ السلام)એ જે આસ્માની બાદશાહતનો અમોને પૈગામ આપ્યો છે તે આજ છે. હવાજના ગવર્નર હરમુજાને તો હઝરત અમીરૂલ મોમિનીનની સાદગી જોઈને ઈસ્લામ સ્વીકારી લીધો ! તેની ઘટના આમ છે કે જ્યારે હવાજને ફતહ કરી લીધા પછી હરમુજાનને ગિરફતાર કરી હઝરત અમીરૂલ મોમિનીનની ખિદમતમાં પેશ કરવામાં આવ્યો તો તે વેળા હઝરત ફારૂકે આ'ઝમ મસ્જિદે નબવીમાં બિરાજમાન હતા. હરમુજાને જોયું કે ખલીફએ વક્તે થીંગડાં લાગેલાં વસ્ત્રો પહેરેલાં છે અને મસ્જિદે નબવીમાં ચટાઈ ઉપર આરામ કરી રહ્યા છે. હરમુજાન આપની સાદગીને જોઈ ઘણો પ્રભાવિત થયો અને કહ્યું કે આ શાન બાદશાહોની નથી, બલ્કે આ સાદગીમાં તો પેગમ્બરીની ઝલક દેખાઈ રહી છે ! ત્યાર પછી તુરંત ઈસ્લામ સ્વીકારી લીધો. (સુબ્હાનલ્લાહ !)

અહિંયા એ વાત યાદ રહેવી જોઈએ કે અમીરૂલ મોમિનીન હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہની આ સાદગીનો મતલબ એ ન હતો કે આપ રહબાનિયત (સન્યાસી જીવન)ના આગ્રહી હતા અને તેને પસંદ ફર્માવતા હતા. તેનો અંદાઝો સારી રીતે નીચેની ઘટનાથી થઈ જશે.

ઘટના એ છે કે એકવાર એક વ્યક્તિ જેને આપે યમનનો ગવર્નર નક્કી કરી મોકલ્યો હતો તે સારો લિબાસ પહેરીને અને વાળોમાં તેલ નાખીને આપને મળવા માટે આવ્યો, હઝરત ફારૂકે આ'ઝમ

તેને ઉમદા વસ્ત્રોમાં જોઈ ઘણા નારાજ થયા અને તુરંત તે કપડાં ઉતારીને જાડાં કપડાં તેને પહેરાવ્યાં, પછી તે જ વ્યક્તિ બીજી વેળા મળવા આવી તો તેના વાળ વિખરેલા હતા અને કપડાં ફાટેલાં અને જૂનાં હતાં. તેની આ સ્થિતિ જોઈ આપે ફર્માવ્યું, આવું પણ ન થવું જોઈએ કે આદમીના વાળ વિખેરાયેલા હોય અને ન પટ્ટીયો લગાવવી જોઈએ, એટલે કે વાળોને બે ભાગમાં વહેંચી માથાની બંનેવ બાજુ જમાવવા ન જોઈએ. વાતનો નિચોડ એ કે હઝરત ફારૂકે આ'ઝમ ન એકદમ શણગાર અને સજાવટને પસંદ ફર્માવતા હતા અને ન રાહિબો (સન્યાસીઓ)ની જેમ જિંદગી ગુજારવાને પસંદ ફર્માવતા હતા. હક઼ીક઼તમાં હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہની એ સાદગીનું કારણ એ હતું કે આપને એક સમય સુધી રહમતે આલમ ﷺની સોહબતમાં અને તર્બિયતમાં બેસવાનો શર્ફ પ્રાપ્ત થયો હતો જેથી આપે કદાપિ ખિલાફતે ઈસ્લામિયાને પોતાની સલ્તનત ન સમજી. બલ્કે રસૂલુલ્લાહ ﷺની તાલીમાત અને હિદાયતના મુજબ હમેશાં ઈસ્લામી ખિલાફતને અલ્લાહ અને તેના બંદાઓની અમાનત સમજી, અને પોતાને હાકિમ નહીં બલ્કે અલ્લાહની હુકૂમતના અમીન સમજ્યા, અને એ જ હૈસિયતથી ખિદમત આપી. એ જ કારણે હઝરત ફારૂકે આ'ઝમ હમેશાં તહજ્જુદની નમાઝ પછી રડી રડીને અલ્લાહની બારગાહમાં દુઆ માંગ્યા કરતા હતા કે હે અલ્લાહ ! ખિલાફતની જિમ્મેદારીમાં મને પૂરેપૂરો ખરો ઉતારજે ! હું તાક઼ત સુધી તારી મખ્લૂક઼ની ખિદમત કરવા ઈચ્છુ છું પરંતુ જો કદી ભૂલ થઈ જાય તો માફ અને દરગુઝર ફર્માવજે, નહીં તો હું ક્યાંયનો પણ નહીં રહીશ !

### ★ આપણને ઈજ્જત કેવળ ઈસ્લામ પર ચાલવાથી જ મળશે ! ★

એક વેળા એક સહાબીએ હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہને



મહોબ્બતથી અર્ઝ કરી, અમીરૂલ મોમેનીન ! આપની ખિદમતમાં દુનિયાના વિવિધ દેશોથી રાજદૂતો અને બાદશાહો આવે છે. આપે આપની વેશભુષા બદલી કાઢવી જોઈએ અને થીંગડાં લાગેલાં કપડાં પહેરવાનું ત્યાગી દેવું જોઈએ, આટલી મોટી સલ્તનતના ખલીફા માટે આવાં કપડાં પહેરવાં મુનાસિબ અને લાયક નથી. તેમના જવાબમાં આપે ફર્માવ્યું, **''આપણી ઈજ્જત ન સલ્તનતથી છે અને ન કપડાંઓથી, આપણા માટે સૌથી વધુ ફખ્રની વાત ઈસ્લામ છે. જો આપણે ઈસ્લામના તરીક઼ા ઉપર કાયમ છીએ તો દીન અને દુનિયા બંનેવમાં આપણી ઈજ્જત થશે અને જો આપણે એ માર્ગથી હટી જઈશું તો તબાહ અને બરબાદ થઈ જઈશું.''**

આ પરથી તે લોકો પણ બોધ લે જેઓ શરીઅત મુજબ એક મુટ્ઠી દાઢી અને ઈસ્લામી લિબાસને બદલે જીન્સ ચુસ્ત પેન્ટ, ટી શર્ટ અને ટચૂકડી દાઢી રાખીને કહેતા હોય છે કે અમે તો ગૈર મુસ્લિમોને ઈસ્લામ પ્રતિ આકર્ષવા તેમનામાં જઈને દીનની તબ્લીગ કરવા માગીએ છીએ જેથી તેમના જેઓ મોર્ડન લિબાસ પહેરીએ છીએ. તેઓ યાદ રાખે કે ઈસ્લામ ફેલાવવા માટે ગૈર ઈસ્લામી તરીક઼ા અપનાવવા એ ક્યાંની અક઼્લમંદી છે ?!

### ★ વર્તમાન સત્તાધારીઓ કાંઈ બોધ લેશે ?! ★

આપ બૈતુલમાલમાંથી એટલું જ લેતા હતા જેટલું એક મજદૂરના ગુજારા માટે હોય છે. બીજા શબ્દોમાં એવું સમજો કે કેવળ એટલુ લેતા હતા જેનાથી મુશ્કેલીથી આપનું અને આપનાં કુટુંબીજનોનું ભરણ પોષણ થઈ શકે. એક વેળા આપે ખુત્બાના દરમ્યાન ફર્માવ્યું, લોકો ! મને તમારા માલમાં કેવળ એટલો જ હક઼્ક઼ છે જેટલો યતીમ બાળકના માલમાં તેના પાલવાવાળાને હોય છે. દૌલત હશે તો કશુ પણ નહીં લઉં અને જરૂરત પડશે તો પેટ

ભરવાના જેટલું લઈશ, તેના સિવાય મારા ઉપર તમારા બધાના વિવિધ હક્કો છે જેના વિશે તમારે મારાથી પૂછપરછ કરવી જોઈએ. એક એ કે દેશનો મેહસૂલ અને માલે ગનીમત બેકાર જમા ન કરવો જોઈએ અને એ કે જ્યારે મારા હાથમાં ખિરાજ અને માલે ગનીમત આવે તો એને બેકાર ખર્ચ ન કરું અને એ પણ કે હું તમારું દિવસનું મેહનતાણુ વધારી આપું, સરહદોની હિફાઝત કરું અને તમોને ખતરામાં ન નાખું.

હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ આજના હાકિમોની જેમ ન હતા કે કહે કાંઈ અને કરે કાંઈ ! બલ્કે જે કાંઈ ફર્માવતા હતા તેના પર સખ્તીની સાથે અમલ પણ કરતા હતા. એક વેળા માલે ગનીમત આવ્યો. આપની પુત્રી હઝરત હફસા رضی اللہ عنہا જેમને રસૂલે અકરમ ﷺની બીવી હોવાનો શર્ફ પણ હાંસલ હતો. ગનીમતનો માલ આપવાની ખબર સાંભળી આપની બારગાહમાં હાજર થયાં અને અર્ઝ કરી, અમીરૂલ મોમિનીન ! હું નજીકના રિશ્તેદારોમાંથી છું, મને આ માલમાંથી કાંઈક અર્પણ કરો ! હઝરત ઉમર ફારૂકે આ'ઝમે જવાબમાં ફર્માવ્યું, તમારો હક્ક ખાસ મારા માલમાં છે, આ તો આમ મુસલમાનોનો માલ છે ! અફસોસ ! તમે બાપને ધોકો આપવાનું વિચાર્યું ?!

એક વેળા આપ બીમાર થઈ ગયા તો ડોક્ટરે ઈલાજ માટે મધની સલાહ આપી. હવે પરહેઝીનો આલમ જુઓ કે બયતુલમાલમાં મધ મૌજૂદ હતું પરંતુ આમ મુસલમાનોની ઈજાઝત વિના આપે તેમાંથી એક ટીપુ પણ ઉપયોગમાં ન લીધું.

એક વેળા આપની બીવી ઉમ્મે કુલ્સૂમ رضی اللہ عنہાએ રોમના બાદશાહની બીવી પાસે તોહફાના તૌર પર અત્તરની થોડી શીશીઓ મોકલી. કૈસર બાદશાહની બીવીએ તે શીશીઓમાં જવાહેરાત ભરીને મોકલ્યાં. આ વાતનો ઈલ્મ જ્યારે હઝરત ઉમર ફારૂકે



આ'ઝમને થયો તો આપે ફર્માવ્યું, ભલે ને એ અત્તર તમારું હતું પરંતુ જે કાસિદ લઈને ગયો હતો તે સરકારી હતો જેને બયતુલમાલમાંથી પગાર આપવામાં આવે છે, એટલા માટે આ જવાહેરાત તમારા નથી થઈ શક્તાં ! આવું કહીને આપે કૈસરની બીવીએ મોકલેલાં બધાં જવાહેરાત બયતુલમાલમાં જમા કરી દીધા.

હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ સાથે કદી ગવર્નરો એ રીતનો વર્તાવ કરતા જેનાથી તેમનામાં અને આમ લોકોમાં તફાવત નજર આવતો, તો સખ્ત નારાઝગી અને ક્રોધ પ્રદર્શિત કરતા હતા. જેમ કે એક વેળા હઝરત ઈબ્ને મરકદ رضی اللہ عنہએ આપની ખિદમતમાં એકદમ અસામાન્ય અને ટેસ્ટી ખાવા બનાવીને મોકલાવ્યું. આપે પૂછયું, શું બધા મુસલમાનો આવું જ ખાવા ખાય છે ?! અર્ઝ કરવામાં આવી, ના ! તો આપે ફર્માવ્યું, ઉમરમાં અને આમ લોકોમાં કોઈ તફાવત નથી ! હું એ જ ખાઈશ જે આમ લોકો ખાય છે. આમ કહીને આપે તે ખાવાને પાછુ મોકલી આપ્યું. એ જ રીતે એક વેળા એક પ્રસંગે અમુક લોકો આપની તાઝીમ માટે ઉભા થઈ ગયા, તો આપે ફર્માવ્યું, શું તમો લોકો મને કૈસર અને કિસરા બનાવવા ઈચ્છો છો ?! (આ તેમની આજીજી હતી, નહીં તો બુઝુર્ગોનું સરદારનું માન સન્માન કરવું જોઈએ)

અમીરૂલ મોમિનીન હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ જાતે તો એકદમ સાદી અને સાવધાનીની સાથે જિંદગી ગુજારતા હતા અને હાકિમોની પસંદગી તથા નિગરાનીમાં પણ અસામાન્ય સાવધાની અને સખ્તીથી કામ લેતા હતા. અને મોટા મોટા હાકિમોને નક્કી કર્યા પછી તેમનાથી વાયદો લેતા હતા કે તેઓ તુર્કી ઘોડા પર સવારી નહીં કરે, બારીક કપડાં નહીં પહેરે, ચાળેલો આટો નહીં ખાય, દરવાજા ઉપર ચોકીદાર નહીં રાખે, બલ્કે જરૂરતમંદો માટે પોતાનો દરવાજો હમેશાં ખુલ્લો રાખશે. આપ હમેશાં ફર્માવતા

રહેતા હતા કે હું ડરું છું કે જો કોઈ ગર્વનરની પસંદગીમાં મારાથી ભૂલ થઈ ગઈ અને તે ગવર્નરે કોઈ અલ્લાહના બંદા પર જુલ્મ કર્યો તો જેવી રીતે ક઼યામતના દિવસે એ ગવર્નરની પૂછપરછ થશે તેવી જ રીતે મને પણ પકડવામાં આવશે.

આપ હઝરત ઉમર ફ઼ારૂક઼ે આ'ઝમ (رضی اللہ عنہ) પોતાના ખુત્બાઓ અને પત્રોમાં હમેશાં પોતાના ગવર્નરોને એ ફર્ઝોથી બાખબર કરાવતા. એક ખુત્બામાં ગવર્નરોને ભાષણ આપતાં ફર્માવ્યું, **ખબરદાર ! મેં તમને અમીર અને સત્તાધારી બનાવીને નથી મોકલ્યા બલ્કે ઈમામ બનાવીને મોકલ્યા છે કે લોકો તમારાથી હિદાયત પ્રાપ્ત કરે. તમે લોકો મુસલમાનોના હક્ક઼ો અદા કરો અને તેમની મારપીટ ન કરો જેથી ગલતીમાં પડો અને ન તેમના માટે પોતાના દરવાજા બંધ રાખો જેથી બળવાન કમજોરને સતાવે, અને ન તેમના ઉપર કોઈ વાતમાં પોતાને અગ્રતા આપો કે જેનાથી તે તેમના ઉપર જુલ્મ કરે.**

અહિંયા હઝરત ફ઼ારૂક઼ે આ'ઝમના પત્રોમાંથી એક પત્રના અમુક વાક્યોનું વર્ણન કરવું ઘણું અનિવાર્ય ગણાશે જે તેમણે હઝરત અબૂ ઉબૈદા બિન જર્રાહને લખ્યો હતો. સ્પષ્ટ થાય કે હઝરત અબૂ ઉબૈદાને આપે હઝરત ખાલિદ બિન વલીદના સ્થાને દમિશ્કની લડાઈમાં કમાન્ડર બનાવ્યા હતા :

**''તમારે દુનિયાની શાનો શૌકતથી પોતાની આંખો બંધ કરી દેવી જોઈએ અને પોતાના દિલને તેની લાલચથી પ્રભાવિત ન થવા દેવું જોઈએ. દુનિયાની લાલચ અને લોભથી પોતાની જાતને બચાવવી જોઈએ, એટલા માટે કે દુનિયાની મહોબ્બતે જેવી રીતે આગલી ક઼ૌમને તબાહ તથા બરબાદ કરી દીધી છે એવી જ રીતે એ તને પણ**



**નષ્ટ કરી શકે છે.''**

એવી જ રીતે હઝરત અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہના નામે લખ્યું :

''સ્પષ્ટ થાય કે **અલ્લાહની નજરમાં સૌથી વધુ સફળ અને નસીબદાર હાકિમ એ છે જેની ખિદમતથી જનતાને સુખ અને આરામ મળે.** અને ખુદાની બારગાહમાં એ હાકિમ સૌથી વધુ બદબખ્ત છે જેના બુરા કરતૂતોથી જનતા તબાહ અને બરબાદ થાય.'' *(રસાઈલે ઉમર, પેજ–૧૪૦)*

એવી જ રીતે સઅદ ઈબ્ને અબી વક્ક઼ાસ رضی اللہ عنہને લખ્યું : ''હે સઅદ ! જ્યારે અલ્લાહ કોઈ માણસને ચાહે છે તો તેને લોકોનો લાડલો બનાવી દે છે. **જ્યારે તમે એવું માલૂમ કરવા ચાહો કે અલ્લાહ તમને કેટલો ચાહે છે, તો જુઓ કે જનતા તમને કેટલી ચાહે છે ?** યાદ રાખજો ! તમે અલ્લાહની જેટલી ફર્માબરદારી કરશો એટલો જ અલ્લાહ તમને ચાહે છે. *(હવાલો ઉપર મુજબ, પેજ–૯૬)*

સાદગીથી સંતોષપૂર્વક અને સાવધાનીની સાથે પોતાના પદ સંબંધી ફર્ઝોને પૂરા કરવા માટે ગવર્નરો અને અફસરોને ન કેવળ હિદાયત કરવામાં આવતી બલ્કે પદ સોંપતાં પહેલાં તેમનો માલ સામાન તૈયાર કરી રાખી લેવામાં આવતો હતો અને જ્યારે કોઈ ગવર્નર વિશે તેની દૌલત અને જિંદગી ગુજારવામાં સામાન્ય વધારાની ખબર મળતી તો તેની સખ્તીની સાથે તપાસ કરવામાં આવતી અને તેને ફરી હિદાયત કરવામાં આવતી. ઉદાહરણના તૌર પર ફ઼ાતેહે ઈરાન હઝરત સઅદ ઈબ્ને અબી વક્ક઼ાસે ભૂલથી ઈરાનના ગવર્નરોની જેમ પોતાના માટે શાનદાર મહેલ તૈયાર કરાવ્યો હતો. હઝરત ઉમર ફ઼ારૂક઼ (رضی اللہ عنہ)ને જ્યારે તેના વિશે બતાવવામાં આવ્યું તો આપ ઘણા નારાજ થયા, ત્યાં સુધી કે પોતાના માણસોને મોકલીને તે મહેલમાં આગ લગાવી દીધી ! અને હઝરત

સઅદ ઈબ્ને અબી વક્કાસને હિદાયત કરી કે **તે એકદમ મામૂલી જિંદગી અપનાવે અને ચામડાના તંબૂમાં રહે જેથી દરેક પ્રકારના લોકો તેમના સુધી વિના સંકોચે પહોંચી શકે અને પોતાની જરૂરીયાતો તેમનાથી બયાન કરી શકે.**

આજ ઘટના ''રસાઈલે ઉમર''માં આ રીતે છે : આપે હઝરત સઅદ ઈબ્ને અબી વક્કાસને લખ્યું કે મને ખબર મળી છે કે તમે એક મહેલ બનાવ્યો છે જેમાં જનતાથી અલગ થલગ રહી રહેવા લાગ્યા છો, અને તેનું નામ સઅદ (સઅદનો મહલ) છે ! અને તમોએ પોતાની અને પ્રજાની વચ્ચે એક ફાટક પણ લગાવી દીધી છે ?! હું સમજું છું **આ તમારો મહેલ નથી બલ્કે આ તમારા દિમાગની કમજોરીનો મહેલ છે.** આ મહેલના કેવળ એક ભાગમાં રહેવાસ રાખો અને તે હિસ્સો બૈતુલમાલથી મળેલો હોય અને વધારાના રૂમો બંધ કરી દો. મહેલમાં કોઈ ફાટક ન લગાડો જેથી જનતાને અંદર આવી પોતાની જરૂરતો તમારી સમક્ષ રજૂ કરવામાં રુકાવટ ન થાય. *(રસાઈલે ઉમર, પેજ–૭૨)*

આ ઘટનાની એ વાત સ્પષ્ટ થઈ જાય છે કે હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہના દૌરમાં ગવર્નરો વર્તમાન કાળના ગવર્નરોની જેમ આઝાદ ન હતા કે સત્તા હાથમાં આવતાં પબ્લિક સાથે જેવો વ્યવહાર કરવા ચાહે કરે બલ્કે તેઓની સખ્ત નિગરાની કરવામાં આવતી હતી અને ગલતીઓ પર સખ્ત પૂછપરછ કરવામાં આવતી હતી. સાથે સાથે એ પ્રકારની અમુક ઘટનાઓ પણ આપણે જોઈએ.

હઝરત અયાઝ બિન ગનમ رضی اللہ عنہ જે મિસ્રના ગવર્નર હતા તેમણે પોતાના દરવાજા પર ચોકીદાર રાખ્યો હતો અને બારીક કપડાંઓનો ઉપયોગ કરવા લાગ્યા હતા. હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہને જયારે તેની ખબર મળી તો આપે તેમને બોલાવી તેમનાં બારીક કપડાં ઉતારી લેવાડયાં અને ઉનનાં જાડાં કપડાં પહેરાવી



જંગલમાં બકરીઓ ચરાવવા માટે મોકલી દીધા. ઈસ્લામી લશ્કરના સેનાપતિ હઝરત ખાલિદ બિન વલીદ رضی اللہ عنہની ઝાતથી દરેક વ્યક્તિ વાકેફ છે. આપે ઈસ્લામી ખિલાફત માટે કેટલાય દેશો ફતહ કરી ઈસ્લામી ખિલાફતની બુનિયાદોને મજબૂત કરી હતી. આપનાં આવાં અઝીમુશ્શાન કાર્યોના લીધે આપને સૈફુલ્લાહનો લકબ મળ્યો હતો. પરંતુ હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہએ તેમને માત્ર એટલા માટે કમાન્ડરના ઉચ્ચ હોદ્દા પરથી બરતરફ કરી દીધા હતા કે તેમણે એક શાયર (કવિ)ને ઈનામ રૂપે થોડી રકમ આપી દીધી હતી ! હઝરત ઉમર ફારૂકે આ'ઝમે નવા કમાન્ડરને લખ્યું કે **જો ખાલિદે આ ઈનામ પોતાના ખિસ્સામાંથી આપ્યું છે તો ફુઝૂલખર્ચી કરી અને બયતુલ માલમાંથી આપ્યું છે તો ખયાનત કરી, બંનેવ પ્રકારમાં તે બરતરફ કરવાના લાયક છે.** અઝીમુશ્શાન સહાબીએ રસૂલ હઝરત અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہથી કોણ અજાણ છે ? આપ બસરાના ગવર્નર હતા. એક લોંડી આપની ઘણી મહબૂબ હતી એટલા માટે એના માટે સવાર સાંજ એવું ઉત્તમ ખાવા મોકલતા હતા જેવું સામાન્ય લોકોને નસીબ ન થતું હતું. હઝરત ફારૂકે આ'ઝમની બારગાહમાં જયારે આ શિકાયત પહોંચી તો તે લોંડી તરત જ તેમનાથી અલગ કરી દેવામાં આવી.

અમીરૂલ મોમેનીન હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ જયાં એક બાજુ ગવર્નરોને સાદગી અને ઉદારતાની હિદાયત આપતા હતા ત્યાં જ બીજી બાજુ તેમને અધિકારો અને સત્તાઓ પણ આપતા હતા. આ વાતને નીચેની ઐતિહાસિક ઘટનાઓથી સારી રીતે સમજી શકાય છે.

આપની ખિલાફતના આરંભમાં ઈસ્લામી લશ્કરે દમિશ્કનો ઘેરાવ કરી લીધો હતો એ સમયે દમિશ્ક ઉપર યુનાનીઓનો કબ્જો

હતો. એક લાંબી નાકાબંધી પછી તેમના કમાન્ડર ''તોમા''એ ઈસ્લામી લશ્કરના ચીફ કમાન્ડર હઝરત અબૂ ઉબૈદા બિન જર્રાહ رضی اللہ عنہની સાથે એ શર્ત ઉપર સુલહ કરી લીધી હતી કે મુસલમાન તેઓને શહેરથી ચાલ્યા જવાની ઈજાઝત આપી દેશે. એ વાત ઉપર પણ કરાર થયો હતો કે યુનાની સાથે જે લઈ જવા ચાહે લઈ જશે અને તેમને નીકળવાના ત્રણ દિવસ સુધી તેમનો કોઈ મુસલમાન પીછો કરશે નહીં. પરંતુ હઝરત ખાલિદ બિન વલીદ તે કરારના વિરુધ્ધ હતા. હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہને તેમના વિરોધની ખબર મળી તો આપે હઝરત અબૂ ઉબૈદા رضی اللہ عنہને લખ્યું કે જંગ અને સલામતીના મામલામાં તમારી અને ખાલિદ વચ્ચે જે મતભેદ છે તેમાં ચીફ કમાન્ડર હોવાના લીધે તમારો ફૈંસલો ચાલશે અને તમે દમિશ્કવાસીઓ સાથે જે કરાર કર્યો છે તે હર હાલમાં લાગુ થવો જોઈએ.

## ★ પ્રજા સાથે હઝરત ઉમર رضی اللہ عنہનો વ્યવહાર ★

હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہની ઉદારતાની આ પધ્ધતિ પણ દિલચસ્પ અને વર્ણનને લાયક છે કે એક બાજુ પોતાના ગવર્નરો પર કડક નજર રાખતા હતા અને ભૂલો પર સખ્ત પકડ કરતા હતા, તો બીજી તરફ પોતાના વિશે એટલી છૂટ આપી હતી કે ભરી મેહફિલમાં એક વૃધ્ધ સ્ત્રી પણ ટોકી દેતી હતી. અને આપ બધા વાંધાઓના ઘણી નમ્રતાથી જવાબો આપતા હતા અને વાંધા ઉઠાવનારને રાજી કરી દેતા હતા. જો કોઈ વ્યક્તિ વાંધો ઉઠાવનારને રોકવાની કોશિશ કરતો તો આપ તરત તેને રોકી દેતા હતા અને ફર્માવતા હતા કે જો આ લોકો મારા પર વાંધા નહીં ઉઠાવે તો મને ડર છે કે હું ક્યાંક ગુમરાહ ન થઈ જાઉં !

એક વેળા એક વ્યક્તિએ ભરી મેહફિલમાં વાંધો ઉઠાવ્યો તો કોઈ વ્યક્તિએ તેને ટોક્યો અને કહ્યું કે આ અમીરૂલ મોમિનીન



છે ! તેમની કોઈપણ વાત ઉપર આલોચના કરવી અશિસ્તતા છે. તેના પર હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہએ તુરંત જ ઈર્શાદ ફર્માવ્યો, એ જે કાંઈ કહે છે કહેવા દો ! દરેક વ્યક્તિને આલોચના કરવાનો પૂરો હક્ક઼ પ્રાપ્ત છે. જો તમો બધા અમારી ઉપર આલોચના નહીં કરો તો અમે રસ્તાથી ભટકી જઈશું. અને પછી ઘણી નરમીથી તે વાંધો ઉઠાવનાર વ્યક્તિની આલોચનાનો જવાબ આપી તેને સંતુષ્ઠ કરી દીધો.

એક વેળા એક વ્યક્તિએ કેટલી વાર આપને સંબોધીને કહ્યું, ''હે ઉમર ! અલ્લાહથી ડરો !'' ત્યાં ઉપસ્થિત લોકોમાંથી એક વ્યક્તિએ તેને રોકવા વિચાર્યું પરંતુ હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہએ ફર્માવ્યું, તેને કહેવા દો !

અમીરૂલ મોમેનીન ગૈર મુસ્લિમો સાથે પણ બરાબરી અને ઉદારતાનો ખાસ ખયાલ ફર્માવતા હતા. આપે તેમની જાન માલને મુસલમાનોની જાન માલની જેમ બરાબર ઠરાવી દીધા. જો કોઈ મુસલમાન કોઈ ઝિમ્મી (સુરક્ષા માટેનો ટેક્સ આપનાર) ગૈર મુસ્લિમને ક઼ત્લ કરી દેતો હતો તો હઝરત ઉમર ફારૂકે આ'ઝમ તુરંત તેના કિસાસ (બદલો લેવો) રૂપે તે મુસલમાનને ક઼ત્લ કરાવી દેતા હતા. ''અદ્દિરાયહ ફી તખરીજે અહાદીષિલ હિદાયહ'' પેજ–૨૬૦ ઉપર છે :–

## ★ ગૈર મુસ્લિમો સાથે હઝરત ઉમર رضی اللہ عنہનો ન્યાય ★

હઝરત ઈમામ શાફઈ رضی اللہ عنہએ રિવાયત કરી છે, કબીલા બક્ર બિન વાઈલના એક વ્યક્તિએ હિરાના એક ઈસાઈને ક઼ત્લ કરી દીધો. હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہએ સંદેશો મોકલ્યો કે ક઼ાતિલ (ક઼ત્લ કરનાર)ને મક઼તૂલ (ક઼ત્લ પામનાર)ના વારસોને સોંપી દેવામાં આવે. જેથી તે વ્યક્તિ મક઼તૂલના વારસોને જેનું

નામ હનીન હતું તેમને સોંપી દેવામાં આવ્યો અને તેમણે તેને કિસાસ (ખૂનના બદલા) રૂપે ક઼ત્લ કરી દીધો.

ગૈર મુસ્લિમોના માલ અને જાયદાદની હિફાઝત એ રીતે કરવામાં આવી કે જેટલી જમીનો તેમના કબજામાં ફતહ (વિજય) પહેલાં હતી તે જમીનો વિજય પછી પણ તેમના કબજામાં રાખવામાં આવી, ત્યાં સુધી કે મુસલમાનો માટે તે જમીનોને ખરીદવાનું જાઈઝ ઠરાવવામાં આવ્યું.

ધાર્મિક બાબતો અને કાર્યોમાં પણ ગૈર મુસ્લિમ લઘુમતીઓને પૂરી આઝાદી પ્રાપ્ત હતી જેથી તેઓ દરેક જાતની ધાર્મિક રસ્મો (રીત રિવાજ) અદા કરતા હતા. ક્રોસ કાઢતા હતા, નાકૂસ (શંખ) વગાડતા હતા, દરેક પ્રકારના મેળાઓનું આયોજન કરતા હતા. તેમના ધાર્મિક ગુરુઓને જે અધિકારો પ્રાપ્ત હતા એ સંપૂર્ણ રીતે ક઼ાયમ રાખવામાં આવ્યા. હઝરત ઉમર ફારૂક઼ે આ'ઝમ رضی اللہ عنہ અમીરૂલ મોમિનીન અને ઈસ્લામી ખિલાફતના ગવર્નર હોવાના લીધે ઈસ્લામને ફેલાવવાની પૂરતી કોશિશ કરતા હતા. પરંતુ જુલ્મ તથા જબરદસ્તીથી નહીં બલ્કે વઅઝ તથા નસીહત વડે આપ અધિક એ ખ્યાલ કરતા હતા કે ''ધર્મને સ્વીકારવામાં કોઈ વ્યક્તિને મજબૂર નથી કરી શક્તા.'' તબક઼ાતે ઈબ્ને સઅદ, ભાગ–૫, પેજ–૪૯ ઉપર છે : અસ્તીક આપનો એક ઈસાઈ ગુલામ હતો. આપ હમેશાં તેને ઈસ્લામ સ્વીકારવા પ્રેરણા આપતા હતા, પરંતુ તેણે જયારે ઈન્કાર કરી દીધો તો આપે ફર્માવ્યું : **''ધર્મમાં કોઈ જબરદસ્તી નથી.''**

ગૈર મુસ્લિમ લઘુમતીઓ સાથે હઝરત ઉમર ફારૂક઼ે આ'ઝમ رضی اللہ عنہની હમદર્દી અને ઉદારતાનું આનાથી વધુ શું ઉદાહરણ હોઈ શકે છે કે તેઓથી જિઝયો તથા જમીન મહેસૂલના સિવાય કોઈ પ્રકારનો ટેક્સ તેમનાથી ન લેવામાં આવતો હતો, જયારે કે એથી ઉલ્ટુ મુસલમાનો પાસેથી ઉશ્ર (ખેતિની ઝકાત) તો લેવામાં આવતીં



જ હતી તથા સોના, ચાદી, રકમ વગેરેની ઝકાત પણ લેવામાં આવતી હતી, જેની સંખ્યા જિઝયો તથા મહેસૂલ બંનેવથી વધુ થતી હતી. બૈતુલમાલમાંથી વોલિન્ટરોને ઘર બેઠાં જે પગારો આપવામાં આવતા હતા તેમાં પણ ગૈર મુસ્લિમો બરાબરના શરીક (ભાગીદાર) હતા. સૌથી મોટી વાત તો એ કે જેવી રીતે એ મુસલમાનો માટે જ લુલા, લગડાં કમજોર હોય, મેહનત મજૂરી વડે રોજી પ્રાપ્ત ન કરી શક્તા હોય, બૈતુલમાલમાંથી તેમનો વઝીફો નક્કી થઈ જતો હતો, બરાબર એવી જ રીતે બલ્કે એનાથી પણ વધુ છૂટછાટ એ પ્રકારના ગૈર મુસ્લિમો સાથે કરવામાં આવતી હતી. એ પ્રકારનું એક દિલચસ્પ ઉદાહરણ એ છે કે, એક વેળા પોતાના ખિલાફતના યુગમાં જોયું કે એક વૃધ્ધ યહૂદી માંગતો ફરે છે. આપે તેને બોલાવી પૂછયું કે તું માંગતો કેમ ફરે છે જયારે કે કાયદેસર તેની મનાઈ છે ? તેણે કહ્યું કે મારી ઉમર નેવુ વરસની છે અને મારી ઔલાદ, બીબી, બાળકો બધાં મરી ગયાં છે. મદદ કરનાર કોઈ નથી અને હું જાતે કોઈ કામના લાયક નથી તો સવાલ ન કરું તો પેટ કઈ રીતે ભરું ? આપે તે સમયે આદેશ આપ્યો કે બૈતુલમાલમાંથી એનો વઝીફો નક્કી કરી દેવામાં આવે. લોકોએ કહ્યું કે હુઝૂર ! એ તો યહૂદી છે ! આપે ફર્માવ્યું, યહૂદી છે તો શું થયું ! અમારી પ્રજામાંથી તો છે ! ઈસ્લામી ખઝીનામાંથી દરેક વ્યક્તિને મદદ કરવામાં આવશે ચાહે મુસ્લિમ હોય કે પછી ગૈર મુસ્લિમ, અમે તેની પાસેથી જિઝયો (વાર્ષિક ટેક્સ) વસૂલ કર્યો તો હવે વૃધ્ધ વયે તેની મદદ કેમ ન કરવામાં આવે ?! ગૈર મુસ્લિમો સાથે આપની હમદર્દીની હદ તો એ છે કે અંતિમ સમયે પણ આપ તેમને ન ભૂલ્યા, જેથી આપે આ વસિયત ફર્માવી : ''હું મારા જાનશીનને ખુદા અને રસૂલના ઝિમ્માની વસિયત કરું છું કે ઝિમ્મીઓ (ગૈર મુસ્લિમો)ના ક઼રારોને પૂરા કરે, તેમના ઉપર જો કોઈ હુમલો કરે તો તેમની તરફદારી અને બચાવમાં લડે અને

તેમને કોઈ પ્રકારની તકલીફ ન આપે. –*(પયામે હરમ, ફેબ્રુઆરી–૨૦૧૦, જમદાશાહી)*

આ હતી હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہની ગૈર મુસ્લિમો સાથે તથા ઝિમ્મી કાફિરો સાથેની વર્તણૂંક જેને વર્તમાનકાળના ઈસ્લામ વિરુદ્ધ ઝહેર ઓકતા સત્તાધારીઓ તથા કૌમી વૈમનસ્ય ફેલાવતા લીડરો વાંચે અને પોતાની ઈસ્લામ પ્રત્યેની ગલતફહમીઓને દૂર કરે. બેશક ! જો હઝરત ઉમર رضی اللہ عنہ જેવા સત્તાધારીઓ હોય તો જગતભરમાં અમનો શાંતિનું સામ્રાજ્ય છવાય જાય.

### ★ આપની શહાદત ★

બુખારી શરીફમાં છે કે હઝરત ઉમર رضی اللہ عنہએ બારગાહે ઈલાહીમાં દુઆ કરી :–

**اَللّٰهُمَّ ارْزُقْنِیْ شَهَادَةً فِیْ سَبِیْلِكَ وَاجْعَلْ مَوْتِیْ فِیْ بَلَدِرَسُوْلِكَ**

**અલ્લાહુમ્મર્ઝુક્‌ની શહાદતન્ ફી સબીલિક્ વજઅલ્મૌતિ ફી બદરિરસૂલિક્.**

"યા ઈલાહલ આલમીન ! મને તારા માર્ગમાં શહાદત અતા ફર્માવ અને તારા રસૂલના શહેરમાં મને મૌત નસીબ ફર્માવ." *(તારીખુલ ખુલફા–૯૦)*

હઝરત ઉમર رضی اللہ عنہની દુઆ એ રીતે કૃબૂલ થઈ કે હઝરત મુગીરહ બિન શઅબા رضی اللہ عنہના મજૂસી (અગ્નિપૂજક) ગુલામ અબૂ લૂ લૂ એ આપને શિકાયત કરી કે તેના આકા (માલિક) મુગીરહ દરરોજ તેની પાસેથી ચાર દિરહમ વસૂલ કરે છે, તો આપ તેમાં કમી કરાવી આપો. આપે ફર્માવ્યું કે તું લુહારનું કામ ખૂબ સારી પેઠે જાણે છે અને નક્કાશી પણ ખૂબ જ ઉમદા કરે છે જેથી ચાર દિરહમ રોજના તારા પર ભારરૂપ નથી. આ જવાબ



સાંભળીને તે ગુસ્સાથી સળગી ઉઠયો અને પાછો ચાલ્યો ગયો. અમુક દિવસો પછી હઝરત ઉમર رضی اللہ عنہએ તેને પાછો બોલાવ્યો અને કહ્યું કે તું કહેતો હતો કે જો આપ કહો તો હું એવી ચક્કી તૈયાર કરી આપું જે હવાથી ચાલે ! તો તેણે તેવર બદલીને કહ્યું, હા ! હું તમારા માટે એવી ચક્કી તૈયાર કરીશ જેની લોકો કાયમ માટે ચર્ચા કર્યા કરશે. જ્યારે તે ચાલ્યો ગયો તો આપે ફર્માવ્યું કે આ છોકરો મને કત્લની ધમકી આપીને ગયો છે, પણ આપે તેની વિરુદ્ધ કોઈ કાર્યવાહી ન કરી. અબૂ લૂ લૂ ગુલામે આપને કત્લ કરવાનો પાકો ઈરાદો કરી લીધો. એક ખંજર પર ધાર લગાડી અને તેને ઝહેરમાં બુઝાવીને પાસે રાખી લીધું. હઝરત ઉમર رضی اللہ عنہ ફજરની નમાઝના માટે મસ્જિદે નબવીમાં તશરીફ લઈ ગયા, અને એમનો તરીકો હતો કે તે તકબીરે તેહરીમાથી પહેલાં ફર્માવ્યા કરતા હતા કે સફો સીધી કરી લો. આ સાંભળીને અબૂ લૂ લૂ આપની તદ્દન નજીક સફમાં આવીને ઉભો થઈ ગયો અને પછી આપના ખભા તથા પાસમાં ખંજર વડે બે વાર કર્યા જેનાથી આપ ગબડી પડયા. ત્યારબાદ તેણે અન્ય નમાઝીઓ પર હુમ્લો કરીને તેર માણસોને ઘાયલ કર્યા જેમાંથી બાદમાં છ વ્યક્તિઓ મૃત્યુ મૃત્યુ પામી. એ વખતે જ્યારે કે તે લોકોને ઝખ્મી કરી રહ્યો હતો એક ઈરાકીએ તેના પર કપડુ નાખી દીધું અને જ્યારે તે એ કપડામાં સપડાઈ ગયો તો તેણે તે જ વખતે આત્મહત્યા કરી લીધી.

એ સમયે સૂરજ નીકળવાની જ તૈયારી હતી જેથી હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ رضی اللہ عنہએ બે ટૂંકી સૂરતોની સાથે નમાઝ પઢાવી. અને હઝરત ઉમર رضی اللہ عنہને આપના મકાન પર લાવ્યા. પ્રથમ આપને નબીઝ પીવડાવવામાં આવી જે ઝખ્મોના રસ્તે થઈને બહાર નીકળી ગઈ, પછી દૂધ પીવડાવ્યું તે પણ ઝખ્મોના છિદ્રોએ થઈને બહાર નીકળી ગયું. કોઈ શખ્સે કહ્યું કે, આપ આપના પુત્ર અબ્દુલ્લાહને તમારા બાદ ખલીફા નિયુક્ત કરી દો.

આપે તે શખ્સને જવાબ આપ્યો કે અલ્લાહ તઆલા તમને ગારત (બર્બાદ) કરે ! તમે મને આવો ગલત મશ્વરો આપી રહ્યા છો ?! જેને પોતાની પત્નીને સહીહ તરીકાથી તલાક આપવાનો સલીકો પણ ન હોય તેવા શખ્સને ખલીફા નિયુક્ત કરી દઉં ?! પછી આપે હઝરત ઉષ્માન, હઝરત અલી, હઝરત તલ્હા, હઝરત ઝુબૈર, હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ તથા હઝરત સઅદ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْنَની ખલીફાની પસંદગી માટે એક કમિટી નિમી આપી અને ફર્માવ્યું કે એમનામાંથી કોઈને ખલીફા નિયુક્ત કરી આપો.

ત્યાર બાદ આપે પોતાના સાહબઝાદા હઝરત અબ્દુલ્લાહ رضی اللہ عنہને પૂછયું કે બતાવો ! મારા પર કેટલુ કરજ છે ? તેમણે હિસાબ કરીને બતાવ્યું કે લગભગ છયાસી હજાર કરજ છે. આપે ફર્માવ્યું કે આ રકમ આપણા માલથી અદા કરી આપશો અને જો તેનાથી પૂરું ન થાય તો બનૂ અદીથી માંગજો અને જો તેમનાથી પણ પૂરુ ન થાય તો કુરૈશથી લેજો. પછી આપે ફર્માવ્યું, જાવ ! હઝરત આઈશા (رضی اللہ عنہا)ને કહો કે ઉમર પોતાના બંનેવ દોસ્તો સાથે દફન થવાની ઈજાઝત ચાહે છે. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہاની પાસે ગયા અને પોતાના પિતાની ખ્વાહિશ જાહેર કરી. તેમણે ફર્માવ્યું કે એ જગા તો મેં મારા માટે મેહફૂઝ રાખી હતી પણ આજે હું મારી જાત પર હઝરત ઉમર (رضی اللہ عنہ)ને અગ્રતા આપુ છું. જ્યારે આપને ખબર મળી તો આપે ખુદાનો શુક્ર અદા કર્યો.

૨૬–ઝીલ હજ્જ હિ.સ. ૫૨૩ બુધવારે આપ ઝખ્મી થયા અને ત્રણ દિવસ બાદ દસ વરસ છ મહિના ચાર દિવસ ખિલાફતના કાર્યો અંજામ આપીને ૬૩ વરસની વયે વફાત પામ્યા.

**વો ઉમર જિસકે અઅ્દા પર શયદા સક્ર**
**ઉસ ખુદા દોસ્ત હઝરતપે લાખોં સલામ**



**તર્જુમાને નબી હમ ઝબાને નબી**
**જાને શાને અદાલતપે લાખોં સલામ**

હઝરત ઉરવહ બિન ઝુબૈર رضی اللہ عنہથી રિવાયત છે કે ખલીફા વલીદ બિન અબ્દુલ મલિકના જમાનામાં જ્યારે રોઝએ મુનવ્વરાની દિવાલ ગબડી પડી તો લોકોએ તેનું બાંધકામ (હિ.સ. ૫૭૮માં) શરૂ કર્યું તો (પાયો ખોદતી વખતે) એક કદમ (ગુઠણો સુધી) જાહેર થઈ ગયો, તો સર્વ લોકો ગભરાઈ ગયા અને લોકોને ખયાલ થયો કે કદાચ એ રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمનો કદમ મુબારક છે અને ત્યાં કોઈ જાણનારો પણ ન મળ્યો. તો હઝરત ઉરવહ બિન ઝુબૈર رضی اللہ عنہએ કહ્યું, ખુદાની કસમ ! આ હુઝૂર صلی اللہ علیہ وسلمનો કદમ શરીફ નથી બલ્કે એ હઝરત ઉમર رضی اللہ عنہનો કદમ મુબારક છે. *(બુખારી શરીફ, ૧/૧૮૬)*

ખુલાસો એ કે લગભગ ૬૪ વરસો બાદ પણ હઝરત ઉમર رضی اللہ عنہનું શરીર મુબારક યથાવત રહ્યું, એનામાં કોઈ પ્રકારનો ફેરફાર ન થયો ન કદી થશે. એક શાયરે શું સરસ કહ્યું છે :–

**ઝિંદા હો જાતે હૈં જો મરતે હૈં ઉસ્કે નામ પર**
**અલ્લાહ ! અલ્લાહ ! મૌત કો કિસને મસીહા કર દિયા**

**اِنَّا لِلّٰہِ وَ اِنَّا اِلَیْہِ رَاجِعُوْنَ**

વિચારો ! મરણ પથારીએ છે છતાં મુસલમાનોના ખલીફાની નિયુક્તિ બાબતે કોઈ અંગત સ્વાર્થ નથી, જ્યારે આજે તો દરેક ઠેકાણે રાજકરણ શું કે ખાનકાહો શું ! લાયક હોય કે ન હોય, ઈલ્મ હોય કે ન હોય પણ પોતાના સ્થાને **જાનશીન તથા સજ્જાદાનીશન પોતાના પુત્રને જ બનાવવામાં આવે છે.** વર્તમાન જગતને હઝરત ઉમર رضی اللہ عنہનું આ વલણ ઘણુ બધું કહી જાય છે. **وما علینا الا البلاغ المبین**